સુંદર કામદારની

વાર્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર-મંગળદાસ જોઇતારામ.

ઠે૦ રીચીરોડ-અમદાવાદ.

આવૃત્તિ ૨૭. પ્રત ૨૦૦૦

સને ૧૯૨૨ સંવત ૧૯૭૮

શ્રી જૈનવિદ્યા વિજય પ્રેસમાં શા. [illegible]પટલાલ અમથાભાઇએ છાપી. રીચીરોડ અમદાવાદ. ૧૧૬.

કીમત રૂ. ૦-૧૨-૦

સુંદર કામદારની

વાર્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર-મંગળદાસ જેઇતારામ.

ઠે૦ રીચીરોડ-અમદાવાદ.

આવૃત્તિ ૨૭. પ્રત ૨૦૦૦.

શ્રી જૈનવિદ્યાવિજય પ્રેસમાં શા. પોપટલાલ અમથાભાઇએ છાપી. રીચીરોડ અમદાવાદ. ૧૧૬.

કીમત રૂ. ૦-૧૨-૦

...તી કૉપીરાઈટ-સંગ્રહ

સુંદર કામદારની વાર્તા.

॥ શ્રી ગણેશાય નમઃ શ્રી સારદાએ નમઃ॥

પુરવછાયા—પ્રથમ શારદા વરણવું, ગણુપત લાગુ પાય; અવીચળ વાણી આપજો, મયા કરો તમે માય. આખ્યાન કહું સુંદર તણું, જે સતવાદી કહેવાય; સાંભળતાં સુખ ઉપજે, મારી આશા પુરી થાય. વઇતાળ કહે તમે સાંભળો, સદગુણી રાજા વીર; સુણીને ઉત્તર દિજીએ, આખ્યાન કહું છું ધીર. નગર એક કનકાવતી, ત્યાં કામસેન રાજન; રાજ અતી રળીઆમણું, જોઇને હરખે મન. ચોપાઈ-તેની નગરી જે ઉત્તર દીશે, તેમાં વરણ અઢારે વસે; રાજ કુળ વસે છત્રીશ, બ્રાહ્મણ વસે શહસ્ર અઢાર; ક્ષત્રી વસે ત્યાં શહસ્ર ચાર; આઠ શહસ્ર વસે સોની કંસાર, રંગારા ત્યાં શહસ્રજ ચાર. પાંચ શહસ્ર ઘર સાળવી તણાં, છીપા વાશો વશે ત્યાં ઘણા; ભાટ ચીતારા રહે ત્યાં સાર, વણઝારા વળી રહે લુહાર. તે નગરી વરણવી નવ જાય, ત્યાં કામસેન છે રાજાય; પુત્ર રાજાને છે ચાર, મહા બુધિવંત નહાનો કુમાર. પુરવછાયા-કનકસેન રાજા સહી, તેને ચાર છે તન; પદમાવતી નારી સહિ, વઇલોચન પ્રધાન ૧ ચોપાઈ—સબળસેન મોટાનું નામ, માનસેન બીજાનું નામ, ધરમસેન ત્રીજો કહેવા-

ચ, સુંદરસેન તે ચોથો રાય. પુરવછાયા—એક દીવસ તેણે સમે, સભા ભરી રાજન; માન દેઈ બોલાવીયા, ચારે જે નીજ તન.-ચોપાઈ—મોટા પુત્રને પુછે રાજન, કોને નશીબે જમે તું અન; જુઠું બોલે તુને મારી આણ, સાચુ કહુંછું તને પ્રમાણ.

પુરવછાયા—કુંવર વીચારી બોલીઓ, ધીરજ રાખી મન; તમ નશીબે જમીએ, અમે પીતાજી ઝાઝું અન. ૧ અમે છોરૂ તમ તણા, જુઠું નહી લગાર; સત્ય વચન તમને કહું, સાચું માનો રાય. ૨ ચોપાઈ—તેડયો બીજો પોતાનો તન, એને એક કહ્યું વચન; સાચી વાત કહો આ દન, કોને નશીબે જમે તું અન. તમે જુઠું માં કહેશો લગાર, સાચી વાત કરો નીરધાર; જેવું હોય તેવું કહો નીરવાણ, નહિતો તુજને માહારી આણ. ૨ પુરવછાયા—બીજો પુત્ર બોલ્યો સહી, સુણો પીતાજી વચન, તમ નશીબે જમીએ સહી, પીતાજી ઝાઝું અન મેડી મોહોલ ને માળીઆં, ગજ રથ ને ભંડાર; તમ નશીબે ભોગવું, સાચુ કહું નીરધાર. ૧ ચોપાઈ—તેડયો પુત્ર ત્રીજો તેણીવાર, રાજા બોલ્યો સુખ વીચાર; સાચુ કુંવર વદોરે વચન, કોને નશીબે જમે તું અંન તેતો પુત્ર વદે તેણીવાર, સાંભળો પીતાજી કહું વીચાર; તમ થકી નીપની આ કાય, તે માટે ખોટું ન બોલાય. આખુ છેજી તમારૂ ગાત્ર, તેમાં અંન તે કોણુજ માત્ર; એમ કહીને છાનો થાય, તેડયો ચોથો સુંદર રાય. પુરવછાયા-રાયે

સુંદર તેડીઓ, નાનડીઓ તે કુમાર; તેને રાયે પુછીયું, સાચુ બોલો આણી વાર. લાડક વાયો તું પુત્ર સહી. સાચુ બોલ વચન; તે માટે પુછું તુજને, કોણ નશીબે જમે તું અંન વચન-એવાં સાંભળી, સુંદર બોલ્યો તે વાર; પીતા મુરખ દીસો સહી, ધિક ધિક તુમ અવતાર. ૪ ચોપાઈ—સુંદર બોલ્યો મુખથી વાણ, પીતાજી કાંઈ મનસુ જાણ; નશીબ સરવનાં ભેળાં તાત, તેમાં ખોટી નહી કંઈ વાત. અહુંકાર કાંઇ નવ આણીએ મન, સઉને આપનારો જગજીવન; ઉદરમાં જીવ રહે હજાર, રક્ષા કરે છે દેવમોરાર. આગળથી દુધ માતાને હોય, પછી જન્મ ત્યાં પામે સોય; પ્રાણી ઉપાડે માંથે ભાર, ખોટો થાય તેનો અવતાર, ૨૭ જન્મ દીધો તમે મને તાત, નશીબ કરે તે સાચી વાત; નાનો પુત્ર એમ બોલ્યો વાણ પીતા સાચું માનો પરમાણ. ૨૮

પુરવછાયા—વચન એવાં સાંભળી, ચઢી રાયને રીસ; ચરણ કેરી આંગળીથી, જ્વાળા ઉઠી શીશ. ૧ છે કોઈ અહીં હાજર સહી, આના ઉતારો શણગાર; કહાડો મારી નજર થકી, ન રહે નગર મોઝાર. આપકરમી એતો સહી, જોવું પારખ જાણ, આડી વાત કોઇ જે કરે, તેને માહારી આણ, ૩ કાહાડયો કુંવરને ત્યાં થકી, તે આવ્યો માતા પાસ; આંખુ મુખ દેખી કરી, માએ નાંખ્યો નીશ્વાસ.

ચોપાઇ—માતા મુખથી બોલી વાણ, સાંભળ પુત્ર ચતુર સુજાણ; કોણે દુભીઓ તુજને સાચી કહે રોસુ-

જને વાત. બોલ્યો સુંદર મુખથી સોય, કરમે લખ્યું તે પાછું ન હોય. પીતાએ કાઢયો મુજને બાહાર, હું તો જઈશ વન મોઝાર. વચન એ સુતનાં સાંભળી; રાણી મનમાં ઘણું કળકળી; રાજાને કહું કરી પ્રણામ, શો ગુનો છે પુત્રનો શા· મ. રાજાએ ક્રોધ કર્યો તેણીવાર, બોલીશ તો તુને મારીશ ઠાર. પુરવછાયા—તારે રાણી રૂદન કરે ઘણું, જોતાં તેણી- વાર; પુત્ર પધારે વન વીશે, પ્રાણ તજુ આ વાર. ૧ ચોપા- ઈ-તોટક રાણી બોલી વાણ, સાંભળો રાજા ચતુરસુજાણ; હવે હું તજુ મારા પ્રાણ, પુત્ર વીના ન રહું નીરવાણ. પુ- ત્ર વીના અડવું બોલે જન, પુત્ર સમું નહી કોઈ ધન; રાણી કરે અતી રૂદન, પુત્ર વીના ઘર જેવું વન, પુત્ર વીના પીયર નહી માન, પુત્ર વીના મંદિર સમસાન; પુત્ર વીના ઉજડ ઘર રાન, પુત્ર વીના ન ભાવે ધાન; મારૂ રીસાઈ જા- ય છે રતન, મેહેર કરે તું જગજીવન, એમ કહિને સુંદર સામું જુવે, સુતને કંઠે વળગીને રૂવે. સુંદર માતાને લાગ્યો પાય, આસીશ દો તમે મોરી માય. તમ વચને સહુ સીદ્ધી થાય, આજ્ઞા દો વનમાં જાઉ માય. વળી કહેછે માતને વાત, કોનાં માતને કોનાં તાત; સાથે આવશે પુન્યને પાપ, અમે તો વન ચાલીશું આજ. પ્રાણી ગરવ કરેછે જે કોય, પાછ ળથી તેને પસ્તાવો હોય, હું તો બીહુ નહિ લગાર, મારે પણ મરવું એકવાર. ખોટો સરવ છે આ સંસાર, તે માટે ભજી લેઉ કીરતાર; હુકમ હશે આગ્નાનો શ્રી હરિ, તો મ-

ળીશું માત તમને ફરી. પુરવછાયા–શીખ આપો મુજ માવડી કહુંછું વારંવાર; જીવીશું તો આવીશું, નહી તો કોટીક જુહાર. માત વળતી એમ વદે, તુજવીણ નવ રેહેવાય; નેન પડે છે નિસરી, મારૂં કાળજું કડકા થાય. ૨

ચોપાઈ—આશીશ દઈ કહે વહેલા આવજો, સ્ત્રી ચાર પરણી લાવજો; એમ માતા દીએ આશીશ, તમે જીવજો કરોડ બત્રીશ. ચાલ્યો એકલો વન મોઝાર, બાર નીસર્યો રાજકુમાર; શુકન થયા રૂડા નીરધાર, ચાલ્સો કુંવર ગામથી બાહાર. પુરવછાયા–એક વિપ્ર વચન સુખડે ભર્યો, ધેનુ વાંછી ગાય; વરકન્યા પરણી મળ્યાં, દેખી રીજ્યા કુમાર. માલણ પુષ્પ લઇ મળી, પુત્રવંતી એક નાર; શુકન સહુ સારા થયા, જોઈ હરખ્યો તે ઠાર. ચોપાઈ—હરખ પામ્યો તે રાજકુમાર, ચાલ્યો વેગથી વન મોઝાર; હાથે મુદ્રીકા રહી છે જેહ, વાટ ખરચીમાં પાસે તેહ. શુકન વદી ચાલ્યો જેટલે, પ્રધાન પુત્ર મળ્યો તેટલે. સ્નેહી મીત્ર તે સુંદરનો થાય, પછી શાબદા કોપ્યા રાય. વાત વિસ્તારી કહો મુજ ભ્રાત, તવ કુંવર બોલ્યા સાક્ષાત; દેશવટો દીધો રાજન, તેથી હવે જાશું અમે વન. તવ પ્રધાનપુત્ર બોલ્યો વાણ, અમે ભેળા આવશું જાણ; તુજ વીના તે કેમ રેહેવાય, ઘડી એક વરસની થાય. સુંદર કહે પાછા જાઓ વીર, વનમાં વેઠવું દુઃખ શરીર; સુણી મીત્ર બોલ્યો વચન, ભેળો આવીશ હું તો

રાજન. બેઉ જણુ ચાલે જેટલે, વજીર પુત્ર મળ્યો તેટલે તમે શાબદા થયા કયાં ભાઈ, તવ મુખથી બોલ્યા તે ધાઇ; દેશવટો દીધો છે તાત, માંડીને કહિ સરવે વાત; વચન તે કુંવરનાં સુણી હું તો ભેળો આવીશ વળી ત્યાં થકી ચાલીયા જેટલે; કોટવાળ પુત્ર મળ્યો તેટલે; તેણે જુહાર કરયા મહારાજ, શાબદા થયા તમો કયાં આજ. તેનું કારણ શું છે મન, એમ આગળ કહોને વચન, ત્યારે કુંવર બોલ્યો મુખથી વાણુ, દેશવટો દીધો તાતે જાણુ. માટે અમે તે વન ચાલશું, કોટવાળ પુત્ર કહે ભેળા આવશું; પછી વાત કુંવરે કહિ, માની નહી અમે આવશુ સહિ. ચાર જણા ત્યાં ભેગા થઈ, વન ચાલ્યા તે ત્યાં સહિ; જોજન એક ચાલ્યા જેટલે, ત્યાં અચરત દીઠું તેટલે. ત્યાં સરીતા વહે સવળી, નહાતાં પાપ જાએ સહુ બળી; ત્યાં દેવળ શીવનું સહિ, ચારે કુંવર ત્યાં આવ્યા વહી, ઉતમ સ્થળ જોઇ ઉતર્યા તાંહાં, રજની વાસો રહીશું ઇહાં; ચારે કહે તે ગમી વાત. સ્થીર થઇને બેઠા ભલી ભાત. એક બીજા પ્રત્યે કહિ વાણુ, કોઈ પાસે ધન નથી જાણુ; રાજકુંવરને હાથે જેહ, મુદ્રિકા હતી હેમની તેહ. તે લઇને વેચવા જાય, દ્રવ્ય લઈ આવ્યા તે રાય; ત્યાં આવી કીધું ભોજન, ચારે જણુ સુતા તે દિન, રાજકુંવર નીદ્રાવશ થયો; ચારે જણે વિચારજ કરયો. પુરવછાયા—ધન નથી કોઇની કને, જમવું જોઇશે સાર; વનમાં દુઃખ અતી ઘણું, એમ કરતો વિચાર. સુતો સુંદર મેહેલિઓ, ત્રણે ઉઠી જાય. પ્રભાતે સુંદર ઉઠિઓ, ત્રણે નવ દેખે કયાં-

ય. પછી કુંવર ઊઠી ચાલિઓ, સોચ કરતો મન; વેળા એ કોઈ કોઇનું નહીં, એમ વિચારે મન.

ચોપાઈ—પછી મુદ્રીકા વેચી જેહ, હવે તેનું ઉપન્યું તેહ; લેઈ કુંવર ત્યાંથી ચાલીઓ, ત્યાં સુંદર પંથે પળ્યો. પછી માસ બે ચાલતાં થાય. છેટે પોચ્યો તે સુંદર રાય; અરુચિ આવી દહિ ત્યાં જાણ, અપવાસ ત્રણ થયા નિરવાણ. એક નગર આવ્યું છે જયાંહાં, રતનપુર તે તો કહેવાય; તેમાં રતનસેન રાજન, તેજપાલ નામે પ્રધાન. ૭૩ તે નગર ઢુંકડા આવ્યા સાર. તારે સુંદરે કરયો વિચાર; નથી ખાધા કાંઈ આહારી પાસ, મુને ત્રણ થયા અપવાસ. ૭૪ તારે વીચાર કીધો સાર, એક બાંધ્યો કાષ્ટનો ભાર; તે ભારો લેઇ પરવરયો, નગર સમીપે લઈ નીસરયો. ૭૫ ભલો ભલો તું દીનદયાળ, કે દહાડે ન ઉપાડયા ભાર; આવ્યો નગર પાસે જેટલે, શુકન રૂડા થયા તેટલે. ૭૬

પુરવછાયા—શુકન રાજાને રૂડા થયા, વર કન્યા પરણી જાય; બ્રાહ્મણ વેદ ભણે ઘણા, બોલે જય જયકાર. ૭૭ નગરની શોભા અતી ઘણી, મુખથી નવ કેહેવાય; સુવરણ કળસે નારીયો, નીર ભરીને જાય. ૭૮ સુંદર ચાલ્યો તે નગરમાં, આવ્યો ચઉટા મોઝાર; ભારો લેઈને ઉભો રહ્યો, લે જોતાં તેને ઠાર. ૭૯

ચોપાઈ—સુંદર ઉભો તે ચઉટા મોઝાર, ત્યાં જાવે પંડયો નીશાળ; પંડયો બોલ્યો મુખથી વાણ, સુંદર

કેરા ભારાને જાણુ ૮૦ સાદ કરાવ્યો જેટલે, સુંદર આવી ઉભેઃ તેટલે, ભારાનું મુલ કરો તે તમો, જે માગો તે આપું અમો. ૮૧ તારે સુંદર બોલ્યો વાણુ, મુને અન જોઇએ નીરવાણુ; બે ટંક હું અનજ જમું, ભારો આપી ભમતો ફરૂ. ૮૨ ત્યારે પંડયો બોલ્યો જેહ, પેટ વડીએ રાખ્યો તેહ; ત્યાં તો સુંદર રાત રહે, સુખ દુઃખ જે પડે તે સહે. ૮૩ પુરવછાયા—પછી પેટવડીએ રાખ્યો સહી, સુંદર તેણીવાર; ખાય પીએ દીન નીરગમે, નીત લાવે કાષ્ટનો ભાર. ૮૪ હાથમાં ઓઠણુ પડ્યાં ઘણાં, તારે પંડયા વીચારે મન; કોમળ કાયા દીસે ઘણી, એ સુખીઆ દીસે તંન. ૮૫ ચોપાઈ—સુખીયો દીસે આ તુરે તન, એમ પંડયો બોલ્યો વચન; કાષ્ટ જાવા દે આણુ ઠામ, નીશાળનું તું કરજે કામ. ૮૬ સુંદર તોએ ન બોલે લગાર, મુરખો નામ પાડયું તેણીવાર; તે નીશાળીયાને મન ભાવે, મુરખો કહીને બોલાવે. ૮૭ પુરવછાયા—મુરખો મુરખો સરવે કહે, વાહાલો લાગે અપાર; બત્રીશ લક્ષણો છે ખરો, પણ બોલે નહી લગાર. ૮૮ તન રૂડો તેજપાળનો, ભણે નીશાળે સાર; ભાવ ભલો પંડ્યા તણો, તે રાજાતણો :કામદાર. ૮૯ રતનસેન રાજા સહી, તેની પુત્રી જેહ; તે નીશાળે ભણે સહી, કુલવંતી નામે તેહ. ચોપાઈ—કુલવંતી ભણે તે નીશાળ, તે તો રતનસેનનારે બાળ; રૂપવંતીને કળા અપાર, અંતરપટ બાંધી ભણે નીરધાર. ૯૧ પંડ્યાને મન ભાવ અપાર, કુંવરી

તેજ તણો ભંડાર, ત્યાં ભણે તેજપાળનો કુમાર, ભાવે ભણે કુળવંતી નાર. ૯૨ પુરવછાયા—ઘણા દીવસ એમ વહી ગયા, જોતાં તેણે ઠામ; અંતરપટ ઉંચો કરયો, દીઠો તેજપાળ કુમાર. ૯૩ નજરે નજર ભેગી થઈ, મોહ પામ્યાં બેહુ જણ; માંહોમાંહે સમજી રહ્યાં, જોતાં તે પરમાણ. ૯૪ નેન પદારથ નેન રસ, નેને નેન મલંત; જ્યારે થાય છે પ્રીતડી, પ્રથમ નેન કરંત. ૯૪ પ્રીત બંધાણી પ્રેમશુ, નજર થતાં એક; જીવન પ્રાણ છે માહરો, વાહલો મુજને વીશેક. ૯૫ નજર ઝટ લાગી રહી, સામા બેઠાં શેણ; હઇયું રાખે હાકલી, પણ ઝડપ નાંખે નેણ. ૯૫ સજન સાથે પ્રીતડી, મન બાંધ્યુ તે સાથ; વહે વાધ્યો ઘણો અંગમાં, ન ગમે બીજી વાત. ૯૭ હવે હું તો શું કરૂં, એ વીના ન રહેવાય; જો એને દેખું નહી, તો પ્રાણજ માહારો જાય. ૯૮ જે ઘડીએ મેં ભાળીયો, દીઠો પડદા માંહ; તે ઘડીનો ચટકડો, મુંને લાગ્યો હઈયા માંહ. ૯૯ એટલા દીવસ એળે ગયા, મેં એ લેખ્યો કામદાર; હવે ઉપાય કરૂં સહી, એમ વીચારે નાર. ૧૦૦ પ્રીત લાગી છે તેણીવાર, કુળવંતીએ કર્યો વીચાર, સાદ કરયો ત્યાં મુરખાને જાણ, આ લે પાટલો નીરવાણ. ૧૦૧ કુળવંતીએ દીઠો લગાર, પાટલો નથી મોકલ્યો સાર; પાટીમાં લખ્યો એ તું વીચાર, તું છે મારો પ્રાણ આધાર. ૧૦૨ પાટી આપી મુરખાને તેણીવાર, આપજે તેજપાળ કુમાર; મુરખે હાથમાં લીધી સોય, મનં

વાંચીને વીસ્મે હોય. ૧૦૩ આ તો પ્રીત બંધાણી અપાર, મુરખો મનમાં કરે વીચાર; જોઉં પારખું એનું સોય, તેમાં બીજો નવ જાણે કોય. ૧૦૪ લઈ પાટીને મુરખો જાય, તેજપાળ કુંવરને આપી ત્યાંય; ધનપાલ છે તેનું નામ, વડો નીશાળીઓ તે ઠામ. ૧૦૫ પાટીમાં લખ્યો વીચાર, તું છું માહરો પ્રાણ આધાર; મારૂં તુજશું બંધાણું મન, ભલો ભલો તેજપાળનો તન. ૧૦૬ તુજ વીના મેં ઘડી ન રહેવાય, ઘડી એક વરસની થાય; તમારા મનનીરે જાણો તમો, ઝાઝી વાત શું કહીએ અમો; મુરખે પાટી આપી સાર, તેમાં જાણ્યો તે સરવ વીચાર; પુછે પાછો ઉત્તર જેહ, કામદારે લખીયો તેહ. ૧૦૭ પુરવછાયા—પાછો આંકજ માંડીઓ, સાંભળરે તું નાર; તમે લખ્યું તે સમજીયો, હરખ પામ્યો અપાર. ૧૦૮ પણ એક દઊતક છે ખરૂં, જાણે તાહારો બાપ; તો સુખમાંથી દુઃખ ઉપજે, થાય ઘણો સંતાપ. ૧૦૯ અમે જાતે વાણીયા, તમારો તાત રાજન; તે માટે તમને કહું, વીચારી જોજો મન. ૧૧૦ પણ એક વાત તમને કહું, સોર તણું નહી કામ; એ વાત ગુપત રાખવી, જોતાં એણે ઠામ. ૧૧૧ ચોપાઈ-લખી પાટી તે આપી હાથ, મુરખો મનમાં સમજ્યો વાત; મુરખે પાટી દીધી જાણ, કુળવંતીને હાથ પરમાણ. ૧૧૨ કુળવંતીએ વાંચ્યો વીચાર, જે લખ્યું તેજપાલ કુમાર; પાછું વચન લખ્યું પ્રમાણ, મારા જીવ સમો તું જાણ. ૧૧૩ માટે કરવો એક ઉપાય, જેમ

કાંઈ ન જાણે રાય; મારો પીતા કહીએ જેહ, તેને લાડક વાઈ હું તેહ. ૧૧૫ તારૂં કોઈ નવ લીએ નામ, તે માટે નીશ્ચે કરવું કામ; તું તો માહારો પ્રાણ આધાર, એક ઘડી ન મેલું આ વાર. ૧૧૬ તે માટે કરવો પરપંચ, જેમાં આવે કંઇ નહી આંચ; તે માટે એક કહું છું ઉપાય, જેમ આપણે સુખડુ થાય.

પુરવછાયા—સુખ થાય જેમ આપણે, એક કહું ઉપાય; ઇશ્વર દેહેરૂ છે સહી, ત્યાં તમે આવો રાય. ૧૧૮ દીઠો ઇશ્વર ધન આગળો, તમે જાજો તેને ઠામ; રાતે હું આવું સહી કરી પોતાનુ કામ. ૧૧૯ ઘડીમાં સાંઢે બેશી કરી, ઘડીએ જાય જોજન ચાર; એ પ્રમાણુ છે આપણો, હું આવુ તેને દ્વાર. ૧૨૦ ચોપાઇ—હું આવું છું પ્રાણજીવન, સામગ્રી કરજો આણે દન; એમ પાટીમાં લખ્યો આંક, મુરખાને આપી નીસંક. ૧૨૧ મુરખે મનમાં વાંચ્યું તેણીવાર, તે નવ જાણે કુલવંતી નાર; પાટી દીધી તે શેઠને હાથ, વાંચી મનમાં સમજ્યો વાત. ૧૨૨ પોતાની સામગ્રી થાય, મુરખો પંડયાની પાસે જાય; પંડયા શીખ દીએ જાશું ઘેર, વળી આવશું પાછો ફેર. ૧૨૩ પુરવછાયા—ગુરૂજીએ રાજી થઈ ને કહ્યું, જા ઘેર નીરધાર; આજ્ઞા લઇ તે આવીયો, તેજ પાલને દ્વાર. ૧૨૪ કેહેવા લાગ્યો મુખથકી, મુરખો તેણી-વાર; જો સુખ ઈચ્છો આપનું, તો ચેતી લ્યો આ વાર. ૧૨૫ નજરે ખેલ મેં નીરખીયો, કીધો એક વીચાર; કુલ-

વંતી ધનપાલ એ, નીકળી જાશે બહાર ૧૨૬ લાજે કાજ સરસે સહુ, આબરૂ જોતાં જાય; માટે ચેતો આ ઘડી, જેથી રૂડુ થાય. ૧૨૭ જો માનો નહી માહરૂં, જુવો પુત્રની પેર, સાચું જુઠું જાણશો, પોતાકેરે ઘેર. ૧૨૮ જોતાં સાચું નીકળ્યું, કબજ કર્યો તે વાર; તાળુ દઈ મહી પુરીઓ, પોતાનો કુમાર. ૧૩૦ ઉતારીને તે આવીઓ, વેગે મુરખા પાસ; મુઠી ભરી રૂપીઆ તણી, આપી કહ્યું શાબાસ. ૧૩૧ ચોપાઈ—આવ્યો મેહેલથી બાહાર, જે છે તેજપાલ કામદાર; મુઠી ભરી રૂપીઆની આપુ તને, ભલુ થયું જે ચેતાવ્યો મુને. ૧૩૨ કોઇને કહીશ નહી એ વાત. ઉપકાર માનું તુજ ભ્રાત; મુરખો કહે મુને છે સઊ ભાન, વાત કોઇ નવ જાણે પ્રધાન. ૧૩૩ એમ કહીને ચાલ્યો તેણીવાર, આવી ઉભો તે મધ્ય બજાર; ગુજરીમાં છે વસ્ત્ર અપાર, જોઇએ તેવાં લીધાં નીરધાર. ૧૩૪ વળી લીધાં બીજાં હથીયાર, ચાલી નીકળ્યો નગરથી બહાર; પ્રિતે કર્યું શીવ પુજન, ચાલ્યો સુંદર તેને દન. ૧૩૫ પુરવછાંયા—બહાર નીસરયો તે સહી, આવીઓ શીવ મંદીર; પુજા કીધી પ્રેમશુ, મનમાં રાખી ધીર. ૧ સ્તુતી કીધી અધીક ઘણી, પુજા કધી અપાર; ત્રણ સાદ કરે જો મુને, તો તુઠયો શીવ ત્રીપુરાર. ૨ પુજા કરી બેઠા સહી, રાત પડી નીરવાણ; કુલવંતી તત્પર થઈ, તતક્ષણ આવવા જાણ, ૩ ઘડીઆ ભોજન સાંઢણી, લીધી તેણીવાર; વેગે વહીને ચાલીયાં,

સાથે લીધી વસ્તુસાર, ૪ ચડીને ચાલી સહી, મનમાં ઘણું રળીયાત; ચાલ ચાલે વેગે સહી, દાસીશું કરતી વાત. ૫ મીત્ર વાટ જુવે ખરી, તેજપાલનો કુમાર; અસુર થયું ઝટ ચાલીયાં, પોહોચ્યાં સીઘ્ર તે ઠાર. ચોપાઇ—એટલે આવ્યાં દેવલ મોઝાર, સાદ કીધો ત્યાં તેણીવાર, સાદ કીધા ત્રણ જેટલે, ઉઠી બેઠો થયો તેટલે. ૭ સાંઢ હુંકારી રતુકાર, ચઢી બેઠા સુંદર તેણીવાર; મહાવંનમાં ચારે જણાં ત્યાંથી ચાલ્યા તે નીરધાર. ૮ પુરવછાયા—પીશ્ચમ બેઠો મુરખો, આગળ તે રતુકાર; વચમાં રાણી કુલવંતી, તે સાંઢ હાંકી તે વાર. ૯ પવનવેગે સાંઢણી, અધર ચાલી જાય; મનમાં આનંદ અતીઘણો, ઉલટ અંગ ન માય ૧ આશા પોહોતી અતી ઘણી, હઇડે હરખ અપાર, આજે ભાગ્ય અમતણુ, હું પામી એ ભરથાર. ચોપાઇ.—ગડગડ સાંઢ હુંકારી જાય, અઘોર વનને મારગે ધાય, પવનવેગી સાંઢ અપાર નીસરી બહુ પંથ મોઝાર ૧૨ તારે કુલવંતી બોલી પ્રકાશ, આવ્યાં આવ્યાં જોજન પચાસ; સે ન બોલો પ્રાણજીવન, મારૂં તમમાં વળગ્યું તન. ૧૩ આખી રાત ત્યાં વહીને જાય, તમારા મનમાં કાંઇ નવ થાય; એમ બોલી કુળવંતી નાર, સાંભળો તેજપાલ કુમાર. ૧૪ વાત કરીને મુરખથી સાર, શું મનડામાં કરો વીચાર, બીક કોની ધરોછો મન, નથી બોલતા મુખથી વચન. ૧૫ મુરખો બોલ્યો નહીરે લગાર, તારે બોલી તે રતુકાર, તમે છાનાં રહો મોરી માત, હમ-

ણું જોતાં થાશે પ્રભાત. ૧૬ પુરવછાયા—રતુકાર બોલી સહી, સાંભળો કુળવંતી નાર; વણીક કેરો બેટડો, બીહીક ધરે અપાર. ૧૭ રાત અંધારી ઉપરે, ચોર હશે કોઇ જાણ; તે માટે બોલે નહી, એ છે ચતુર સુજાણ. ચોપાઇ—ચતુર હોય વણીકનો તન, માટે નથી બોલતો કાંઇ વચન; આપણે નારી નાનેરાં બાળ, ચોર મળે તો થાય જંજાળ. ૧૮ કોઇ લુંટી લે આપણું ધન, એમ મુખથી બોલે કામન; તે માટે છાની રહે માત, વનમાં ઝાઝી ન કરીએ વાત. ૧૯ વાત કરે ને સાંઢ ચાલી જાય, તારે બોલી કુળવંતી ત્યાંય; બીક કોની ધરોછો મન, બોલો બોલો પ્રાણજીવન. ૨૦ વાત કરે ને સાંઢ ચાલી જાય, પ્રાત:કાળની વેળા થાય; વીતી રજનીને ઉગો દન, તારે મુરખે ઝબકાવ્યું વદન. ૨૧ તારે બોલી કુળવંતી નાર, તું તો સાંભળ રતુકાર; આતો તેજપાલનો કુમાર, મુરખો વર ઓળખ્યો તેણીવાર. ફટફટપાપણી વીધાત, મને દુખ તણી તું દાત; કુળવંતીને થઇ મુરછાય, પડી ગઇ ત્યાં પૃથ્વી માંહ. ૨૩ છાતીશું ચાંપી રતુકાર, ખમા ખમા તુજને બહુ નાર; નેત્રથી આંસુ પાતજ થાય, મુખથી કાંઇ નવરે બોલાય. ૨૩ પુરવછાયા- ખમા ખમા દાસી કહે, બીડી તે રૂદીયા માંહ; ઘટીકા બે પુંઠે સહી, ટળી તીહાં મુરછાય. ૩ વળતી તે કોપે ચઢી, કુળવંતી બોલી વાણ; મુખ નવ જોઉં મુરખનું, હું છાંડું માહારા પ્રાણ. ૨ રીસ ઘણી ચઢી નારને, બોલી મુખ તે વાર; આંસુ પડે બહુ

આંખથી, કાઢી પગની પેંજાર. ૩ એનું મુખ દેખું નહીં, પાપી એ કહેવાય; વાહાલા વછો હોએ સહી, ક્યારે ઇહાંથી જાય ૪ કાઢ કાઢ એને સહી, મોંહું એનું બાળ; તે માટે તુજને કહું, એને હેઠે ઉતાર. ૫ તારે મુરખો બોલીયો, કોણ આવે તુજ સાથ; શીવને દેહેરે આવીને, કીધી મુજને ઘાત. ૬ હું પુજા કરવા આવીયો, સદાશીવની જેહ; ભાંગ પીધી મેં હતી, ઘાતજ કીધો તેહ. ૭ ગામ મુકાવ્યું ઠામ મુકાવ્યું, મુકાવી નીશાળ; અવગુણ કીધો તે સહી, વળી દેછે મુજને ગાળ. ૮ ચોપાઇ—એમ કહીને ચાલ્યો તેણીવાર, ત્યારે બોલી તે રતુકાર; આપણે ઉભાં એકલાં વન, ચોર મળે તો લઇ જાય ધન. ૧ પુરૂષ વીના કેમ રેહેવાય, એ રાંધ્યું ધાન ઓ કેહેવાય; જે સ્થાનકે નારી જાય, પૃથ્વી તેને ખાવા ધાય ૨ એમ કહે તે રતુકાર, એ પાપીને માર પેંજાર; એને દેખી વ્યાપે કાળ, માહારી નજરથી મોહું બાળ. પછી મુરખો બોલ્યો તેણીવાર, ભલો ભલો તું વીશ્વાધાર; દામોદર છું તમારો દાસ, શેવકને ઘણો વીશ્વાસ. ૪ માટે વાર કરો મુજ સ્વામ, હું તો જપુંરે તમારૂં નામ; તમે ભક્તતણા પ્રતિપાળ, મહારૂં દુખ કાપો ગોપાળ. ૫ પુરવછાયા—દાસ પ્રભુ છું તમતણો, કરૂણાનીધી કેશવરાય; એમ કહેતો ચાલીઓ, શોક કરતો જાય. ૧ સુંદર ચાલ્યો વનવીષે, બોલી ત્યાં રતુકાર, બાઇજી કહું તે સાંભળો, સાદ કરૂં આ વાર. ૭ ચોપાઇ.—સાદ કરૂ છું એને સાર,

ત્યારે બોલી કુળવંતી નાર; કહું તારે તું ધરજે સાર. મુજ આગળ ન કરજે ઉચાર. ૮ તારે મન આવે તે કરનાર, ત્યારે સાદ કીધો તેણીવાર; તું આવ મુરખ આણે ઠામ, એમ કહી બોલાવ્યો તે નાર. ૯ મુરખો ઉભો રહ્યો તે જાણ, ત્યારે બોલ્યો મુખથી વાણ; મારો વાંક નથી લગાર, તમે તેડી આવ્યા વનમોઝાર. ૧૦ ઓરા આવોને મુરખા ભાઇ, તમે રીસ ન કરશો કાંઈ; ત્યારે પાછો આવ્યો નીરધાર, સાંઢ હંકારી તેણીવાર. ૧૧

પુરવછાયા—સાંઢ હંકારી ત્યાંથકી, કે પવન વેગે પળાય; ઝળહળતુ ઝળકી રહ્યું, એક નગર અનુપમ ત્યાંય. ૧ દીસે બહુ રળીયામણુ, જાણે હોય કઇલાસ; સાંઢ વેગે આવી સહી. તેજ નગરની પાસ. ૨ એક ફુલવાડી દીઠી સહી, સાંઢ હંકારી તે માંહી; ત્યાં આવી ઉભા રહ્યા, પછી નગર નીરખે ત્યાંહી. ૩ ઉંચાં મંદીર માળીઆં, શોભે તેજ પ્રકાશ; હેમ ઘડુલે શોભતી, નારી મન ઉદાસ. ૪ ચોપાઇ—નીર ભરતીતી નારીઓ સોએ: તેનુ રૂપ દેખી મન મોહે; ભલા ચઉટાં શેરીને પોળ; સામ સામી હાટની ઓળ. ૧ લીપી ભીંત કનકની ગાર: નાટારંગ ત્યાં નૃત્ય અપાર; દેખી હરખી કુળવંતી નાર, બોલી દાશી પ્રત્યે તેણીવાર. ૩ કુળવંતી બોલી વાણ, સાંભળ દાશી ચતુરસુજાણ; હવે બીજેરે ક્યાં જવાય, જોને શુકન રૂડા થાય. ૩ ખર જમણો થાયે આવાર, એમ કેહેતી કુળવંતી નાર; જળ ભરતી નારી સોય,

રૂડા એવા શુકન હોય. ૪ પુરવછાયાં—કુળવંતી એમ ઓચરી, સાંભળ તું રતુકાર; ક્ષુધા લાગી ઉદરમાં, જમવા નહી લગાર. ૧ તું મોકલ સુરખાને સહી, ખાવાનું લેવા સાર; ત્યારે ત્યાં બોલાવીઓ, તે વેળા રતુકાર. ૨ લાવ ખાવાને તું તો સહી, તું જા ચઉટા મોઝાર; તવ સુરખો મુખથી બોલીયો; મુજ પાસે ધન નહી લગાર. ૩ ચોપાઈ—મુજ પાસે ધન નહી લગાર, ત્યારે બોલી રતુકાર; ધન આપો તમે મોરી માય, જેમ સુરખો ચઉટામાં જાય; તારે કુળવંતી કરતી જતન. જુગતીથી ત્યાં કાઢયું રતન; આપ્યું સુરખાને તેતો ત્યાંય, સુરખો લઈ બજારે જાય. ૪ ઝવેરી હાટે આવ્યો તે જાણ, આવી મુખથી બોલ્યો વાણ; ઝવેરી હાટ કયાં છે જેહ, એક વાણીયો બોલ્યો તેહ. ૫ રાજદ્વારે ગયા છે સાર, ઝવેરી હાટે નહી આ વાર; વણીકનાં સુણીરે વચન, સુરખો વીચાર કરતો મન. ૬ પુરવછાયા—વીચાર ત્યાં મનમાં કરયો, જાઉ રાજાને ઘેર; રતન પારખું ત્યાં કરૂં, જોઉં એની પેર. ૧ સુંદર પોતે આવીયો, રાજા કેરે દ્વાર; આવીને ઉભો રહ્યો, કીધો ત્યાં જુહાર. ૨ તે ભદ્રસેન રાજા [અરો, ભદ્રાવતીનો નરેશ; ત્યાં સુંદર તે આવીયો, જોગન બાળે વેશ. ૩ જુહાર કીધો સરવને, બોલ્યો મુખથી વાણ; માન દઇ બોલીયો, ભદ્રસેન રાજાન. ૪ કોણ તણા તમે [બેટડા, કીયો તમારો દેશ; શા કારણ તમે આવીયા, એમ પુછે છે નરેશ. ૫ પૃથ્વી દેશ અમારડો, તાત તો સરજણ

કાર, શેર અન્ન માટે આવીયો; જો લખ્યું હશે કીરતાર. ૬ ચોપાઇ—કીરતારે લખ્યું તેહ હોય, અદકું ઓછું ન કરે કોય; એક રતન છે મારી પાસ, જુવે ઝવેરીને થાય વીશ્વાસ. ૧ તે માટે આવ્યો છું જાણુ, ત્યારે રાજા બોલ્યો વાણુ; ચાર રતન છે અમારી પાસ, જોવા ઝવેરી આવ્યા પ્રકાશ. ૨ ઝવેરી ઉભા છે જ્યાંય, રતન પારખુ કરે ત્યાંય; જોઈ સુંદર બોલ્યો તે વાણુ, મનમાં સમરયા તે સારંગપ્રાણ. ૩ પ્રભુ દામોદર બાલમુકુંદ, દેવકીનંદનકંદ, મારૂં વચન સાચુ થાય, તમે તુઠો જો વઇકુંઠરાય. પુરવછાયા—વઈકુંઠવાશી છો તમો, સ્વામી દીન દયાળ, વચન સાચું હોય સહી, તો કીધી મુજ સંભાળ. ઝવેરી પ્રત્યે બોલીયો, સુંદર સાચી વાણુ, રતન બે ખોટાં સહી, બે સાચાં નીરવાણ. ૬ જો તમો માનો નહી, તો પારખુ કીજે સાર, એરણ એક મંગાવીયે, ખબર પડે નીરધાર. ૭ ચોપાઈ—ખબર પડે ત્યાં સાચી નીરધાર, પેસી જાય એરણુ મોઝાર; તેતો સાચું નિશ્ચે કેહેવાય, ખોટાના તો કટકા થાય. ૧ મંગાવી એરણ એવાર. ઘા કરવાને તેડયા લુહાર; રતન મુકયુ એરણુપર જેહ, ઘાણુ પડયો કટકા થયા તેહ. ૨ બીજું રતન મુકયું તેણીવાર. એરણુમાં પેઠું નીરધાર, સહુ જોઈને અચરત હોય, એવો પુરૂષ ન દીઠો કોય. ૩ ઝવેરી ઝાંખા પડીઆ મન, ઘણીએ રીસ ચડી રાજન; રાજા કહે પરીક્ષા સારી કેવી, ઝવેરી ભુંડા પડીઆ તેવી. ૪ પુરવછાયા—રાજા રીસ કરે

ધણી, ઝવેરીને તે વાર, બંધીખાને મોકલો, લુટી લ્યો ઘરબાર. ૧ સુંદર પસ્તાયો ઘણું, વીચારયું નીજ મન. સમજાવી પોતે કહે, સુણો ચતુર રાજન. ૨ નજર સહુની આમની, ભુલે મોહોટેરા જન. માટે માફ્જ કીજીએ, રીસ ન ધરીએ મન. ૩ ચોપાઇ—રૂડા રાજા ન કરીએ રિસ, મુકો ઝવેરી દીએ આશીશ; તમ વચને રાજા કહે મુકી દેઉ, કહોતો મારીને દંડજ લેઉ; ઝવેરી મુકયા તેણીવાર, તેતો હરખ ધરે અપાર; કોઈ આવ્યા મુલક રાય, વીચાર મનમાં કરતા જાય. ૨ રતન હતું પોતાની સાથ, તે લઇ દીધું ઝવેરીને હાથ, રતન આતો અમુલ્ય કહેવાય, તેનું મુલ કોણે નવ થાય. ૩ ધરેણે મુકયું તેતો જાણ, લાખ રૂપીઆ લીધા પ્રમાણ; રતન દીધું ઝવેરીને હાથ, લાખ રૂપીઆ લીધા સાથ. પુરવછાયા—લાખ રૂપીઆ તે ઘડી, લીધા પોતે સાથ; દશ હજાર ત્યાં રાયને, આપ્યા હાથોહાથ. ૧ રાજા બહુ રાજી થયા, સુંદરને કહે વચન; કામકાજ હોય અમતણું, મને કહો આ દન. ૨ સુંદર વળતો બોલીઓ, રાજા પ્રત્યે કહે વાત; મોહોલ એક જોઇએ ખરો, અપાવો તમે હાથ. ૩ ધન બેસે તે આપશું, જોતાં તેણી વાર, શુધ કરીશું તે સહી, એવો મોહોલ તઇયાર. ૪

ચોપાઇ—મોહોલ અપાવો તઇયાર, ટાકુ કુવાને માંહી કોઠાર; સરવે વસ્તુ ઘરમાં હોય, બાહાર ન જાવું પડે કોય. ૧ અમને મોહોલ જોઇએ એવો સોય, વસ્તુ સરવે ભરી

ત્યાં હોય, તવ રાજા બોલ્યો તેણીવાર, ઢળીત તેડાવીયા બે ચાર ૨ કેહેતાં આવી કીધો જુહાર, કહે સાહેબ, હમ હે તઈયાર, જો કામ હોસો હમ કીજે, હુકમ ફરમાવો સો હમ કીજે. ૩ કહોતો પકડ લાવે શાહુકાર, ઝવેરીકું મારે ઠાર; તવ રાજા બોલ્યો તે વાર, મોહોલ રૂડા જોઈએ તઈયાર. ૪ પુરવછાયા—મોહોલ જોઈ કહાડો તમો, સુંદર તેડી સાથ; જે જોઈએ તે અપાવજો, વેગે તેને હાથ. ૧ ઢળીત ચાલ્યા ત્યાં થકી, સુંદર ભેળો જાય; શેરી પોળ જોતો ખરો, ઉલટ અંગ ન માય. ચોપાઈ—ઉલટ સુંદરના મન માંહ, મેડી મોહોલ જોતો તે જાય; ત્યાં એક દીઠો રે અવાસ, સુંદર આવ્યો તેની પાસ, ૧ ઉંચાં તે મંદીર માળીયાં, છજાં ઝરૂખાં ને જાળીયાં; હઠીઓ વણઝારો રેહે તે માંય, સુંદરે પુછયું ઢળીતને ત્યાંય. ૨ આ કેનો મેહેલજ કેહેવાય, ઢળીત બોલ્યો તે ત્યાંય; હઠીયા વણઝારા ઇસમે રહે, ઢળીત સુંદરને એમ કહે. ૩ આવ્યા મોહોલ પાસે ત્યાં જાણ, ઢળીત બોલ્યા મુખથી વાણ; ચલ બે ચલ હઠીઆ તુ આજ, તુજકુ બોલાવે ભદ્રસેન રાજ. ૪ કોઇ ખુદાકા તુજકુ હોય, ઈસમે ગુના નહી તેરા કોય; હમને રોટી રાજાકી ખાઈ, હુકમ તુજકુ કહેને આઈ.

પુરવછાયા—વચન એવાં સાંભળી, થરથર કંપે મન; દાણ ચોરી કીધી નથી, શાને તેડે રાજન, ૧ તે જમીને સુતો સહી, ઝબકયો બહુ મન માંહ; પેરણ તો પડે નીસ-

રી, વણઝારો ઉઠયો ત્યાંય. ૨ ફાળ પડી બહુ પેટમાં, હોઠ કંઠ સુકાય; બોલે બોલ અજળુ સહી. સવળ નહીં બોલાય. ૩ ફાંદ મોટી પરસેવો ઘણો, પાઘડી તે પડી જાય; શું થાશે ભગવાનજી, આતે શું કહેવાય

ચોપાઈ—અરે પ્રભુ આ શું કેહેવાય, તેની થરથર ધ્રુજે કાય. તેડી લાવ્યા તે રાજદુવાર, આવી રાજાને કરયો જુહાર. રાજા પ્રત્યે બોલ્યો વચન, શું શુનો મારો રાજન. શા કામે તેડયા માહારાજ, સાચું કહોને હમને આજ. ભદ્રસેન ત્યાં બોલ્યો જેહ, મોહોલ કહીએ તમારો તેહ. સુંદરને આપો તે તમો, એવું વચન કહીએ છે અમો. પુરવછાયા—માન વચન હઠીયા સહી, કહું તુજને નીરધાર. મેહેલ સુંદરને આપીએ, નીકળો ઘરથી બહાર. ૧ એ સાટે બીજો આપશું મેહેલ તુજને કોય; સુણતાં ચીંતા ઉપજી, ઉભો ત્યાં બહુ રોય. ૨ થરથર તે કંપે ઘણો. વણઝારો, ત્યાં જાણ, શુધ ન રહી શરીરની, જાણે હમણાં જાશે પ્રાણ. ચોપાઈ.—વણઝારો કહે તેણીવાર, અમે જાશું નગરથી બહાર. રાડ ઉડી કે ચીડુંજ ખાય રાજાજી ત્યાં કેમ રહેવાય. ત્યાં રાજા રીસે તો થાય. ચીત આવે તો હમણાં જાય શાને લવરી કરે તું આજ, નીસરયા વીના તો નવ સરે કાજ. માલ ધન આભુશણ હોય, વેહેલા લઈને નીસરો સોય; હઠીયો રોતો રોતો જાય, પાસે આવ્યો તે સુંદર ત્યાંય પુરવછાયા—સુંદર બોલ્યો મુખ થકી, સુણ હઠીઆ મુજ બાત:

કેટલું ધન બેઠું હશે, મુને સાચી કહેને વાત. ૧ પાંચ હજારને પાંચસેં ઉપર તે પચાસ: ખાંતે મેહેલ કીધો સહી. રેહેવાની ઘણી આશ. હોંશ હતી હઈડા વીશે, ભોગવત્યા ઘરબાર; કોપ કરી તમે કારમો, ખુંચી લ્યો આ વાર. આશા સઉના મન વીશે, હોય સદા ભરપુર; સત્યવાદી તોડે નહી, સમજણ હોય જો ઉર. ચોપાઇ—તારે સુંદર બોલ્યો વચન, સર્વે છુટી પડયું તુજ ધન; રાજા કાંઇ ન આપે દામ, હવે હઠ તણું નહી કામ. ૧ હું તો રાજા પાસે જાઉં, કાંઇ અપાવી આશીંગણ થાઉં; ત્યારે હઠીયો બોલ્યો વાણ, સાંભળ સુંદર ચતુર સુજાણ. જે તમારા મનમાં આવે સહી; એમ હઠીએ વાણી કહી; તારે રૂપીઆ સાત હજાર સુંદરે આપ્યા તેણીવાર, માલ ખજાનો લઈ નીસરયા બાહાર, બીજે મંદીર ગયો નીરધાર; બીજા રૂપીઆ હતા જેહ. શાહુકારને આપીઆ તેહ. તેનું સદાવૃત માંડયું સાર, બાકી રૂપઇયા છાશી હજાર; તેવું તો ત્યાં પુન્યજ થાય. સુંદર કહે તેટલું કરે રાય.

પુરવછાયા—રાજા પ્રત્યે બોલીઓ, સુંદર સુખ વચન; વેહેલ એક આપો સહી, તો તેડી લાવું કામન. ફુલવાડીમાં બેઠાં સહી, દાશીને બીજી નાર; વેહેલ આપી રૂડી તીહાં. આવ્યો તેણે ઠાર. સતકાર બોહ કરી, કુળવંતી કહે વાણ. સુરખો બ્રાહ્મણી છે ખરો, દીસે ચતુર સુજાણ કુળવંતી, બેઠી વેહેલમાં, આવ્યાં નગર મોઝાર; તાંહાં આવી ઉભાં રહ્યાં.

કહીઆ કેરે દ્વાર. ઊંચાં મંદીર માળીઆં જગમગ જોત પ્રકાશ. તે જોઇને વીસ્મે થઈ, જે કુળવંતી નાર. મનમાં તે સમજી સહી, નવ બોલે મુખ વાણ; દાઝ ઘણી મનમાં ભરી, પોતે ચતુર સુજાણ મોહોલ પાસે આવી સહી, ગયાં ઘર મોઝાર. જોઇને ત્યાં વીસ્મય થયાં, ભરયા સરવ ભંડાર.

ચોપાઈ—આવ્યાં આવ્યાં તે ઘર મોઝાર, રૂડાં દીસે છે આ ઘરબાર; હીંડોળા ખાટ બાંધી છે સહી. જઈ કુળવંતી બેઠી તહી. નાના વીધનાં વસ્ત્ર દીસે સાર, વાસણ તરેહ તરેહનાં સાર; ઘૃત ખાંડ સાકર અનેક, જોતાં કાંઈ ન આવે છેક. ચોખા પરશુદી દાલ અપાર, તે જોઇને રીઝી રતુકાર; જે જોઈએ તે સરવે છે ત્યાંય, કુવા હુંડાં છે મેહેલની માંહ. જ્યાં જુવે ત્યાં દ્રષ્ટ ભરાય, તે કુળવંતી જોતી જાય; વહેલો પહચો છે મુજ ભરથાર, એ પાપીને માર પેંજાર. પછી બોલી તે કામન, દાસી તું રાંધે ભોજન; ભુખ લાગી છે મુને અપાર, એમ કેહેતી કુલવંતી નાર. રસોઈ કીધી જુગતે કામન, નાનાં તે રાંધ્યાં છે અન; બત્રિસાં ભોજન ઉત્તમ પાક, ઘણી જાતનાં કીધાં છે શાક; બહુ જાતનાં કીધા છે આચાર, બરણી ભરી ઘર મોઝાર; આદુ લીંબુ દીસે છે ઘણાં, અથાણામાં નહી કોઈ મણા. કેરી રાયતી કરમદાકેર, પાપડના ગોળા ભરીઆ પેર; દુઝે ભેંસીને વળી ગાય, તેનું દુધ ઘણેરૂ થાય. છપનભોગ થયા તઈયાર, ઊઠી જમવા કુલવંતી નાર; ઉને પાણીએ નાહી

કામન, બેઠી કરવાને ભોજન. જમી ઉઠયાં કુળવંતી નાર, વળી જમી તે રતુકાર; મુખવાસ રૂડો છે સાર, તે તો ચાવે મુખ મોઝાર. પુરવછાયા—રતુકાર વળતી વદે, તું સાંભળરે કામન; મુરખો ભુખ્યો છે સહી, હવે કરાવીએ ભોજન. કુળવંતી વળતી એમ વદે, દેખી વાપે કાળ; નામ ન લઈશ તું મુજ કને, મોહું એનું બાળ. લે તાંસળી તે ત્યાં થકી, એઠું જુઠું અન્ન, નાંખી મુઠી મીઠા તણી, દે કરવા ભોજન. બે ચાર પાપડ તે સહી, સહુ ભેળુ કીધું જાણુ; મુઠી બે મીઠા તણી, નાંખી તે પરમાણુ. ચોપાઇ—તાંસળી લીધી તે કર મોઝાર, આગળ મેલી તે રતુકાર; જમો મુરખા તમે વીર, જમી શીતળ પીધાં નીર. સુંદરે કવલ ભરયા જેટલે, બાહાર નીસરી પડી તેટલે; ઉપર પાણી પીધુ સાર, પછી કવલ ભરાયા બે ચાર, પ્રભુ ભલો તુ દીનદયાળ, તું તો જગતતણો પ્રતીપાળ; જમી ઉઠયો તે પરમાણુ, તેડું આવ્યું ત્યાં રાજન. સુંદર આવ્યો તે સભા મોઝાર, આવી રાજાને કરયા જુહાર; રાજાએ ઘણું દીધું માન, પાસે જઈ બેઠા પ્રધાન. વાલો લાગે રાજાને અપાર, સુંદર વીના ન ચાલે લગાર; મધ્યાન થયાને માગી રીખ, મનમાં કુળવંતીની ઘણી બીક. સુંદર ત્યાં થકી ઘેરજ જાય, તે રાતે પછી શુ થાય; રસ્તે જાતાં કરે છે વીચાર, આજ કારશી છે રતુકાર. પુરવછાયા—બીક ધરતો આવીયો, વેગે ઘર મોઝાર; બલીહારી આઉ તુજ ઉપરે, એમ વદે રતુકાર;

સુંદર મોહમાં આવીઆ, પરસાળે હશે જાણ; રતુકાર કહે રાણીને, બોલે મધુરી વાણ. મુરખો બેઠો આંગણે, ભોજનની શી પેર; કુળવંતી બોલી સહી, જેના મનમાં ઝેર. વહાલા વછો પડાવીઓ, ચડે છે મનમાં રીસ; શું કરૂ તે ચાલે નહી, નીકર હેદુ શીશ.

ચોપાઇ—એમ મુખથી બોલે કામન, ઝેર આણીને બહુ મન; એની વાત માં કર વારંવાર, એ મુંવાને માર પેંજાર. એઠું જુઠું જે હોય અન, આણી આગળ મુકયુ ભોજન, જમોજમોરે મારા ભ્રાત, શું કહું તમને ઝાઝી વાત. જેવો સમો તેવું સાવધાન, આંખો મીચીને જમીએ અન; સુંદર કહે સુણ રતુકાર, ભુખ નથી લાગીરે લગાર. પુરવછાયા—ભુખ નથી મુજને કાંઇ, સાંભળ કહું છું સોય; ઉંઘ ઘણી આવે મુને, કાંઇક પાથરણુ અમો અમોય. પછી રતુકાર ગઇ ઘર વીષે, જ્યાં કુળવંતી નાર; પાથરણુ માગે મુરખો, એમ કહેછે રતુકાર. ફાટલ આપી ગોદડી, માંહે ભટકલાં બાર; ખંખેરીને પાથરી, માંહે ધુળ ગરી શેર ચાર. પાહાણો મેલો ઓસીંગડે, મુખથી કહે કામન; સુંદર જોઈ એમ બોલીઓ, ભલો તું જગજીવન. ચોપાઇ—પાથરી ગોદડી ભડકલાં છે બાર, તારે બોલી તે રતુકાર; તમે કેમ ઘો મુરખાને છેહ, કાંઇક વીચાર કરોને તેહ. એવું શુણીને કાઢી પેંજાર, દાસીને મારી બે ચાર; છાની માની તે સાંખી રહી, ગોદડી લઇને ત્યાંથી ગઈ, તે લઈ આવી સુંદર પાસ, મુખે

નાંખતી બહુ નીસવાસ; બાઈ મારૂં ન ચાલે જોર, મુંને મા-
રી જેમ મારે ઢોર. ગોદડી પાથરી તેણી વાર, માંહિ ધુળ
ભરી શેર ચાર; ફાટલ ભડકલાં છે બાર, ઝટકી પાથરી તે-
ણીવાર. પુરવછાયા-સુંદર જોઈ વીસમય થયો, ભલો તું દી-
નદયાલ, આ ગોદડી કંઈ વરસની, કયાં રાખી જગપાલ.
એમ કહી સુતો ખરો, સુંદર તેણીવાર; નિદ્રા તો આવે
નહી, માંહી ચાંચણુ કરે ચટકાર. આખી રાત એમ વહી
ગઈ, થયો પ્રાતઃકાળ; મુખભંજન કીધું સહી, સમરયા
શ્રી દીનદયાળ. ચોપાઈ—સમરયા સમરયા દીન દયાળ, ગયો
સભા માંહે તતકાળ; દીઠો સુંદર તેણી વાર, રાજાએ ઉઠી
કીધો જુહાર. સુંદર આવ્યો તે ઘર મોઝાર, સામી ઉભી
છે રતુકાર. પુરવછાયા—બલીહારી તુજ ઉપરે, રસોઇ કરીને
જાય; ભોજન છે મન ભાવતાં, જે તુજને ગમે તે ખાય.
સુંદર આવ્યો ઘર વીષે, સમરૂં જગજીવન; રતુકાર ઘરમાં
ગઈ, જયાં બેઠી કામન. ચોપાઇ—ઘરમાં આવી તે રતુકાર,
જયાં બેઠી કુળવંતી નાર; બાઈ મુરખો આવ્યો તે ઘેર, હ-
વે ભોજનની શી પેર. જમીને શુતી તે કામન, ઘણો સાં-
ભરે તેજપાળનો તન; નેણે આંસુ વહે ચોધાર, ભુંડી કીધી
તેં કામદાર. મેં જાણ્યું આવું નવ હોય, વીધાત્રી મારી વે-
રણ હોય; હું માત તાતને ત્યાં મેહેલી, પરદેશમાં, આવી
એકલી, ઘણો શોક મન આણે નાર, એટલામાં આવી રતુ-
કાર; બાઇ મુરખો આવ્યો છે ઘેર, તેના ભોજનની શી પેર.

પુરવછાયા—રીસ કરી બહુ કુળવંતી, એક ઠેઠ મારી રતુકાર; જાને રંડા અહીં થકી, જે પડસું તે દે અહાર. ખીચડી પાપડ અન જે, મીઠું નાંખ તે માંય; તાંસળી આપ તું તેહને, મુરખો લઈને ખાય. પાસે આવી ઉભી રહી, તાંસળી મેહેલી પાસ; સુંદર અન ચાખી જુઓ, મુખે કરતી નીશ્વાસ. મીઠું બહુ નાંખ્યું સહી, ભાવે નહી લગાર; કવલ ભરયાં તે બે સહી, બીજું દીધું નાર. તે દિવસ એમ વહી ગયો, રાત તો પડી ત્યાંહ; શેવાકેરૂં ટાણુ થયુ, મુરખો બોલ્યો ત્યાંય. પાથરણું આપ તુ મુજને, સાંભળ તું રતુકાર, ફાટેલ આપી ગોદડી, માંહી ધુળ ખરી શેર ચાર; ઝાટકી જયારે પાથરી, માંહ ભડકલાં બાર; સુંદર કહે શ્રીનાથજી, નોધારા આધાર. લઈ રતુકારે પાથરી, પાથાણુ ઓશીકે હોય; સુંદર ત્યાં પોઢયો સહી, ટગમગ સામું જોય. ભલા અતી ભગવાનજી, ભક્ત તણા પ્રતીપાળ. તમ વીના તો કુણ કરે વેગે મુજ સંભાળ. સુંદર સુતો સાથરે, ઊંઘ ન આવે લગાર. ઉઠીને બેઠો થયો, ચાંચડ કરે ચટકાર. ચોપાઈ—ચાંચડ કરે ત્યાં ચટકાર, તેને ઉંઘ ન આવે લગાર. આખી રાત એમ વહીને જાય, પ્રાત:કાળની વેળારે થાય. મુખ મંજન કરયું તેણીવાર પછે ચાલ્યો તે રાજદુવાર. સુંદર આવ્યો સભા મોઝાર, આવી રાજાને કીધો જુહાર: આજ થયો રાજાનો દીવાન, માટે પ્રિતેથી આપો માન સુંદર એવું સુણતાં તતકાળ, પગથી મસ્તક ઉઠી ઝાળ. ઘડી ઘડી શું લેછે એનું

નામ. ખાલી વખાણ કરીને તું ભામ. ૩ મારા પગ તણી પેંજાર, શું જાણું જે કોણ કામદાર. ઘણું કરીશ જો તું વખાણ, તો પાપીનો લઈશ પ્રાણ. ૪ આજ કામદારી એને હોય, મીઠું ઝાઝું નાંખજે સોય તાંસળી વચમાં પડી છે જેહ, લઈ અન્ન નાંખી આપી તેહ ૫ માંહી ખીચડી પાપડ પ્રમાણ, લઈ તાંસળી આવી નીરવાણ. તે તો મેહેલી સુંદરની પાસ ઘણો નાંખે દાસી નીશ્વાસ.

પુરવછાયા.—નીશ્વાસ મુકે કામની, મારૂં ન ચાલે જોર; સુંદર મુખથી બોલીયો, ફોગટ શો કરવો સોર. ૭ એમ કહી બેઠા સહી, કવલ ભર્યા બે ચાર; નીસાસો મેલી કહે, તું ભલો વીશ્વાધાર. ૧ ફાટલ બીછાવી ગોદડી, જેમાં ભડકલાં બાર, ઝબકારો કીધો સહી, ત્યાં ધુળ ખરી શેર ચાર. ૪ ચોપાઇ.—પાશણ ઓશીકે મુકયા સાર, માંહી ચાંચણ કરે ચટકાર; સુંદર સમરે શ્રી ગોપાળ. ધન્ય ધન્ય જગત પ્રતીપાળ. ૧ પ્રભુ દામોદર બાલમુકંદ, નરક નીવારણ આનંદકંદ; પ્રભુ કરોને મારી સહાય, જેથી દુઃખ સઉ દુર પળાય. ૨ મારા કોટી અપરાધ જે હોય, તમે મનમાં ન ધરશો સોય; એમ કહી પ્રભુને લાગે પાય, સ્તુતી કરતાં રેણી વીતી જાય. ૩ તમે ભક્તવત્સલ હરી કહાવો, માટે દાસ કરે છે દાવો; મારી અરજ સુણી ભગવાન, તમે રાખો સેવકનું નામ. ૪ પુરવછાયા—રેણી ત્યાં વીતી ગઈ. થયો પ્રાતઃકાળ; સુંદર તવ ઉઠયો સહી, સમરી દીન દયાળ. ૧ ખમા-

ખમા સઉ ઓચરે, બંદીજન જશ ગાય; કરે સલામ સઉ સ્નેહથી થયા ત્યાં તૈયાર. ૨ ચાકર સઉ ભેગા થયા, આવ્યા ત્યાં કામદાર; ઘોડા ઉપર બેસતાં, નકી કરે પોકાર. ૩ ચોપાઈ.—સુંદર ઘોડે થયો અસ્વાર, આવી ઉતરયા રાજદુવાર; રાજાએ ઘણું દીધાં માન, આવો આવોને દેશી દીવાન. ૧ સુંદર વીના ઘડી ન રહેવાય, સુંદર કરે તે ત્યાં થાય; રાજાની રાણી કરે વિચાર, કેવી હશે સુંદરની નાર. ૨ તેડી વાલંદ કેરી કામન, જા તું સુંદર કેરે ભોવન; નખ ઉતારવા મશે કરી, ઉતારી જોઈ આવજે ફરી. ૩ પુરવછાયો.—વાલંદ કેરી નારી સહી, આવી સુંદર દ્વાર; જોતાં હરખી મન વીષે મુખે કરયો ઉચાર. ૧ રતુકારને જોઈ કરી, દીઠું રૂપ અપાર; નીજ મનમાં વીચારીયું, આ હશે સુંદરની નાર. ૨ આવો નખ ઉતારીએ, એમ કહેતી કામન; પચાસ રાણીએ મોકલી, હું આવી તમ ભોવન ૩ ચોપાઇ—એમ કહે વાલંદ કેરી નાર, તારે ત્યાં બોલી રતુકાર; હું તો દાસી માણુસ પ્રમાણુ, મારી રાણી છે મોહોલમાં જાણુ ૧ એમ કહી ચાલી રતુકાર, આવી કુળવંતી પાસે નાર; બાઈ વાલંદ કેરી કામન, મોકલી રાણીએ આપણે ભોવન. ૨ કુળવંતી કહે લાવ આ ઠામ, પછી લાવી તેડી રતુકાર; તેનું રૂપ છે અપરંપાર; તે જોઈ વીસ્મે હોય, એનું તેજ ખમે નહી કોય. ૩ મુખ ચંદ્ર જેવું છે જાણુ, કવી કહે કેમ કરૂં રે વખાણુ; બેઠી દીઠી તે કામની, નોય ભુતલ એવી ભામની, ૪ ચંદ્ર વદન

નેણાં છે વાંક, સીંહાંકારે કટીનો આંક; હંસા ગત ગજ કામની, જાણે શરદ શોભે જામની વેલ, જાણે વાડીમાં શોભે કેળ; જેવી દીસે ચંપા કેરી કળી, જાણે આકાશમાંની વીજળી. ૬ જેવી ઈંદર કેરી અપછરાય, માનુની મદભરી મછરાય; દીઠે લાગે તે મોહનું બાણ, કવી તેનું શું કરે વખાણ. ૭

પુરવછાયા—વખાણ તેનું શું કરૂ, મોહ પામી ઘણું નાર. બાંહ ઝાલી ઉભી કરી, પછી બોલી રતુકાર. ૧ શુદ્ધ શરીરની નવ રહી, ત્યાંથી ચાલી કામન. રાણી પાસે આવી સહી, રાય તણે ભુવન. ૨ આવી ત્યાં ઉભી રહી, દીધા સમાચાર, પચાસ રાણી તમે સહી, તેમાં એકે ન એવી નાર. ૩ એક દાશી એહની. તેવી તમમાં નહી કોય.નખમાં તણાયાં સહુ મેં મન વીચારયું સોય. ૪ જો તમે માનો નહી. જુઓ એની પેર. સુધ બુધ મારી જોતાં ગઇ, તમે જુવો જઈ ઘેર. ૫ એમ કહીને સંચરી, પોતાને થાનક જાય. રાણી સહુ વિસ્મય થઈ, આતે શું કહેવાય. ૬ મુરછા પામી કામની, વાલંદ કેરી નાર, એવું રૂપ છે એહનું, જોવી તે નીરધાર. ૭ ચોપાઈ—રાણી સઘળીએ કર્યો વિચાર, હવે નિશ્ચે જોવી નાર. આપણે ત્યાં કેમ જવાય, રાતે સમજાવી જોઇયે રાય. ૧ એ વાત રહી એટલે, સુંદર વીચાર કરે તેટલે. મધ્યાનકાળ થયો ત્યાં જાણ, તારે મુખથી બોલ્યો વાણ. ૨ જુહાર હમારો માની લીજીએ, આ આજ્ઞા તે અમોને દીજીએ.

એમ કહીને ઉઠયો તે વાર, નગારૂં દેવરાવ્યું કામદાર. ૩ સેના ચડી ઉભી થાય; ખમા ખમા તે કરતા જાય. સુંદર ઘોડે થયો અસ્વાર, સુંદર પાખરીઆ ચાલ્યા દશ હજાર. ૪ ધ્વજા નેજાને આગળ નિશાન, તતક્ષણ આવ્યો પોતાને સ્થાન. આવી ઉતરયો ત્યાં કામદાર, સરવે ચાકર કરે છે જુહાર. ૫ પુરવછાયા—જુહાર સરવે કીધો સહી, પાછા વાળ્યા તે વાર ઉપર લુણઉતારતી, દાશી તે રતુકાર. ભલે પધારયા વીરજી, હું જાઉ બલીહાર, મધુર વચન એમ બોલતી, આવ્યો ઘર મોઝાર. ચોપાઇ—સુંદર આવ્યો ઘર મોઝાર, રાણી પાસે ગઈ રતુકાર. બાઈ આવ્યોરે દેશ દીવાન એને આપીએ આપણ માન ? ભોજન આપો એને ભરપુર ભોજનરે થયું ઘણું અસુર. તારે બોલી કુળવંતી નાર. એ મુવાને માર પેંજાર. ૨ મુજ. આગળ ન લે એનું નામ, નહીતો મારૂં તુજને આ ઠામ. તારે મન એ તો કામદાર, મારા પગ તણી પેંજાર. પુરવછાયા—પેંજાર મારા પગ તણી, ગમે ન એનું વચન. તાંસળી લેઇને આપ તું, એઠું જુઠું અન્ન. ૧ સુણતાં કચવાઇ ઘણું, દાસી મન અપાર; અરે પ્રભુ સામું જુઓ, દુખીઓ છે કામદાર. ૨ રતુકાર કહે શું કરૂં, મારૂં ન ચાલે જોર. બોલ્યાનો કાંઇ લાગ નહી, હવે શું કરશો સોર. ૩ ચોપાઈ—પુછે તાંસળી સીધી કામન, માંહે ખીચડ પાપડ અન્ન. સુંદર બોલ નહી લગાર, લેઈ કવલ ભરયા બે ચાર ૧ સુંદર ધીરજ રાખે મન,

ભલું કરશે જુગજીવન. એવી મનમાં વીચારે વાત, પછી પડી ત્યાં વેગે રાત. ૨ સજ્જા કીધી છે સુંદર કાજ, કુળ-વંતીને ઘણી છે દાઝ; ફાટલ ગોદડી દીધી સાર, માંહે દીસે ભડકલાં બાર. ૩

પુરવછાયા—ખંખેરી તે પાથરી, ધુળ ઊડી શેર ચાર. સુંદર ત્યાં જોઇ રહ્યો. માંહી ભડકલાં બાર. ૧ તેપર કીધો સાથરો, પાશાણુ ઓશીકે હોય. બીછાનું કરાયું સહી, સુંદર ઉભો જોય. ૨ ભલો ભલો ભગવાનજી, લજ્જા રાખ-શે શામ; ભક્તવત્સળ છો ભુદરા, દુઃખ તણા વીસરામ. ૩ સુંદર સુતો ઘર વોશે, રાજા મોહોલજ માંહ; સુખ સજ્જામાં પોઢીઆ, રાણી તલાસે પાય. ૪ ચોપાઇ—રાણી આવી સરવે પાસ, આવી ઉભી તીડાં પચાસ; બેઠી મળીને કરે છે વાત, તમે સાંભળો મારા નાથ. ૧ સુંદર નારી કહીએ જેહ, અમને દેખાડો તેહ; વાલંદની સ્ત્રી કહીએ જાણુ, તન વાગ્યાં મોહનાં બાણુ ૨ મુરછા પામીને તે વળી, તેની શુધ શરીરની ટળી; એવી રૂપવંતી છે નાર, અમને દેખા-ડો ભરથાર. ૩ એમ કહી પગ તાણ્યો નાર, તમને સુવા ન દઇએ લગાર. ત્યારે વળતા બોલ્યા ત્યાં રાય, અમે જોશું એ કન્યાય, ૪ હમણા નીંદ્રા આવે અપાર, માટે સુઇ રહે-વાને દો નાર, તોયે કામની ના મુકે કેડ, વારેઘડીએ કરે બહુ છેડ. પુરવછાયા—દુખ દીએ છે કામની, ત્યારે રાજા બોલ્યો વાણ; પેટ બળ્યું છે તાહરૂં, જાય છે મહારા પ્રાણ.

૧ નારી તો મુકે નહીં, રાજાને ચડી રીસ; તમને કહાડી મુકુ ખરો, નહીતર છેદુ શીશ; ૨ નારી મુખથી એમ કહે, અમને નહીં કાંઈ લાજ; વેચીશું જઈ લાકડાં, લાજશો તમો મહારાજ. ૩ ત્યારે રાજા એમ કહે, મેહલો આણે દન. એક વાર જાઉં ખરો, પછી દેખાડું કામન. ચોપાઈ- એમ રાજાએ કહ્યો બોલ, નારી કહે તમે આપો કોલ; પછી રાજાએ કોલજ દીધ, તારે થયો પ્રાતઃકાળ સીધ. ૧ તત્ર રાજા કરે છે વીચાર, હવે પરપંચ કરૂં હું સાર; જેમ દુભાય નહી કામદાર, દીવસ ચડીઓ ઘડી બે ચાર. ૨ પુરૂવછંદા--રાજા કહે ભલે આવીયા; એક પુરો મનની હામ; ચોપાટ રમીએ બેઉ સહી. આપુ તમ શું કામ. ૧ નવો પ્રધાન થાસે ખરો, તે રમે અમારી સાથ; આનંદમાં દીવસ નીગરે, એ માનો મુજ વાત; ચોપાઈ—સુંદર આવો સોગટે રમીએ, જે હારે તેને ઘેર જમીએ; તેની નારી તે પીરસે અન્ન, લજજા ન ધરે તેની કામન. ૧ આપણે કરી એટલી હોડ, ત્યારે પહોંચે મનના કોડ. ત્યારે સુંદર બોલ્યો વચન, હું છું તમારોરે તન. ૨ તેની કેમ પીરસે કામન, લજજા કેમ મુકે રાજન; પુત્ર જમે માતાને હાથ, તે તો જાણે છે સરવે વાત. ૩ ઘડતું હોય તેમ રમાય, સાચું વચન કહું છું રાય; ત્યારે રાજા બોલ્યો વાણ, સાંભળ સુંદર ચતુર સુજાણ. ૪ હેવું ભાગ્યમાં હોય ત્યારે થાય, વહુ રાંધે ને સસરો ખાય; તે માટે આપણુ રમીએ, જે

હારે તેને ઘેર જઈએ, સુંદર ઝાંખુ મુખ તારૂં થાય, પાસા લીધા હાથમાં રાય; એવું જ્યારે કીધું રાજાય, તતક્ષણ નાંખ્યા પાસાય. ६

પુરવછાયા—સુંદર મુખ ઝાંખુ થયું, ત્યાં જીત્યો રાજન; ઘરમાં પેઠાનો ઠામ નહી, શું કીધું જગજીવન. १ હવે તો શું કરૂં, કેમ કરૂં હું કાજ; મેં જાણ્યું સુખ પામશું, મરણ આવ્યું મહારાજ. ૨ એમ કહીને તે નીસરયા, કલપાંત કરતો મન; ઝાંખુ મુખ દેખી કરી, તવ બોલ્યા રાજન. ૩ ચોપાઈ—રાજા મુખથી બોલ્યો વચન, સુંદર સાંભળરે મારા તન; કાં ઝાંખુ થયુંરે વદન, કાંઈ ચીંતા મઈ, કરશો મન ૧ હવે ઘેર તું વેહેલો જાય, ભોજનને તે અસુરજ થાએ; ત્યારે સુંદર બોલ્યો વચન, કાલ જમવા આવો રાજન. ૨ એમ કહીને હેલો ત્યાં થાય, સુંદર પોતાને ઘેર જાય; અશ્વ ઉપર થયો અસ્વાર, દુંદભી વાગી તેણીવાર.

પુરવછાયા--સુંદર ત્યાંથી ચાલીઓ, નીશાણ વાગીએ ઘાય; ઢોલદદામા ગડગડે, ખમાખમા કરતાય. ૧ સુંદર આવ્યો ઘર આંગણે, સરવેને કરયો જુહાર; બલીહારી જાઉં તુજ ઉપરે, એમ કેહેતી રતુકાર. ૨ ચીંતાતુર દીસો ખરા, વળી તમે કહી વાત; જેવું હોય તેવું કહો, સુંદર મારા ભ્રાત. ૩ વચન એવું સાંભળી, મુખ મુકયો નીશ્વાસ; મરણ આવ્યું ઢુકડું, ભાગી મનની આશ. ૪ મેં જાણ્યું હવે જીવશું, દુઃખનો ન આવીઓ અંત; રાજાજી હડે ચઢયે

ધણી જેને મન ખંત. ૫ ચોપટ રમીયા રાયજી, બોલ્યા રૂડી પેર; રમત રમતાં હારે સહી, જમીએ તેને ઘેર. ૬ એવું વચન રાયે કહ્યું, તેનો થયો વીચાર; તે માટે તમો જાણજો, મોત આવ્યું રતુકાર. ૭ ઉગરવાનો ઉપાય નહીં, કહ્યું ન માને નાર. સમજાવી સમજે નહીં, રતનસેનની કુમાર. ૮ રતુકાર હું શું કહું, મુખથી કહ્યું ન જાય; છેતરીઓ મુને રાયજી, તે ચીંતા નવ સમાય. ૯ તારી મોટી આશ છે, તું વીના ન રાખે કોય; તે કરતાં લખીયું હશે, તેનો ધોખો નોય. ૧૦ મેહેરબાની કરી કહ્યું, ન માને લગાર; હતું તહાં સરવે સહી, મરણ આવ્યું હવે નાર. ૧૧ ચોપાઇ—સુંદર બોલ્યો તેણી વાર, તું તો સાંભળરે રતુકાર; હવે મરણ આવ્યું નીરધાર, હામ રહી તે હઇયા મોઝાર, ૧ તારી રાણી ન પીરસે અન્ન, જમવા તે નાવે રાજન: તે માટે મરવું આણે દન, હામ હઇયામાં રહી કામન. ૨ આબરૂ તો મારી જાએ સાર, સાચું માને તું રતુકાર; હવે મારૂં પેટ કટાર, હામ રહી હઈઆમાં સાર. ૩ તારા ગુણનો ન આવે પાર, સાચી વાત કહુંછું નાર; મારા ચામની શીવડાવું પેંજાર, હામ રહી હઇઆમાં સાર. ૪ પાણી પેહેલી બાંધુ પાળ, મુવા ઉપર બીજી નહી ગાળ; તે માટે મરૂં આ વાર, વળતી ત્યાં બોલી રતુકાર, છેડે કરી આંસુ લુવે ત્યાંહી, હામ રહી હઈઆમાં અહીં. વળતી બોલી રતુકાર; જઈ સંભળાવું કુલવંતી નાર, તું તો દુઃખ

ઘર માં લગાર, ધીરજ મનમાં રાખીએ સાર. ૭ તું તો દુખ પામે છે અપાર, સુખી કરશે જુગદાધાર; એમ કહે છે રતુકાર, ધીરજ મનમાં રાખો કામદાર. ૮ એમ કહીને ઉઠી કામન, ઘર મધે ગઈ ભામન; તારે હરખ્યો તે સુંદર મન. લજા રાખો જો જગજીવન, ૯ પુરવછાયા—ધીરજ મનમાં રાખો સહી, એમ કહે છે રતુકાર; કંઈ એક પરપંચે કરી, સમજાવું એ નાર. ૧ એમ કહીને સંચરી, ગઈ કુલવંતીની પાસ, કરજોડી કરે વીનતી, હુંછું તમારી દાસ. ૨ ચોપાઈ—બઈ કહુંછું એકજ વાત, તમે રીસ માં કરશો માત; મુરખો મરે છે આણીવાર પછી આપણે થાશું ખુવાર; રાજા જમવા આવે આપણે ઘેર, માટે રસોઈની શી પેર, જો તમે કરશો નકાર, તો મરે રાજાનો કામદાર; ૨ તારે કુલવંતી બોલી વાણ, મુરખો મરે તો થાય કલ્યાણ; એનું મુખ દેખે થાય પાપ, એ મરે તો મટે સંતાપ. ૩ વણ ઓસડે રોગજ જાય, તીખું કડવું તે કોણજ ખાય; એવું કરે જો ત્રીકમરાય, તો તો આપણું સુખડુ થાય ૪ પુરવછાયા—સુખ થાએ તે આપણે, એમ કેહેતી નાર; વચન એવાં સાંભળી, તવ બોલી રતુરાર ૧ અરે બાઇ એ શું કહો, વીચારો કંઇ મન; મુરખો મરે દુઃખ ઉપજે, લુટી લીએ રાજન. ૨

ચોપાઈ—નીશ્ચે લુંટી લે સઘુ ધન, તારે ઓરતો કરશો મન; તવ આપણું નહી કંઈ જોર, ભુંડા હાલ કરશે જેમ ઢોર.

૧ તારે સમજી કુળવંતી નાર, તું સાંભળરે રતુકાર પેટ ભરીને દેહે તું નાર. મુવો ચીર મંગાવે ચાર. ૨ ચાર ચુડલા મંગાવે જાણુ, તેમાં જુજવા રંગ સમાણ; કોરો ને કડકડતો જેહ, કચકડાને સુવરણુનો તેહ. ૩ એવા ચુડલા મંગાવે ચાર, આભુષણુ જુજવાં તે સાર. જુજવી ભાતનાં વળી લાવો ચાર, ઘણા જીણા અમુલખ હાર. ૪ નારી કુંજરનો; એક સાર, બીજો સોનેરી નીરધાર. ત્રીજો વળી ખંગાળી ઘાટ, ચોથો ઓ ભુલાવે તે માટ. ૫ એવા જુજવા ચારે રંગ, મુકો લાવી આણે જંગ. એવાં વચન કહ્યાં કામન, હાશીને ઉછરંગ બહુ મન ૬ જયાં બેઠો છે કામદાર, મુખથી બોલે રતુકાર, તુજ ઉપર જાવું બલીહાર; તમે ચીર મંગાવો ચાર. ૭ ચાર ચુડલા મંગાવો જાણુ, જુજવા રંગના પરમાણ. બે લાવો અંકોટીની જોડ, એક નથને બીજો મોર. ૮ બીજાં આભુષણુ છે અતી ઘણાં, તે તણી નહી કાંઇ મણા. એવો બોલ રતુકારે કહ્યો, સુંદર મનમાં ઘણો રાજી થયો. ૯

પુરવછાયા—વચન એવાં સાંભળી, હરખ પામીયો અપાર. બારે ઉભો રહી ફરી, તેડયા ઢળીત ચાર. ૧ શીવચંદને વળી, મુળચંદ કહેવાય. ઝવેરચંદને તેડજો; એમ કહે સુંદરરાય. ૨ તતક્ષણુ ત્યાંથી ચાલીયા, આવ્યા તેણે ઠાર. ચલો બે ચલો બે એમ કહે, બોલાવે કામદાર.

ચોપાઇ—ચલો બે ચલો બે તુમ સહુકાર, તમકુ બોલાવે કામદાર. હમ કહે તે જલદી કરો, નહીતો માર ખા-

ઇને મરો. ૧ તુમ કહ્યા કરો કામદાર, ચલો નહી તો ખા-એગા માર, હમતો ચાકર માણસ ભાઇ, હમને રોટી ઉનકી ખાઈ. ૨ પુરવછાયા–શીવચંદ મુળચંદ એમ કહે, આ ટાણે શું કામ; રાત પોહોર ગઇ ખરી, કેમ તેડે દીવાન, ૧ ચારે જણ ભેળા થયા, થર થર ધ્રુજે દેહ. પોતીયાં પડે છે નીસરી, પડે છે પાઘડી તેહ ૨ નવો કામદાર થયો સહી, આપણને દંડે જાણ, આ ટાણે તેડું મોકલ્યું, કાંઇક ચુક છે નીરવાણ. ૩ હવે આપણે શું ઘટે, બેસી કર્યા પરીઆણ જે ગમે તે આપશું, એમ મુખેથી બોલ્યા વાણ. ૪ ચોપાઇ—ચારે ભેળા મળીને જાય, આવ્યા જ્યાં છે સુંદરરાય; ત્યાં આવી ને કર્યો પ્રણામ, તારે સુંદરે દીધાં માન. ૧ લાવ ગાદલુ તું રતુકાર, પાથરી બેસારો શાહુકાર. દાસી ગઇ તે ઘર મોઝાર, ગોથાં ખાતી ખાતીરે નાર. ૨ મનમાં વીચાર કરતી જાય, રખે કુળવંતી સાંભળે કાંય તો તો કામ નાશીને જાય, માંડ માંડ કહી છ હાય. ૪ વળી સુંદર બોલ્યો જેહ, લાવ પાથરવાને તેહ; ત્યારે બોલ્યા ત્યાંહ શાહુકાર, અમને ફીકર નથીરે લગાર; એમ કહીને બેઠા શાહુકાર, હવે શું કહો છો કામદાર. ત્યારે સુંદર બોલ્યો જેહ, એક કામ કરોને તેહ. ૫ ચાર. ચાર ચુડા લાવો નીરધાર, આણી આપો રૂડાં ચીર ચાર રંગ જુજવા જુજવી ભાત, જોઇયે તે આણી આપો આજ. ૬ અકોટી ઝાલ સુવરણની જાણ, જડાવ નથી નેપુર પ્રમાણ; આણી હમણાં

આપો સાર, એમ કહેવા લાગ્યો કામદાર. ૭ જો ગમશે તો અમે રાખશું, એનું મુલ થશે તે આપશું; ઉઠો કહું તમને આણી ઘડી, તમે વાર માં લગાડશો વળી. ૮ પુરવછાયા–શેઠ અતી રાજી થયા, ગઈ તે સઘળી ઘાત; મારગ ચાલ્યા મલપતા, કરે માંહોમાંહી વાત. ૧ ધરમ રાખ્યો પરમેશ્વરે, હતી મનમાં ફાળ; વીઘન કશું નડીયું નહી, તે કીરપા દીનદયાળ. ઘેર પોતાને આવીયા, કરયો મનમાં વિચાર; ચાલો ઝટ જઈ લાવીએ, ચઉટેથી નીરધાર. ૩ એમ વિચારી નીકળ્યા, ધન રાખીને પાસ; કહ્યા પ્રમાણે વોહોરીયું, જોતાં પહોચે આશ. ૪ વસ્તુ સરવે લેઈ કરી, આવ્યા સુંદર પાસ; જોઈ અતી રાજી થયા, મુખે કહે શાબાશ. ૫ ધન બેઠું હોય જેટલું, તે દીજે આ વાર; લજ્જા નહી તે વાતમાં, એમ કહે કામદાર. ૬ બેઠું તે મુખથી વધા. શાણા જે શાહુકાર; તેજ પ્રમાણે આપીયું; ક્ષણું નવ કીધી વાર. ૭ જુહાર કરીને આવીયા, પોતાને આવાસ; મનમાં બહુ રાજી થયા, પહોચી સરવે આશ. વસ્તુ સરવે લઈ કરી, આપી ત્યાં રતુકાર; જઈ તું વેગે આપની, જયાં કુળવંતી નાર. ૯ ચોપાઈ–તે રજની તો વીતી જાય, પ્રાતઃકાલની વેળા થાય, રાત પાછલી ઘડીકા ચાર, ત્યારે ઉઠી કુલવંતી નાર. ૧ રસોઈ કરે રૂડી તે તઇયાર, ચતુર નારીને શાની વાર; છપન ભોગ કીધા છે કામન, તેતો રાજાને કરવા ભોજન. ૨ તરેહ તરેહનાં કીધાં છે શાક; તેમાં ચુક ન-

હીરે જરાક; ભજીયાં ગરમાગરમ છે અપાર, વળી રાયતાં કીધાં નીરધાર. ૩ લીંબુ કેરી તણાંરે આચાર, સરવે રાખ્યાં ત્યાંહાં તઇઆર; પછી કહે કુલવંતી નાર, તું તો સાંભળને ર-તુકાર, ૪ હવે દીવસ ચઢયો ઘડી ચાર, રાજાને તેડાવો આણીવાર; સામગ્રી સરવે છે તઈઆર, માટે મુરખાને કહે નીરધાર. ૫ સુણી કુલવંતીનાં વચન. રતુકાર થઈ છે પ્રસન; આવી સુંદરને કહે છે વાત, તું તો સાંભળ મારા ભ્રાત ૬ સરવે રસોઇ તઈઆરજ થઈ, રાજાને બોલાવો અહી; આજ તુઠયા છે શ્રીભગવાન; રાખ્યું તમારૂ આ સમે માન, માટે પધારો તમે વીર; રાખોને હૃદીઆમાં ધીર; તેડી આ-વજો ઝટ તમે સાર. વાર કરશો નહીરે લગાર. ૮ એવું સુ-ણતામાં ત્યાં કામઠાર, મન રાજી થયો છે અપાર; મારા ભાગ્ય તણો નહી પાર, આજ સમજી કુલવંતી નાર. ૯ પુ-રવછાયા-સુંદર ત્યાંથી ચાલીયો, આવ્યો રાયને દ્વાર; પ્રીત કરી પધારીએ, ભોજન થયાં તઇઆર. ૧ માટે વેગે ઉઠીએ, હોંસીલા મહારાજ; પુત્ર ઘેર પધારીએ, ભોજન કરવા કાજ. ૨ ચોપાઈ-ચાલો આપણે દ્વાર, ભોજન થયું ત્યાંહાં તઈ-આર; સુંદરે એવાં કહ્યાં વચન, જમવાને ચાલ્યો રાજન. ૧ રાજા ઘોડે થયો અસ્વાર, ચાલો ચાલો કરે તેણીવાર; આ-વ્યા તતક્ષણ ઘેર કામઠાર, સામી ઉભી છે રતુકાર. પુરવછા-યા-દાસી દોડી ઘર વીખે, બાઇ આવ્યો તે રાજન; મુર-ખો તેડી લાવીયો, કરાવો ભોજન. ૧ કુળવંતી ત્યાં એમ

વદે, પરસાળે તેડી લાવ; આસન આપ તું બેસવા, દઈને આદરભાવ. ૨ પછી રાજાજી આવીયા, ભીડાવ્યા ત્યાં દ્વાર; પરસાલે બેઠા સહી, પાસ બેઠા કામદાર. ૩ રતુકાર વળતી એમ કહે, તમે ભલે પધારયા રાજન; રાજા વળતો જોઈ રહ્યો, ધન ધન તે કામન. ૪ જેવી દાસી ચતુર છે, તેથી ઉત્તમ નાર; ધીક ધીક મારો મનખો, ધીક પડયો સંસાર. ૫ ચોપાઇ–ત્યાં તો જમવા બેઠા રાજાન, કુળવંતીએ દીધ બહુ માન; પેરયો ચુડો સુવરણનો જેડ, ઓઢયું ચીર અનોપમ તેહ. ૧- પેહરયાં ઝાંઝર ઉત્તમ સાર, કડલાં કાંબી તણા ઠમકાર; કાને સુવરણ કેરી ઝાલ, નાકે મોર અમુલખ માલ ૨ રૂડી રાખડી શોભે વળી, ઓઢણીયું પાસે વાદળી; દરસનીયું ને ગોફણી સાર, ફરતો ઘુઘરા કેરો ઘમકાર. ૩ સણગાર ગળામાં શોભે સાર, જુમખડું પટ બાંધ્યું તે વાર કંઠે મુક્તા કેરો છે હાર, હીરા રતન તણો ચમકાર. ૪ હાથે કંકણ બાજુબંધ, મહા કામી જોઈ થાય અંધ; સોલ શણગાર સજ્યા તે નાર, કર લીધો બાજઠ ભમરી બાર. ૫ હેમ બાજઠ મુકયો છે પાસ, બીજો રૂપાનો તેની પાસ. હેમ બાજઠ હીરા જડયા, કીધા જડીઆએ રૂડા જડયાં. ૬ કુંદડી ફરતી તેમાં સોહે, વળી ઝાંઝર રૂડાં હોએ; રૂપા કેરો બાજઠ ત્યાંય, હેમ ઘુઘરી ટાંકી તે માંહે. ૭ કીધા કારીગરે તે ઘડીઆં, હીરા રતન અમુલ્ય જડીયાં; વળી ગાદલાં બે લીધાં સાર, તે તો બેસવાને નીરધાર. ૮ પાંચ પટીલી કહીએ

જેહ, તેનાં ગાદલાં લીધાં તેહ; તે ગાદલાં આપે રતુકાર, જઈ પાથરયાં તેની વાર. ૯ પછી તતબર થઈ કામની વેગે ચાલી ગજ ગામની; ઘરમાંથી નીસરી બાહાર, તેમાં કાંઇ ન લાગી વાર. ૧૦ રમઝમ કરતી નીસરી, જાણે ઈંદ્ર પુરીની પરી; બાજઠ મુકયા રાજાની પાસ, મનમાં થઇ બહુ ઉલાસ. ૧૧ બીજો બાજઠ રૂપાનો જેહ, સુંદર આગળ મુકયો તેહ; અવળે હાથ મુકયો કામન, મુખ જુવે નહી ભામન. ૧૨ રાજા મનમાં કરે વિચાર, લજાવંતી દીસે છે નાર; મહા રૂપ તણો અવતાર, તેમાં ખામી નહી લગાર. ૧૩ પુરવછાયા—રાજા તે વીસ્મે થયો, ધન ધન એ કામન; ભાગ્ય મોટું સુંદર તણું, એ નારી રૂપ રતન. ૧ પચાસ રાણી છે ખરી, મારા ઘરમાં સોય; એવુ રૂપ દીઠું નહી, ઉમર માંહી કોઈ. ૨ ચોપાઈ—પછી કુળવંતી ઘરમાં ગઈ, ઉતાર્યા આભુષણ ત્યાં સહી; બીજાં વસ્ત્ર પેહેરયાં તેણીવાર, બદલ્યા સરવે ત્યાં શણગાર. ૧ ચુડો પેહેર્યો કોરેલો જાણ, દક્ષણી ચીર ઓઢયું નીરવાણ; હાથમાં ભોજન કેરો થાળ, ભરજો બન છે મછરાળ. ૨ મેહેલ્યો થાળ બહુ વિધ કીધ, અવળે હાથે સુંદરને દીધ. નારી કળા કરે છે અપાર, તેનો કોઈ ન પામે પાર. ૩ આતો બીજી દીસે છે કામન, એમ વિચારે મનમાં રાજન; સુંદરને એ છે રૂડી નાર, એના તેજ તણો નહી પાર. ૪ પુછવછાયા રાજા ત્યાં જોઇ રહ્યો, ભલો સુંદર કામદાર; સરખે સરખું રૂપ છે, એને એ છે નાર. ૫ કનક વરણ

કામની સોહીએ સોલ શણુગાર. હંસ ગતી, મરગલોચની, પદમની પ્રેમ અપાર. ૬ ભરજોબન વરસ સોલમાં, ગજગામની તે નાર. ધીક ધીક અવતાર તે મહારો, એમ રાજા કરે વીચાર, ૭ ચોપાઈ—રાજા મનમાં કરે વિચાર, પછી ઘરમાં ગઈ તે નાર; તેણે શણુગાર ઉતારયો જાણુ, પછી પેહેરયો ત્રીજો પરમાણુ. ૧ કોરો ચુડલો પેહેરયો તે સાર, ઓઢી ચુંદડી તે નીરધાર; પેહેરયાં આભુષણુ બીજાં જાણુઃ દીઠે મોહ ઉપજે નીરવાણુ. ૨ જાણે કન્યા પરણી સાસરે જાય, એવું મન વિમાસે રાય. લીધો ભાત ઘ્રતને દાળ; જેનો સ્વાદ ઘણોજ રસાળ. ૩ ઠમકે ઠમકે મુકતી પાય, કામી નરનો તો જીવડો જાય; રાજાને વાગ્યું કામબાણુ, તેની શુદ્ધ ટળી નીરવાણુ. ૪ વપુ કંપે ને મુખ ન બોલાય, તેની ગતી જોતાં એવી થાય; જોઇ સુંદર ત્યાં કરે વિચાર; રાજા કામી થયો નીરધાર. ૫ પુરવછાયા–શુધ શરીરની નવ રહી, રાય વિચારે મન, મેં જાણ્યું સ્ત્રી બે સહી, પણુ દીસેછે ત્રણુ. ૧ પચાસ પુરી પરણીયો, નડુી કોઈ એવી નાર, ધીક ધીક મનખો માહુરો, ધન્ય સુંદર અવતાર. ૨ ચોપાઈ–એમ રાજા વીચારે મન, ઘરમાં તે ગઇ કામન; ઉતારયા વેગેથી શણુગાર, નવા બીજા પેહેરયા તે નાર. ૧ કચકડાનો ચુડો શોભે અપાર, બાંહે બાજુ બેરખા નીરધાર; બાંધણીની સાડી પેહેરી જાણુ, નાકે વાળી પહેરી પ્રમાણુ. ૨ જાણે ગુજરાતણુ નીસરી બાહાર. હાથમાં ધરયો દુધનો

થાળ; માંહી સાકર ભરી છે સાર, જાયફળ એલચી ખુરાબો-દાર. ૩ પુરવછાયા—આહાર નીસરી કામની, હાથમાં દુધનો થાળ; તે રાજા ત્યાં જોઇ રહ્યો, પડી પેટમાં ફાળ. ૧ સુધ બુધ સરવે વીસરી, ભાન નહી લગાર; જોજો ભાગ્ય સુંદર તણું. જેને અસ્ત્રી છે ચાર. ૨ ધન ધન સુંદરનો મનખો, ધન ધન એ કામદાર; ધન ધન રાણી કુળવંતી, જેની દાસી રતુકાર. ૩ તુજ ઘર એવી કોઈ નહી, જોતાં એવી નાર; હવે તે હું શું કરૂ, રાજા કરે વીચાર. ૪ સુંદરને મારૂં સહી, ચારે લઉ કામન; જોતાં સુંદર ચેતીયો, કામી થયો રાજન ૫ ચોપાઇ—સુંદર સમરે સારંગપ્રાણ. મધુસુદનજી રાખજો માન; પ્રભુજી પાસુ છે તમ તણુ, સાચુ વચન હુતો ભણું. ૧ તમે ઉગારયા ભગત અનેક, તેને કેહેતાં ન આવે છેક; લજ્જા રાખજો કમળાપતી, એમ સુંદર કરે વીનતી. ૨ સુંદર મનમાં એવી ભગતી કરે, તવ રાજાનું મન પાછું ફરે; કેમ મારૂ એ કામદાર, મુજને ચાલે નહી લગાર. ૩ પાપ દ્રષ્ટી મારી થઇ, વૃધપણુમાં બુદ્ધી કેમ ગઇ; સરપ કરડે ને જીવડો જાય, તારે સી ભક્તી કયાં થાય. ૪ ક્ષણ ભંગ તો આછે દેહ, શરીર પડવાનું છે તેહ: પ્રભુજીએ આપી એવી બુદ્ધ, ત્યારે રાજાના મનમાં થઇ શુધ. ૫ એ તો મ્હારે પુત્રી સમાન, એમ રાજાને આવ્યું જ્ઞાન; ખોટી દ્રષ્ટી મેં તો કરી, એ તો મારી ભગની દીકરી. ૬ જમી ઉઠયા છે તેણીવાર; તેને વાર ન લાગી લગાર; હવે પાડ-

ઓશીગણુ થાઊં, પસલી આપીને અહીંથી જાઉ. ૭ પાંચ હજાર રૂપઇઆ સાર, ચાર સ્ત્રીં ને રતુકાર; પગે લાગીને રાજા જાય; તેને ઉલટ અંગ ન માય. ૮ પુરવછાયા--રાજા તતક્ષણુ ઉઠીયા: ઘોડે થયા અશ્વાર; સુંદર ભેગો ચાલીયો; તે આવ્યા રાજદુવાર. ૧ તે દીવસ એમ વહી ગયો; થયો સંધ્યાકાળ; શીખ માગીને સંચરયા; સુંદર તે તતકાળ ૨ ફાટલી બીછાવી ગોદડી: માંહી ધુળ ભરી શેર ચાર; તે સુવાને પાથરી; માંહે ભડકલાં બાર, ૩ સુંદર તો સુતો ખરો; રાજા સુવા જાય: સજ્જામાં પોઢયો ખરો; સ્ત્રી તળાંસે પાય. ૪ પચાસ રાણી ભેગી થઇ; બોલી મુખથી વચન; સુંદર નારી જોઇ આવીયા; તે દેખાડો રાજન. ૫ એમ કહી પગ તાણુતી; દુખ દેતી નાર; અમે તે જોશું સહી; સ્ત્રી છે જે કામદાર. ૬ ચોપાઇ—મુકો મુકો કહે રાજન; તમે દુખ માં દીઓ કામન; તોએ નારી ન મુકે કેડ; ઘણી કરતી રાજાની છેડ ૧ તારે રાજાને ચઢી ઘણી રોસ; કહુાડી મેલું કાં છેદુ શીશ; તારે નારી બોલી વચન; તજશો માં તમે સ્વામીન. ૨ અમે કરશું નીચાં કામ; ત્યારે જાશે તમારૂં નામ; લાકડાં ઘાસ વેચી પેટ ભરશું, તમારા મોહલ હેઠે નીકળીશું. ૩ પ્રથમ બોલ્યાતા મુખથી બોલ; તમે આપ્યો તો અમને કોલ; માટે દેખાડો તે નીરધાર; રાજા કહે સ્ત્રી છે ચાર. ૪ જેને દેખીને રીજે મન; તેનું કેમ જોવાએ વદન; તમે પચાસ રાણી કામન; દુર મુખણી છો ભામન.

પુરવછાયા—રૂપ એનું અદભુત છે, તમે નહી હાસી સ-મતોલ; પરપંચ કરી દેખાડીશું, એમ રાજા બોલ્યા બોલ. ૧ કોલ આપ્યો તે નારને, રાજી થઈ અપાર; આતુરતા મળવા તણી. સમરે જુગદાધાર. ૨ ચોપાઈ—રાજા ઉઠયા તે પ્રાતઃકાળ, સુંદર આવ્યો તે સભા મોઝાર; ત્યારે રાજાએ દીધાં માન, ભલે આવ્યા તમે પ્રધાન. ૧ આજ રાતે મેં દીઠો ખેલ, તે તો તમને કહુંછું પેલ; એક નારી તો ભીને વાન, તેતો દીસે રૂપ નીધાન. ૨ તેણે ધોળી ઓઢી શીશ, જાણે કરે છે ઘણેરી રીસ; એક ત્રીશુળ કર મોઝાર, સીંદુર તીલક કર્યું નીરધાર. ૩ પુરવછાયા—સીંદુર તીલક તો કર્યું, મેં સ્વપ્ને દીઠી નાર; ખબર હોયે તે ખરૂં, સુખ કરતી પોકાર. ૧ ખાઊં ખાઊં રાજા તુજને, ખાઊં તુજ પરધાન; નીવેદ મારાં નવ કરો, સમજુ થઈ રાજન. ૨ ઉજાણી કરો માહરી. ભદ્રકાળી છે નામ, માહાકાળેશ્વર શીવ સહી, તમે આવો આણે ઠામ. ૩ તે માટે તમે સાંભળો, પ્યારા મુજ કામદાર; ઊંટ ઢંઢેરો ફેરવો સહી, આવે સરો નરને નાર. ૪ ચોપાઈ—બહુ આવે ત્યાં નરને નાર, પડો વજડાવો આની વાર; ત્યારે સુંદર બોલ્યો વાણ. એમાં સરવેનું થાય કલ્યાણ. ૧ ઢંઢેરો ફેરવ્યો તે ઘડી, તેને વાર ન લાગી વળી; ગામ મધે જે નરને નાર, ઉજાણી જાવા થાજો તઈયાર. ૨ ભદ્રકાળી માતા છે જયાંય, બાગ ગોપાળ આવજો ત્યાંય; એમ ફરી આવ્યો પાછો ઠામ, આવી દેહ

કરંયો પ્રણામ. ૩ એમ ફરીને આવ્યા રાય, પછી પોતાને ઘેર જાએ; રાજા બોલ્યો તેણીવાર: તું તો સાંભળ મુજ કામદાર. ૪ હુવે વાત કહું છું અમો, કુટુંબ તેડી લાવોને તમો; તમે કાંઈ માં લગાડશો વાર, જાઓ સામગરી કરો તઈયાર. પુરવછાયા--ત્યારે સુંદર વળતું બોલીયો, તમે સાંભળો મારી વાત; હું સાચું તમને કહું, ખોટું ન બોલું તાત. ૧ તમ સાથે અમે આવશું, આવી ન શકે કામનઃ ચારે ને દુઃખે સહી, કોઈ નવ પીરસે અન્ન. ૧ એકને તાવ આવે સહી, બીજી વમન કરે અપાર; ત્રીજીનું માથું દુખતું, ચોથીને નથી કરાર. ૩ ચોપાઇ--સુંદરે એવાં કહ્યાં વચન, રાજાનું નવ માન્યું મન; સુંદર એમ નહી ચાલે લગાર, જેમ તેમ ભેળી તેડો નાર. ૧ વેહેલમાં બેશી ચારે આવે ત્યારે રાણી મન ઘણું ભાવે, સુંદર ફેરવણી કરે અપાર. જોર ચાલે નહીરે લગાર. ૨ રાજા કહે હવે વેહેલા થાઓ, તમે પોતાને મંદીર જાઓ; સુંદર ત્યાંથી ઉઠયો તેણી વાર, પછી ઘોડે થયો અશ્વાર. ૩ વાગીયાં નગારાં ઢોલ નીશાન, નકી પોકારે મુખથી વાણ; આજ સુંદર સમો નહી કોય, એવી વાત નગરમાં હોય. ૪ પુરવછાયા--સુંદર આવ્યો ઘર વિશે સરવને કરે જુહાર; ચાકર સઉ પાછા વળ્યા, ત્યારે બોલી રતુકાર. ૧ આવો આવો વીર માહરા, ભોજન કરીને જાઓ; પાણી ઉનાં છે સહી, ઝટપટ વેહેલા નાઓ. ૨ સુંદર મોહોલમાં આવીયો, ત્યારે ભીડ્યાં દ્વાર, રતુકાર ઘરમાં

ગઈ, ભોજનને શી વાર. ૪ કુળવંતી બોલી સહી, તુજને એવડું શું થાય; તાંસળી પડી છે ચોકમાં, તું ત્યાં લઈને જાય. ૩ ચોપાઈ—તાંસળી લીધી છે કામન, મોંહે ખીચડ પાપડને અન; તે તાંસળી લઈ ચાલી દાસ, આવી ઉભી સુંદરની પાસ. ૧ જમો જમો વીર માહરા, હું તો વારણાં લેઉ તાહરાં સુંદર બોલે નહી લગાર. આંખુ મુખ દીઠું તેણીવાર. ૨ સાચું કહોને મારા ભ્રાત, જે હોય તારા મનમાં વાત, ત્યારે સુંદર કહે છેલો જુહાર, મારે મરવું પડશે આ વાર ૩ પુરવછાયા—રાજાએ મુજને કહ્યું, ઉજાણી કરવી સાર; વેહેલે બેશી આવજો, તમે નરને નાર ૧ પચાસ રાણી માહરી, આવે સરવે જાણુ; નગર લોક સરવે આવશે, કહ્યું વચન પ્રમાણુ ૨ શેહેરમાં ઢંઢેરો ફેરવ્યો. કાલે જાશે જાણુ. તે માટે તુજને કહું, મરણ આવ્યું નીરવાણુ. ૩ આબરૂ જાશે માહરી, તે માટે મરવું સાર; વચન એવાં સાંભળી, તવ બોલી રતુકાર. ૪ ચોપાઇ—એમ કહી ચાલી રતુકાર. આવી જ્યાં કુળવંતી નાર; બાઈ સાંભળો કહું વચન, મુરખો મરે છે આણે ઠન. ૧ મુરખો મરે તો આપણે દુખ હોય, રાજા દંડ લીએ ત્યાં સોય; દરસન કરવા જાવું કારન. એમાં કાંઈ ન બેસે ધન. ૨ તવ બોલી કુળવંતી નાર, મુઈ વારંવારે જંજાલ; પરાણે પુણ્ય આપણે થાઓ, સાચું કહું છું મોરી માય. ૩ રાંડ તારે મન એ ભાવે, વેહેલ મંગાવી લાવે; એવાં વચન કુલવંતીએ કહ્યાં. તે સું-

સ્વે રતુકારે લહ્યાં. ૪ પુરવછાયા—વચન એવાં સાંભળી. તતક્ષણ આવી નાર. વેહેલ ત્રણ મંગાવો સહી, એમ કહેતી રતુકાર. ૧ તે ઘડી વેહેલ મંગાવી તીહાં, છોડી આગણ મોઝાર; કમાડ ત્યાં ભીડાવીયાં, ગુરખા પાસે તે વાર. ૨ આખી રાત ઉજાગરે, વેહેલ ગુંથણી હોય; માફા તેના ઢાલીઆ, તે કળી ન શકે કોય. ૩ માંહે એક મુકી શલ્યા સહી, ત્રણ ત્રણ મળની સાર; તીર દોરીએ દેખાવી સહી, હીકમત કીધી નાર. ૪

ચોપાઈ—એવી હીકમત કીધી નાર, પ્રાતઃકાળ થયો તેણીવાર; ત્યારે મનમાં કરયો વીચાર, હવે શું કરીએ નીરધાર. ૧ આગળ આપણુ જઇએ સોય, જેમ વાત પ્રગટ ના હોય; રાત બે ઘટીકા ત્યાં રહી, કુલવંતી તો તતપર થઇ. ૨ કાતણ પાણી કીધું કામન, બે ઘટીક ત્યાં રહી જામની. વેહેલ અંતરી તેની ઘડી, તેમાં કુલવંતી બેઠી ચઢી. ૩ ચાર વેહેલ ચાલી જેટલે, ગામના ઘોડા ચાલ્યા તેટલે; શકટ જોડીયા છે ત્યાં અપાર, સરવે ચાલ્યાં નગરથી બાહાર. ૪ જાવું છે ત્યાં એક જોજન, માતાનાં કરવાં દરશન; કોઈ ઘોડે થયા અશ્વાર. કોઈ વેહેલે બેઠા નીરધાર. ૬ લીધાં શ્રીફળ સીંદુર ધુપ, લીધાં ઘાટડી મોડોડીયા અનુપ; હરખ આણે તે નરને નાર, મેળો માતાનો થયો અપાર. ૬ આખું નગર વીસરયું બહાર, સુંદર ઘોડે થયો અસવાર; આવ્યો આવ્યો તે રાજદવાર, રાજાજી હવે કેટલી વાર. ૭ વેહેલા થાઓ

તમે રાજન, આગળ ચાલ્યાં અમારાં કામન; સુણી રાજા ઉઠયો તેણીવાર, ઘરમાં ઉતાવળ કીધી નાર. ૮ સુંદર નારી આગળ જાય, તમને કેમ અસુરજ થાય; એવાં વચન કહે છે રાય, પછી રાણી ત્યાં તતખર થાય. ૯ પુરવછાયા—વચન એનાં સાંભળી ઉતાવળી સરવે થાય; વસ્ત્ર અવળાં પેહેરીયાં, આભુષણ ભુલી જાય. ૧ કોઈયે તેલ માથે ઘાલ્યું નહી, આંજણ આંખે ના હોય; સઉ સજ થઈ ઉઠીયા, ગાડા દોડયાં જાય. ૨ તેને જોઇ બહુ હરખીયા, તે ભદ્રસેન રાય. અસ્વારી આગલ થઇ, સઉ સેન ચાલ્યું જાય. ૩ વેગે વહી સઉ આવીયા, ભદ્રકાળી મા જ્યાંય; ભદ્રકાળી માતા સ્થળે. સરવે તે આવ્યા ત્યાંય. ૪

ચોપાઈ—દેહેરા ઉભા કીધા માહાજન; તંબુ ખડા કીધા રાજન; સુંદર વેહેલ છોડી એકાંત, ચીંતાથી મન નહી કાંઇ શાંત. ૧ રખે ખબર પડે ત્યાં રાય, આબરૂ તો નથી પળ માંહ્ય; તે માટે બીહે છે મન, રખે વાત જાણે રાજન. ૨ પોત પોતાનું કામ થાય, કચેરી ભરી બેઠા રાય; મોટા મોટા શાહુકાર આવે. તે તો રાજાને મનડે ભાવે. ૩ રાગ રંગ થાય અપાર, રાજા પાસે બેઠા કામદાર; લોક સરવે હલચલ કરે. માતાને નીવેદજ ધરે. ૪

પુરવછાયા—નીવેદો નાના વીધ તણાં. જઈ મુકે રાજન; સ્તુતી કીધી અતી ઘણી, પાસે બેઠા પ્રધાન. ૧ વાળુ કીધું ત્યાં સહી, આવ્યા સભા મોઝાર, કચેરીમાં બેઠા સહી,

ભોજન તતબર થાય. ૩ ચોપાઈ—રસોઈ થઈ ત્યાં રાજન.
ચાલો ચાલો જમીયે પ્રધાન; શાહુકાર બોલે તેણીવાર, અમ
ઉતારે જમશે કામદાર. ૧ અમને ગરીબને દીયો માન. પ્ર·
ધાન જમવા મેલો રાજન; મોતીચંદ એમ કહે છે સોય;
રાજા કહે વાત ન હોયે, ૨ અમ ઘેર જમે કામદાર. ત્યારે
તેડવા આવી રતુકાર; ચાલો ચાલોરે મારા ભાઇ, ભોજ·
નની તઇઆરી થઈ. ૩ પુરવછાયા—ચાલો ચાલો વીર મા·
હરા, કરવાને ભોજન. રસોઇ કરીને જાય છે, વાટ જુવે
કામન. ૧ તવ રાજા મુખથી બોલીયો, એ કેમ જમે કામ-
દાર; ભોજન નાના વીધ તણાં, જેને અસ્ત્રી ચાર. ૨ હશી·
ને સુંદર પરવર્યો, આવ્યો પોતાને દવાર; ખમા ખમારે
વીર માહરા, એમ વદતી રતુકાર. ૩ ચોપાઇ—ખમા ખમા
વીર માહારા, હું તો વીઘન લેઉં તાહરાં; ચાલો રસોઇ
કરીને જાય, આવો આવોરે તંબુ માંહે. ૧ સુંદર તંબુમાં
ગયો તેણીવાર, ત્યારે બોલી કુળવંતી નાર; મુવાને આઘો
બેસાડ સોય, મુખ દેખુ તો પાપજ હોય. ૨ તાંસળી વ·
ચમાં પડી છે જાણ, આપ પીટયાને પ્રમાણ; ત્રાંસળી લઇને
કર મોઝાર, તેમાં એઠું જુઠું પીરશું નાર. ૩ પુરવછાયા—
સુંદર આગળ મેલ્યું સહી, ખીચડી પાપડ અન્ન; સુંદર કવલ
ભરે નહીં, ભલા તું જગજીવન. ૪ મીઠું ઝાઝું નાંખીયું,
પાણી નાંખ્યું સોય; ગરીબ સવે જમે ખરા, તેને પણ
આ દુઃખ ન હોય. ૫ એમ કહીને ઉઠીયો, કવલ ભરયા બે

ચાર, માન દીધું તે અન્ન દેવને, આવ્યો સભા મોજાર. ૬ પાન સોપારી મુખમાં ધરી, લવીંગ એલચી સાર; તે ચાવતો આવીયો, ઘડી નવ લાગી વાર. ૭ રાજા વાણી બોલીયા, શું જમીયા કામદાર; વેહેલા વેહેલા આવીયા, કાંઇ ન લાગી વાર. ૮ સુંદર કહે સુણો રાયજી, મુજને એક વ્યસન, કસુંબો ચડીયો નહીં, ભાવ્યું નહી કાંઇ અન્ન. ૯ ચોપાઈ—એક પડયું છે મુજને વ્યસન, કાંઈક ઠુંગો કરૂં રાજન, તારે મુજને ભાવે અન, સત્ય માનીયે મુજ વચન. તારે મીઠાઈ દીધી છે ત્યાંય, શેર બે લેઈ સુંદર ખાય; બીજી મીત્રોને વેંચી દીધી, ઘણા દીવસની ભુખ શાંત કીધી. પછી રાજા ની રાણીયો જેહ, કુળવંતીને કહાવે તેહ; તમને મળવાની ઘણી છે આશ. અમો આવીએ છીએ તમ પાસ. ૩ પુરવછાયા—કુલવંતીને કહાવીયું, તું સાંભળ ચતુર સુજાણ; સામગ્રી કરજો તમો, અમો આવું છું પરમાણ. ૧ માયે કુડલાં ચાર મંગાવીયાં, ગલાલે ભરીયાં સાર; હીકમત ત્યાં એવી કરી, વળી ત્રાંસ મંગાવ્યા ચાર. ૨ ચોપાઈ—ચાર કુડલાં મંગાવો સાર, વેગેથી ત્યાં મેલાવો નાર; સોમચંદને વીરચંદપાળ, કુડલાં મંગાવે તતકાળ ૧ વહેલી થા તું રતુકાર, આવશે ભદ્રસેનની નાર; વળી નાટક કળા કરવી, તેની આંખ ગુલાલે ભરવી ૨ બાંધ્યાં કુડલાં ચારપર સો,ય દોએ નારી વીચક્ષણ હોય; ચાર ત્રાંસ તે છે પરમાણ; કુડલાં પાસે લા-

રી મુકયાં જાણું. ૩ એવે આવી નારી સરવે મળી, રથ અંડળી કીધો વળી; ત્યાં આવીને ઉભી સરવે, બોલે છે મુખથી બહુ ગરવે. ૪ વહેલાં આવો કુળવંતી નાર, નીકલો ઘરમાંહેથી બહાર; તવ નીકળે જોવાને પુર, ચાલી જેમ જુધ કરતાં શુર. ૫ ચીર મુક્તાફળે ભરયાં જેહ, ઓઢીને નીસરી છે તેહ; કંચુકી છે હીરાએ ભરી, રથમાંથી બાહાર નીસરી. ૬ નારી નીસરી રથથી બહાર, જાણે વીજળીનો થયો ચમકાર; તે નારી ચતુર બહુ હોય, લીધાં તાંસ ભરીરે દોય. ૭ તે તો ઠમકે ધરતી પાય; ઉતરતામાં કરીયો ઘાય; થયો ગલાલ તણો ઘમઘોર, નારી બહુ કરે છે સોર. ૮ રથ દુજે ચડી કામન, થાળ હાથે ગ્રહી ભામન; ઘા કરયો ગલાલનો સાર, ગઇ બીજે રથે વહી નાર. ૯ જેમ કેશરી ગજ ઉપર ધાય, રતુકર તે પેરે જાય; બેહુ વ્યાકુળ ગઇ છે ત્યાં નાર, તે તો રથ ફરી વળી ચાર. ૧૦ નારી કહે સુંદરને ધન, જેને ચાર રૂડાં ભામન; આપણ દુરમુખ સરવે નાર, ધનધન સુંદર કામદાર. ૧૧ રાજાએ માણસ મુકયુ તેહ, બસ કરો હવે કહ્યું જેહ; તારે પાછી વળી કામન, નારી કહેતી જાય ધન્ય ધન્ય.

પુરવછાયા—રાજા રઈયત સઉ જણા, પરવરયાં તે વાર; રથ જોડાવી નીસરયાં, ચાલ્યા ત્યાં કામદાર. ૧ જોજન એક જાવું સહી, ચાલ્યાં નરને નાર; તંગ ટુટયો ત્યાં અશ્વનો, કેડે રહ્યો કામદાર. ૨ ચોપાઈ—જ્યારે પાછળ રહ્યો કામદાર. ત્યારે વાલંદ બોલ્યા તેણીવાર; વાલંદ લાડકો

રાજાનો કહેવાય; તેતો આવીયો ક્ષણમાં તાંય ૧ લાગ જોઇને કરતા વાત, તમે સાંભળો પ્રથ્વીનાથ; સુંદર માન નહી ઘર માંહે, સાચું કહુ છું તમને રાય. ૨ પરીક્ષા મેં એની કીધી રાય, જમ્યા પછી બશેર કેમ ખવાય; બશેર મીઠાઇ ખાઇને સોય, ભલી રીતે જમે જે કોય. ૩ સ્ત્રી અન્ન પુરૂં ન આપે. કાં તો મુરખો કરીને થાપે; તમે વિચાર કરોને રાય; જમ્યા પછી તરત ન ખવાય, ૪ પુરવછાયા— મન એનાં મળતાં નથી, સ્ત્રી ન પીરસે અન્ન; તે માટે કરો પારખુ, સત્ય કહું વચન. ૧ એક પારખુ છે એહનું, જોડે બેસે નરનાર; એમ કહો એને સહી, નીશ્ચે કહે નકાર. ૨ તમે પણ જોડે બેસજો, રાણીજીની પાસ; તેજ પ્રમાણે એ સારીએ, સુંદર કુળવંતી પાસ. ૩ ચોપાઇ—સુંદર આવી પુછ્યો તતકાળ; ત્યારે મુખથી બોલ્યો તે ભુપાળ; કેડે કેમ રહ્યા દીવાન, રાજાએ ઘણું દીધું માન. ૧ એક વાત કહું કામદાર, જોડા જોડ બેસે નરને નાર. ૨ નગર તણા જે શેઠ શાહુકાર, તે પણ બેસે નરને નાર. ૨ એવાં રાજાએ કહ્યાં વચન, તવ સુંદરનું નવ માન્યું મન; એવું કેમ થાએ રાજન માણસમાં થાએ હાંસન. ૩ આપણો નહી એમાં તોલ, માટે વિચારી બોલીયે બોલ; રાય કહે બેસવું આ ઘડી, રાજા રથપર બેઠા ચડી. ૪ પુરવછાયા—રાજા બેઠા વેહલે ચડી, સુંદર કરે વિચાર; આબરૂ તો જાશે ખરી, મરણ આવ્યું નીરધાર. રાજા વળતું બોલીયો. વહેલા થાઓ કામદાર

નાહ બેસું સુંદર કહે, પેચુટી ટળે નીરધાર. રથમાં બેસુ રાયજી, ટળે પેચુટી તાત; માટે માફ્જ કીજીએ, સાચી માનો વાત. ૩ ચોપાઇ–રાજા કહે સુણો કામદાર, વેહેલમાં બેસો લગાર; સુંદર નઈણે આંસુ ભરે, વાલંદ આંખ મીંચી ચાળો કરે. ૧ તે વાત વળતી રતુકાર. તું સાંભળ કુળવંતી નાર; રાજા વહેલમાં બેઠા સાર, તમે બેસાડો કામદાર. ૨ રાજા કુહે છે વારમવાર, તમે વેહેલે બેસાડો કામદાર; કુલવંતી કહે મુખે વાણુ, રંડા પેલી દીસે છે અજાણ. ૩ રતુકાર કહે ઘડી તું બેસાર, જેમ આબરૂ રહે કામદાર; મારૂં વચન માનો તમે સાર, નવ કહેશો મુખેથી નકાર. ૪ કુલવંતી કહે સાંભળ તું સહી, એને બેસાર રથમાં લઈ; કુહેજે નવ જુવે મારા સામુ, હું તો મુખ જોઇને કેમ ખમું ૫ આડું જોઈને તું એને બેસાર, તારે ગમે તે કર તું નાર; મેં તો તારૂ માન્યું આ વાર, નહીતર માનું નહીરે લગાર. ૬ ત્યારે દાશી કહે તેણીવાર, આવો વેહેલે બેસો કામદાર; નારી બોલાવે વારમવાર, વેગે આવોને રથ મોઝાર. ૭ તમ વિના ન ચાલે ઘડી, તમે બેસોને રથપર ચડી; એમ માન દીધું રતુકાર, રાજા વિસ્મે થયો તેણીવાર. પુરવછાયા— આવો આવો વિર મહારા, હું જાઊં તુજપર બલિહારી; રાણી સાદ કરે સહી, વહેલે બેસો લગાર. ૧ ત્યારે સુંદર વળતો બોલીયો, પેચોટી પડે જાણ; તે તો તું જાણે ખરી, મુખે દેવની દવાણ. ૨ એક ઘડી બેસો તમો, ફીકર નહી લગાર;

એમ કહી કર તાણતી, પોતે તે રતુકાર. ૩ ચોપાઇ—ત્યારે વહેલે બેઠો કામદાર, પગને ખોડી પોતે લગાર; બે પગ પાઇડે મુકયા જાણ, જોડે વેહેલ રાજાની પ્રમાણ. ૧ સામાં સામી વાતો કરે, રાજા હરખ અતીશે ધરે; રાજા મુખથી બોલ્યો સોય, માંડવીની ઉપજ કેટલી હોય. ૨ નામ વિરપુર જે કહેવાય, તેની ઉપજ કેટલી થાય; સુંદર બોલ્યો તેણીવાર. વીરપુરના સાઠ હજાર. ૩ માંડવીયે જે દાણ લેવાય, પાંચ લાખની ઉપજ કહેવાય; વાત કરે રાજા કામદાર, વિસ્મે પામી કુલવંતી નાર. ૪ પુરવછાયા—કુળવંતી વિસ્મય થઈ, વિચારયું નીજ મન; મુરખો ચતુર દીસે સહી, મુખ લેખુ દીયે રાજન. ૧ એમ જાણી નીહાળીયું, વાંસો દીઠો જાણ; જોતામાં રાજી થઇ, વાગ્યું મોહનું બાણ. ૧ જેની પુંઠજ દીપતી. તેનું મુખ શુભ હોય; એવું જોઈ ચટકો કરયો, ત્યારે સુંદર પાછુ જોય. ૩ આ ચટકો વીંછી તણો, પાછું જોયું તે વાર; તે જોઈ મોહ પામી ખરી, અચરત પામી તે નાર. ૪ વદન અતી રળીયામણું, મુછ વાંકી હોય. તે હેમ કડાં છે હાથમાં; વેઢ વીંટી રહી સોય. ૫ નવલખી ઉતરી શોભતી, હાર મોતીએ જડાવ; બાંહે બાજુબંધ બેરખાં, માંહે હીરા રતન જડાવ. ૬ વળી ચટકારો કરયો કામની, સુંદર મુકે નીશ્વાસ. રખે ધકો દે મુજને, તો હમણાં થાશે હાસ્ય. ૭ એમ કરતાં કઉતક થયું, રાણીનો વીસર્યો હાર, નવ લાખ મોતી તણો, વીસરીયો તે ઠાર. ૮ હવીના હેવગ વીષે, ભુલી

રાણી હાર. એવુ સુણીને ઉતરચો. સુંદર તેણીવાર. ૯

ચોપાઈ—ત્યારે રાજા મુખે કહે વાણુ, સુંદર સુણો કહે નીરવાણુ; રાણીનો હાર હતો જેહ, ભુલ્યા ભદ્રકાળીમાં તેહ. ૧ એવું સુણી સુંદરે ભીડી હામ, આજ્ઞા દો હુ જાઉ તે ઠામ; ક્ષણમાં લઇને આવું મહારાજ, એતો બીજા તણુ નહી કાજ. ૨ વળી વિચારયુ સુંદરે મન, ભલું કીધું શ્રી જુગજીવન; મને કુલવંતીની બીક ભારી, લાત મારી પાડત એ નારી. ૩ તે ભયથી છુટયો આણીવાર; તે તો કીરપા શ્રી દેવ મોરાર, આજ્ઞા લઈ હાર લેવાને જાય, પછી કુલવંતી રૂવે રથમાંય. ૪ વળી મુખથી બોલે છે એમ, રતુકાર કરૂં હવે કેમ; એના ગુણનું પારખુ નહી કીધું, મેં તો દુઃખ ઘણેરૂ દીધું. ૫ તેં મને કીધો બહુ ઉપદેશ, મેં તો માન્યો નહી તે લેશ; કદી કીધી ન એશું વાત, રૂપ ગુણ ભરયો વીખ્યાત. ૬

સુંદરના વિયોગથી ફરી વિલાપ કરે છે.

ચોપાઈ—રૂદન કરવા માંડયું ત્યાં નાર, સાંભળરે તું રતુકાર; એળે ગયો મારો અવતાર; તું કંથ વિના સુનો સંસાર. ૧ કંથ વિના ધિક અવતાર, તુને સાચુ કહું રતુકાર; ઘેર વેગે આવે ભરથાર, કૃપા કરે જો વિશ્વાધાર. ૨ કંથ વિના સાસરે નહી માન, કંથ વિના મેહેલ સમશાન; કંથ વિના નારીનું માન. ૩ કંથ વિના ન વદે સુકન, કંથ વિના ન શોભે તન; ક્યારે થાયે કંથ દરશન, એમ કરી

રૂવે કામન. ૪ કંથ વિના સુની મુજ દેહ, મેં તો કીધો ન એશું નેહ; ફરી આંટા ન ચોરીમાં ચાર, પ્રિતે આરોગ્યા નહી કંસાર. ૫ એવું સુણી બોલી રતુકાર, સાંભળ ઘેલી કુળવંતી નાર; શાને દુઃખ ધરે આ વાર, એ પાપીને માર પેંજાર, તેને ન પુરતું પીરશ્યું અન્ન, પેટ ભરી ન આપ્યું ભોજન, હવે શું રૂદન કરે તું નાર, એ પાપીને માર પેંજાર. ૭

પંડયાને ઘેર ભણુતી તું નાર, તે દહાડાનો એ મુરખો સાર; તે ઉપર શો આવડો પ્યાર, એ મુરખાને માર પેંજાર ૮ તેનું તુ નવ જોતી મુખ, તે દીઠે કેમ થાશે સુખ; ફોગટ દુઃખ ધરે નીરધાર, એ પાપીને માર પેંજાર. ૯ પુરવછાયા—વચન એવાં સાંભળી, બોલી કુલવંતી નાર; મેણું મુજને દે અરી, ભલી તું રતુકાર. ૧ સુંદર માહરો સાહબો, હું સુંદરની નાર; સુંદર વિના હું શું કરૂં, મારો ધીક ધીક અવતાર. ૨ મેં આવું જાણ્યું નહી, સુંદર એ કામદાર, હવે હું એની દાસી છું, એ સાચો ભરથાર. ૩ આવે તો હમણાં વરૂ. ફરૂ વળી ફેરા ચાર; હેતે પ્રીતે ભાવશું, એને જમાડુ કણુસાર. ૪ ચોપાઇ—સવારે આવશે ભરથાર, એ તો લેવા ગયો છે હાર; સામગરી આપણુ જઈ કરીએ, આવે તો વેગે ફેરા ફરીએ. ૧ વહેલી થાને તું રતુકાર, પઈસા લેઇને તું જાને બજાર; તલ જવ ને મીંઢળ નાડાછડી, લઈ આવ તું આની ઘડી. ૨ એક વિપ્રને તેડી લાવે, તો હાથેવાળો ઝટ મેળાવે; ત્યારે રતુકાર કહે સુણ

જામ, એ તો ઉતાવળનું નહી કામ. ૩ વાત કહું તે મનમાં
ધરજો, આવ્યા કેડે ગમે એમ કરજો; ગતી ગોવીંદની ન ક-
ળાય, લખ્યા લેખ હોય તેમ થાય. ૪ એમ કહીને કર્યો ઉપદેશ
કુલવંતી સુણે નહી લેશ; અતી આનંદમાં બની ઘેલી, સ-
જ્યા પાથરી પુષ્પની વહેલી. ૫ પછી જોઇ રહી ત્યાં વાટ,
ન આવ્યો નાથ થયો ઉચાટ; એકઠાં રહીએ આણે ઠામ,
ઘણી ગઈ છે વીતી ત્યાં જામ. ૬ સુંદર હાર લઇ પાછો
વળ્યો, કેહેછે ફેરો સર્વ ફળ્યો; રસ્તે થાય છે માન શુકન.
ત્યારે પોતે વિચાર્યું મન ૭ જોરાવરીએ તે રથ મોઝાર,
બેઠા માટે કોપી હશે નાર; પ્રભુ તુજને ગમે તે ખરૂં, હું
તો ધ્યાન તમારૂં ધરૂં. ૮ પુરવછાયા—હરણ ડાબા ઉતરે, વળી
શીયાળ ડાબો જાય; કળકળીયો કળકળ કરે, થરથર ધરૂજે
કાય ૧ તોપણ ચાલ્યો આવીયો, પોતે નગરની પાસ; દર-
વાજા ભીડયા ત્યાંહાં, દેખી થયો ઉદાસ. ૨ થાકયા સઉકો
આત્રીયા, વેગે સુતા સાર; સાદ કરે સુંદર ઘણા, કોઇ બો-
લે નહી લગાર. ૩ ચોપાઈ—સુંદર સાદ કરે છે અપાર, પો
ળીયો ન બોલે લગાર; જાગે જે કોઇ ધનનો ધણી, જાગે
જેને ચીંતા ઘણી ૧ જાગે રાત અંધારી ચોર, જાગે ઘન
વરસંતો મોર; જાગે જે દીકરીનો બાપ. ૨ જાગે જેને માંથે
શ્રાપ, જાગે જેને ફીકર ઘણી, જાગે જાર કરનારો ધણી. ૩ પો-
ળીયો જાગ્યો નહી લગાર, સુંદર ઉભો તેણે ઠાર; શ્રમ પડી-
ને થાકયો સહી, અરે દઈવ જાણે તે કહી. ૪ પુરવછાયા—

દોહોડ પોહોર રેણી ગઈ, ઉઠયું નહી ત્યાં કોય; સુંદર આથા છોડીને, વિચારે મન સોય. ૧ છેહો સાદ કરૂં સહી, સુણતાં ઉઠે કોય; તો તો કામ સરે સહી, નહી તો વિપરીત હોય. ચોપાઇ–સુંદર સાદ કરે દશ બાર, પોળીયો ન બોલે લગાર; ત્યારે મનમાં વિચારે વાત, હવે ઘણી ગઈ છે રાત. ૧ એક રૂડી દીઠી પરસાલ, માટે સુઇ રહુ ત્યાં લગાર; ઘેર સુવાનું સુખ ન હોય, ફાટલ ગોદડી પાથરે સોય. ૨ ચોફાળ પાથરયો તેણીવાર, સુંદર સુતો ત્યાં નીરધાર; ઢાલ તલવાર ઓશીકે મુકી, પછી સુંદર પડીયો છે જુકી. ૩ ત્યાં થકી ગયો કામદાર, એક વિઘન થયું તેણીવાર; થાકી ગયો હતો પ્રધાન, નીંદ્રામાં નહી તેને ભાન ૪ પુરવછાયા–ચંદા વેરી વાદળાં, જળ વેરી સેવાળ; પુરૂષ વેરી નીંદ્રા ઘણી, મછને વેરણુ જાળ. ૧ તેમ સુંદરને નીપજ્યું, નીંદ્રામાં તે ઠામ; મનની વાત મનમાં રહી, અકળ ગતી શ્રીરામ. ૨ મણીધર મોટો નીસરયો, ફરવા દરથી બાહાર; ખુશબો આવી તેહની આવ્યો તેણે દાર. ૩ ચોપાઇ–જ્યાં સુંદરે રચ્યો આરામ ભોરીંગ આવ્યો તેણે ઠામ; છાતી ઉપર બેઠો જાણ, સુંદર લહેરો ખાતો પ્રમાણ. ૧ સુંદર નીંદ્રા આવી અપાર, તે તો જાણે નહી લગાર; ચુવા ચંદન પેમલ અંગ, તેણે આનંદ પામીયો ભોરંગ. ૨ ફેણુ ચઢાવી ડાલે અપાર, અઘોર નીંદ્રામાં છે કામદાર; તેને શુધ નહી લગાર, પાસું ફેરવ્યું તેણીવાર. ૩ પુરવછાયા–સુંદરે પાસું ફેરવ્યું, કર અડકયો તેવાર;

સોરંગ અતી કોપે કરી, તેને કરયોં ચટકાર. ૧ હાથ તણી જે આંગળી, તેને કરડયો અપાર; હળાહળ ચડી ગયું, ઉઠયો ત્યાં કામદાર. ૮ ચોપાઈ—જેવો ઉઠવા ગયો કામદાર, લેહેર આવી પડયો તે ઠાર; તેનો પડતામાં ગયો ઝટ પ્રાણ, તેનો વાત ન કોઇને નું જાણ. ૧ રાત અજવાળી ચળકી અપાર, સોડ તાણી સુતો કામદાર; સબવત થયું છે શરીર, તેને કો ન પાએ ત્યાં નીર. ૨ એક કઉતક કારમું હોય, ગતી હરીની કળે નહી કોય; એક ઘાંચણ પુત્રી નીરધાર, તે તો રહે છે નગરથી બહાર. ૩ મંત્ર જંત્ર જાણે છે અપાર, તેને ત્યાગી મુકી ભરથાર; પાસે દ્રવ્ય તણો નહી પાર, મન માન્યો ખોળે ભરથાર ૪ તે તો ફરવાને નીસરી બહાર, ફરતાં ફરતાં આવી તે ઠાર; સુતો દીઠો પુરૂષ નીરધાર, જોઇ મનમાં કરયો વિચાર. ૫ ઘાંચણ પુત્રી જોઈ રાજી અપાર, જે હોય તે મારો ભરથાર; ઉભી રહી ત્યાં ટગમગ જોય, સોડ તાણીને સુતો છે સોય. ૬ તે તો મુખે બોલી તેણીવાર, ઉઠોને તમે મુજ ભરથાર; સોડ ઊંચી કરી જેટલે, સુંદર સુતો દીઠો તેટલે. ૭ આજ સફળ હવો અવતાર, હું તો રૂડો પામી ભરથાર; મારા ભાગ્ય તણો નહી પાર, આજ તૃઠયા શ્રી જુગદાધાર. ૮ પુરવછાયા—હરખી જોતાં મન વિશે, ઘાંચણ પુત્રી સાર; છેડો લેઈ ઉંચો કરયો, દીઠો ત્યાં કામદાર. ૧ ઉજેણીથી આવીયા, નીંદ્રાળુ મુજ સ્વામ, બોલો બોલો મુજ થકી; પોચે મનની હામ. ૨ બોલાવ્યો બોલે નહી, આતે શું કહેવાય;

અંગ બધું તે જોઈ રહી, કરડ્યો મણીધર ત્યાંય. ૩ ડંસ ક-ર્યો છે આંગળી, તે જોયો કામ તુ; વીખ વાળુ આણી ઘડી, દુર કરૂં વિઘન. ૪ ચોપાઈ—ડસ્યો દીઠો આંગળીએ ભોરંગ, તેનુ ઝેર ચડયુ છે અંગ; હમણાં જીવતો કરૂં ભરથાર, ઝેર ઉતારૂ આણીવાર, ૧ આંગળી મુખ લઇને સાર, મંત્ર ભ-ણીને ચુશી તેણીવાર; ઘટીકા બે થઈ છે જ્યાહરે, પ્રાણ આ-વ્યો દેહમાં ત્યાહરે. ૨ ઉઠી બેઠો થયો કામદાર, જુવે તો પાસે દીઠી નાર; ત્યારે મનમાં કરે વિચાર, મારી પાસે આ ક્યાંથી નાર. ૩ પુરવછાયા—કોણ છેરે તુ કામની, સાચુ બોલ વચન, ડાકણ સાકણ કે વંતરી, કહેને આને દન. ૧ કર જોડી કહે કામની, સત્ય કહું આ ઠાર; હું ઘાંચણની દીકરી, પામી તમ ભરથાર. ૨ ચોપાઇ—સુંદર મુખથી બોલ્યો વાણ, નારી ઘેલી દીસે છે પ્રમાણ; તમે ઘાંચી અમે રાજન, ઘેલી થઈ શું બોલે વચન. ૧ ત્યારે નારી બોલી તેણી વાર, બે-માં કોણ ઘેલું ભરથાર; કરડયો હતો તમને ભોરંગ, તેનું ઝેર ચડયું તું અંગ; તે તો ઉતારયું આણીવાર, સજીવન કીધા ભર-થાર; નહી માનો તો ઝેર ચઢાવું, હું તો તમારે ઘેર આવું. ૩ ત્યારે બીનો અતી કામદાર, ત્યારે ઘેર હું આવું નાર; પાસે પડયો દીઠો ભોરંગ, તેને ઝેર ચડયું છે અંગ. સાચી વાત જોઈ કામદાર, ઘેર લઈને ચાલી નાર. ૪

પુરવછાયા—ઘેર તેડી સંચરી, આવી મેડેલ મોઝાર; માતા માહરી સાંભળો, હું તેડી લાવી ભરથાર, પોંખો

માતા એહને, વેગે માં લગાડો વાર. ચાર ફેરા ફરૂ સહી પછી જમાડું કણુસાર. ૨ પછી માતા ઉઠી હુસી, સામગ્રી કરી તઈયાર; થાળ લીધો હાથમાં. કરવાને આચાર. ૩ ચોપાઈ—પછી કીધો બહુ આચાર, પોંખવા આવી ઘાંચીની નાર; લીધો ચોમુખ દીવડો હાથ, હરખી ઘણું મનડાની સાથ ૧ ધુસળ મુસળ રવઈચો ને ત્રાક, તેણે પોંખીને સાહ્યું નાક; ઈંડી પેડીને માથે લીધ, ઉતારીને ફેંકી દીધ, ૪ વળી નાક ધારીને તાણ્યો, જીઆ વરને માંયરામાં આણ્યો; હાથે મેંઢળ કંકણ ચુડો, હાથેવાળો સાહ્યો રંગ રૂડો. ૫ પછી છેડા બાંધ્યા છે નાર, કંઈ વિધના કર્યા છે આચાર; પ્રીતે આરોગીઆ કણુસાર, ત્યાં તો મંગળ વરત્યા ચાર. ૬ પરણી ઉઠયો રૂડી રીત, પછી તો ઘણી લાગી પ્રીત; હરખ પામી તેની માય, તેને ઉલટ તો બહુ થાય. ૭ સુરવછાયા—પ્રીત બંધાણી તેહને, આવ્યા ઘર મોઝાર, પ્રેમે રાજ્યા પાથરી, હરખ પામી તે નાર. ૮ સજ્જાપર આવ્યો સહી, મુક્તાફળે ભરી હાર; આરતી કીધી તે સહી, જે પાતાનો ભરથાર. ૯ પછી પુષ્પસજ્જા પાથરી આવ્યો ત્યાં પ્રધાન. રંગ ભોગ કર્યો સહી, હરખ પામીયો મન. ૧૦ ચોપાઈ—પછી હરખ પામી બહુ નાર, રાગ રેણી વીતી ત્યાં સાર; પ્રાત:કાળ થયો જેટલે, નરનારી ઉઠયાં તેટલે. ૧ સોનાની ઝારી કહીએ જેહ, સ્વામી આગળ મુકી .તેહ; મુખ મંજન કર્યું તેણી વાર, પછી બોહ્યો ત્યાં કામદાર. ૨ નારી

જાશુ અમારે ઘેર, રાજા વાટ જુવે છે બહુ પેર; નારી કહે તમે ખોટી થાઓ, અહીં રહો મન ભાવે ખાઓ. ૩ જાવાનું નવ લેશો નામ, જો જીવ્યાનું હોયે કામ; ઘેર સ્ત્રી છે તમારે સાર, તેથી હું પણ તમારી નાર. ૪ અહીં રહોને લીલા કરો, કહુ વચન તે મનમાં ધરો; તમે તમારૂં કરોને કામ, પણ જાવાનું માં લેશો નામ. ૫ ઝાઝું જોર ન કરશો રાય, ચડે ઝેરને પ્રાણજ જાય; ત્યારે સુંદરને ચડી બહુ રીસ, હમણાં મારૂં કાં છેદુ શીશ ૬ પુરવછાયા—રીસ ઘણી ચડી રાયને, ત્યારે નારીએ કરયો વિચાર; જોર કરૂં હું જો નહી, તો મારે મુજને માર. ૧ હવે ચરીત્ર હું કરૂં, સાંભળો મારા સ્યામ: હું નારી છું તમતણી, તમે પુરો મારી હામ. ૨ શીત્ર પુજન મેં તો કરયું, અરચી ગોર અપાર; દીન ઝાઝા મુજને થયા, હું પામી તમ ભરથાર. ૩ ચોપાઈ—તમે સાંભળોરે ભરથાર, હું તો છું તમારી નાર; હજી એક થઇ છે રાત, એવી કેમ કરો છો વાત. ૧ દાતણ પાણી કીધું તમે રાય, હવે ભોજનપર તત્પર થાવ; મુજ હાથે કરો ભોજન, હું પણ છું તમારી કામન. ૨ કાંઈ જોર ન ચાલે માહારૂં, સ્વામી આ પણ ઘર તમારૂં; પછી ભોજન થયું તઈયાર, જમવા ઉઠો મારા ભરથાર. ૩ પછી ભોજન ત્યાં કીધું રાય, ભદ્રાવતી વિશે શું થાય; સુતા ઉઠયા પોતે રાજન, રેણી વીતી ઉગ્યો દન, ઘેર આવ્યો કામદાર, જઈને પુછો તેની નાર. બોલે

ઠાલો આવ્યો દ્વાર; નથી આવ્યો તે કામદાર. ભદ્રસેને તે સાંભળી વાત, શું થયુરે દીનાનાથ: ઘોડો કેમ આવ્યો એ-કલો ઘેર, ખબર કડાવો રૂડી પેર. ૬ આડા અવળી દોડયા અશ્વાર, કાંઇ લાગ્યો નહી કામદાર; હાલક હેલો થયો ત્યાં જાણુ, ત્યારે રાજા બોલ્યો વાણુ; જુવો જુવો એ પ્રધાન, એને શુંરે થયું વિઘન; પ્રધાન આવે નહી આ ઠામ, તો અન્ન ખાવું છે હરામ. ૭ નહીતર પાડુ મારી કાય, અગનીમાં બળુ એમ કહે રાય; આઠ દીવસમાં આવે નહી, તો અગ્નિમાં બળુ હું સહી. ૮ ધુરવછાયા—અગ્નિમાં નીશ્ચે બળુ, એમ વિચારે આપ; એ પ્રતીજ્ઞા માહરી, બ્રહ્મહત્યાદીક પાપ. ૧ એવા સમ ખાધા સહી, ચેન નહીરે લગાર; ઘરમાં કુળવંતી રૂવે, રૂવે ઘણું રતુકાર; રઇયત સરવે કળકળે, શોકાતુર સઉ હોય, સુંદર બેઠો મહોલમાં, કળી શકે ન કોય. ચોપાઇ—સુંદર બેઠો મેહેલ મોઝાર, ચોપટ રમે છે નરને નાર; રાત ગઇ છે ઘટીકા ચાર, સુંદરના પડયા પોબાર. ૧ તેણે સમે પ્રદેશી જેહ, મોહોલ હેઠે નીસરીયા તેહ; તે તો વાત કરતા જાય, નગરમાં થયો છે અન્યાય. ૨ રમતાં રંગ મચ્યો છે અપાર; જીત્યા સુંદર તેને ઠાર; પછી પાસા લીધા છે નાર, બહુ-વીધ નાંખ્યો પોબાર. ૩ વાત કરતા પરદેશી જાય, જો ન આવે સુંદર રાય. આઠ દીવસે વળી પ્રમાણુ, અગ-નીમાં બળશે નીરવાણુ. ૪ નારી સાંભળ કહું છું તને, હવે

શીખ દેને તું મને; ત્યારે મુખથી બોલી ભાર, મુજ દુઃખ- ણીનો તુજ વિશ્રામ. ૫ થનાર હશે તે દેશું થવા, પણ તમને નહી દેઉ જવા; તમ વિનાનું નવ રહેવાય, ઘડી એક સો વર્ષની થાય. ૬ મેં તો શા કીધા અપરાધ, સંતોષ્યા નહી કોઈ સાધ; મેં તો દેવળ ડુંગર બાળ્યા, મેં તો દેઈ વિશ્વાસ ટાળ્યા. ૭ મેં તો વગડામાં પાડી વાટ, મેં તો ઓના ઉતારયા દાટ; મેં તો પાણીમાં નાંખી જાળ, કોઇને કુડી ચડાવી આળ. ૮ મેં તો ગોત્રમાં કીધી સગાઈ, મેં તો પરણાવ્યા બેન ને ભાઈ; મેં તો સાસુને મેંણા દીધ, મેં તો એવાં પ્રાયશ્ચીત કીધ. ૯ પુરવછાયા—કાલાવાલા કરે કામની, સાં- ભળો મારા સ્વામ; બેઠા રહો તમે ઘર વિશે, જવાનું મુકો નામ. ૧ સુંદર વાણી બોલીયો, સાંભળરે તુ નાર. મન ગમે તે કરો સહી, અમે જાશું રાજદુવાર. ૨ જો હુ ત્યાં જાઉ નહી, તો રાજા છાંડે પ્રાણ; તે માટે તુજને કહું, થાશે મોટી હાણ. ૩ નારી વળતી ઓચરી, રાજા છાંડે કાય, તમને જાવા નહી દઉ, કરો કોટી ઉપાય. ૪ વળી જીવ જાશે તમ તણો, સાચી કહું છું વાત; રીસ ચઢી ઘણી મન વિશે, સુંદરે મારી લાત. ૫ કામની કહે મારો તમો, બીજી મારે સ્વામ, તમને જાવા નહી દઉં, મુકો મનની હામ. ૬ બીજો દીવસ એમ વહી ગયો, થયો સંધ્યાકાળ; ભોજન લાવી ભા- વતાં, ભરી લાવી થાળ. ૭ ભોજન કરીને ઉઠીયા, સજ્યા પાથરી નાર; આવો સ્વામી માહરા, પોઢોને ભરથાર. ૮

રંગ ભોગ કીધો ઘણો, સુખ પામી કામન; નીંદ્રા આવી તેહને, પછી સુતો સ્વામીન. ૯ ચોપાઇ—પછી નીંદ્રા આવી સ્વામીને, ત્યારે વિચાર કીધો કામને; મારૂ કેણુ ન માને લગાર, માટે કાંઈ કરૂં પ્રકાર. ૧ ત્રણ ભાતનુ હીર લીધુ સાર, તેનો દોરડો બાંધ્યો તે નાર; સુડલો થયો ત્યાં પ્રધાન, તારે સુખ થયુ ત્યાં કામન. ૨ પોપટ કીધો તે કામદાર, થયો પ્રાતઃસમો તેણી વાર; પાંજરૂ હતું ઘરમાં જેહ, તેમાં પોપટ ઘાલ્યો તેહ. ૩ કુર રાંધ્યુ તે પોતે નાર, જમો જમો મારા ભરથાર; ત્રણ દીવસ ત્યાં વહીને જાય, પોપટને ચીંતા ઘણી થાય. ૪ મનમાં બહુ કરતો વિચાર, દુધ લઇને આવી નાર; જમો જમોરે પોપટ માહરા, થઇ દાસી ચરણ સેવું તાહરા. ૫ લટકો કરવા ગઇ તે નાર, દુધ પાવા ઊંચુ કીધું દ્વાર; પોપટ ભાગ્યો તેણી વાર, ક્ષણમાં તે નીકળ્યો બાહાર. પુરવછાયા—પોપટ ત્યાંથી ઉડીયો સમળી થઈ તે નાર, વાયુ વેગે આવીયો, જ્યાં ભદ્રસેન કુમાર. ૧ ભર જોબન વરસ સોળમાં, પ્રભાવતી નીજ નામ; કુંવારીકા તે તો સહી, સુડો આવ્યો તે ઠામ. ખોળા ઉપર બેઠો સહી, હાથ ફેરવ્યો નાર; અરે તું કયાંથી આવીયો, મને ભલો દીધો કીરતાર. ચોપાઇ—ભલો દીધો મને કીરતાર, પછી ઉંચું જોયું તેણીવાર; એક સમળી દીઠી ત્યાં જાણ, પ્રભાવતી બોલી મુખ વાણ, ૧ ઊડ઼દાબેગી ને કહે તેણીવાર, તમે સમળી મારો આ ઠાર; ધોકો લઈને વળી જેવી ધાય,

સમળી ત્યાંથી નાઠી જાય. ૨ પોપટ સુંદર દીઠો તે સાર, રાધે કરસન કરે ઉચાર, આજ સફલ હુવો હે અવતાર, ભલો દીધો મને કીરતાર. પુરવછાયા—પોપટ રાખ્યો પ્રેમદા, સમળી જુવે તે જાગ; પ્રભાવતી ધીરે નહી. ફાવે નહી કાંઈ લાગ. ૧ સમળી પાછી વળી ગઈ, મુકી મનની હામ; આશા ભંગ થઈ કામની, કરતી ઘરનાં કામ. ૨ પ્રભાવતી બહુ પ્રેમથી, પોપટ મુકે ન લગાર; છાતી ઉપર રાખતી, તું મારો દીલદાર. ૩ ચોપાઈ—આવો આવોરે પ્રાણજીવન, મારૂં તુજશું બંધાણું મન; હું તો દુખણી થઉ તે અતીશામ, મારા જીવ તણા વિશરામ. ૧ પોપટ આવોને આપણ રમીએ, ભેળાં બેશી ને બેઉ જણ જમીએ; મધ્યાનકાળ થયો તેણીવાર, મોહોલે સુતી પ્રભાવતી નાર. ૨ દાસી કોઈ નથી તવ પાસ, એકાંતે સુતીરે અવાસ; પોપટ પાસે રાખ્યો છે સહી, તેને ભીડે છાતીમાં લઈ. ૩ કાંઈ જમશો પોપટ રામ, ક્રુર રાંધુ હું આણે ઠામ; તે તો જમોને પ્રીતે કરી, નારીએ સજા પાથરી. ૪ આવો સુઈએ તે પોપટરામ, મારે બીજાનું નહી કામ; છાતી ઉપર રાખે સાર, તેને મુકે નહીરે લગાર. ૫ પોહોર પાછલે દીવસ હોય, પાસે દાસી ત્યાં આવે સોય; પોપટ ખોળામાં લઈ બેઠી જ્યાંહાં, એટલે સમળી આવી છે ત્યાંહાં. ૬ દીઠી સમળી ને ચઢી બહુ રીસ, ઉહદાબેગી છેદો એનું શીશ. ધોકો લઈને ઉઠી દાસી, વાંચી પુત્રી ગઈ ત્યાંથી નશી. ૭ દેખી ધોકો નાઠી ત્યાંથી નાર,

મેં તો ખોયો મારો ભરથાર; પછી આવી તે મંદીર માંહે, આશા મુકીને બેઠી ત્યાંયે. ૮ બોલી પ્રભાવતી તે નાર, સંધ્યાકાલ થયો તેણીવાર. મોહોલ પોતાનો છે એકાંત, જોઇ પોપટને થાએ શાંત. ૯ દીપક બળે છે ચારે પાસ, તેણે થઈ રહ્યો ઉજાશ; પોપટ કાહાડયો પાંજરેથી બાહાર, રાજા પાસે આવી તે નાર. ૧૦ કાંઈ બેસાડી પોપટરામ, મારા પ્રાણ તણા વિશરામ, સુખડી લઈ મુકી તે પાસ, તમે જમો તે મન ઉલાસ. ૧૧ રાત પડી તે સુતી ત્યાં નાર, એકલી પોતે મોહોલ મોઝાર. દીપક બળે છે ચારે પાસ, તેજનો ત્યાં બહુ પ્રકાશ. ૧૨ પુરવછાયા—પ્રભાવતી સુતી ખરી, હૈડે હરખ ન માય, સુડા ઉપર હાથ ફેરવ્યો, ગળે દોરડો ત્યાંય ૧ દોરી આ રેશમ તણી. દીઠી ગલાને ઠામ; કોઇ પાપી નર નારીએ, કીધું કુડુ કામ. ૨ ચોપાઈ—દોરી છોડી તે છુટે નહી, કાતરે કાપી નાંખી છે તહી. એટલે થઇ રહ્યો કામદાર, દેખી લજ્જા પામી ઘણું નાર. ૩ પુંઠ વાળી ઉભો કામદાર, મુખથી બોલે નહિ લગાર. તવ નારીએ વિચારયું મન, તમે સાંભળો મારા સ્વામીન. ૪ હું તો છું તમારી નાર, તમે સાચા મારા ભરથાર. ત્યારે મુખથી બોલ્યો કામદાર, તું તો ઘેલી દીસે છે નાર. ૩ અણુઘટતું તે કેમજ હોય, સુણી હાંસી કરે સો કોય. એતો લાજ ભરેલું કામ, ફરી એવું માં લેશો નામ. ૪ પુરવછાયા—ઘટે નહી એ મુજને, કરવું કુડુ કામ. ધરમ નહી પ્રધાનનો, વિચારો મન ભામ. ૧

સુણુતાં બોલી સુંદરી, તપી વિરહને તાપ. સાચા સ્વામી છો તમો, અવર ભાઇને બાપ. ૨ ચોપાઈ—સાચું માનો તમે કામદાર, તમે સ્વામીને હું છું નાર; આવો ફરીએ તે આંટા ચાર, ભેગાં બેશીને જમીએ કંસાર. ૧ સુંદર બોલ્યો મુખથી વચન, તું તો સાંભળને કામન. હું તો રાય તણો દિવાન, એ વાતે પામું અપમાન. ૨ પુરવછાયા—તમને હું છોડુ નહિ, સાચું માનો જાણ. જો ના કેહેશો મુખ થકી, કાઢીશ મારા પ્રાણ. ૧ તમે નહિ જાઓ જીવતા, શિદ પાડો મને ફાળ. દીઠી એજ માહારી, માટે આણું કાળ. ૨ ચોપાઈ—માટે માનોને માહારી વાત, નહિ તો થાશે બેઉની ઘાત. ત્યારે બીન્યો ઘણું કામદાર, ભલો ભલોરે તું વિશ્વાધાર. ૧ એકે પુરૂં ન આપ્યું અન્ન, રોટલ ગોહડી કરવા સેન; બીજી ઘાંચણ પુત્રી સાર, તેણે પોપટ કીધો તે ઠાર. ૨ વળતો મુખથી બોલ્યો કામદાર, જેમ કહે તેમ કરૂં હું નાર, આવો આંટા ફરીએ ચાર, એવું સુણતાં રાજી થઇ તે અપાર. ૩ ફેરા ફરીયા પછી તે ઘડી, તેને વાર ન લાગી વળી. હેતે પ્રિતે જમીયા કંસાર, બહુ લાજ કરતી તે નાર ૪ તે રેણી વહીને જાય, ત્રીજા દીવસની વેળા થાય એટલે પ્રાતઃ થયો તેણીવાર, હાતણુ પાણી કરો કામદાર ૫ દાશીને કહિ મુકુ આવાર, કોઈ આવે નહી આણે ઠાર તેની ખબર રાખે રૂડી પેર, નર નારી કીજે સુખ લહેર ૬ હાતણુ કરી રહ્યા કામદાર, એક કંડીયો કીધો તઇયાર. પછી નારી કહે તેણીવાર, આમાં બેસો તમે કામદાર. ૭

પુરવછાયા—રાયે કંડીયાને જોઇ કરી, બોલ્યો તેણે વાર; આમાં કેમ ઘાલો તમો, એમ કહે કામદાર. ૧ વળતી નારી એમ કહે, તમે સુણો મારા શ્યામ; કંડીયામાં પેસો સહી, ચાર ઘડીનું કામ. ચોપાઈ—એ ચાર ઘડીનું છે કામ, કોને ખબર ન થાયે શ્યામ; તમને કહેતાં પડે વિચાર, મારી જીભ કાપુ આણી વાર. ૧ પછી કંડીયામાં પેઠો કામદાર, ઉપર ઢાંકણું ઢાકયું નાર; સુંદર સમરે સારંગપ્રાણ, મધુસુદનજી રાખજો માન. ૨ પાંજરેથી છોડયો તમે શામ, કંડીયામાં પેઠો આણે ઠામ; મારા દુઃખનો ન આવ્યો પાર, ભલો ભલો તું વિશ્વાધાર. ૩ પુરવછાયા—કંડીયામાં પેઠો સહી. ઘડી થઇ બેચાર; ઉડાડાબેગી જોઇ કરી, રૂદન માંડયું નાર. ૪ પોપટ સમળી લઇ ગઇ, તેં નવ રાખી તપાસ, ભાન પડે નહિ મુજને, ન આવીશ મારી પાસ. ૫ એમ કહી ઉઠી ખરી, ધોકો લીધો નાર; દાસીને ઝાલી કરી, મારયા ત્યાં બે ચાર. ૬ ચોપાઈ—આવી જયાં પ્રભાવતી માત, કહે દાસી શુણો મારી વાત; શા માટે મારો હું રાંક, બાઇ નથી અમારો વાંક, વણ શુને તે મારી અમને, ઝાઝી વાત તે શું કહીએ તમને; પોપટ આવ્યો હતો એક પાસ, તેને સમળી લઇ ગઇ આકાશ. ૨ કહો એ-માં શો અમારો વાંક, વણ શુને મારી હું રાંક; માતા આવી પુત્રી એવાસ; કહે શાને મારી તેં દાસ. ૩ પ્રભાવતી બોલી તે વાર, રોઈ પડી ત્યાં રાજકુમાર: એક પોપટ

આવ્યોતો અહી, તેને સમળી તે લઈ ગઈ. ૪ દાસીએ નવ રાખી તપાસ, સમળી લઈને ઉડી આકાશ; તેની રીસ ચડી મુને ખરી, માટે દાસીને શીક્ષા કરી. ૫ પુરવછાયા— હવે કોઈ આવે નહી, માતા મારી પાસ; રસોઈ કરી હાથે જમું, હું પોતાને અવાસ. ૧ એકડંડી છે માળીઓ, ભીડ્યાં તેનાં દ્વાર; ભોજન કીધાં ભાવતાં, જમાડયો ભરથાર. ૨ ચોપાઈ—તે દીવસ એમ વહીને જાય, સંધ્યાકાળની વેળા થાય; ત્યારે સુંદર કહે વચન, તું તો સાંભળને કામન. ૧ રાજાએ પણ લીધું છે જાણ, અગ્નીમાં બળવું નીરવાણ; આઠ દીવસનો વાયદો હોય, તેમાં પાંચ વિતી ગયા સોય. ૩ તેનો છે મુજને સંતાપ, નીશ્ચે બળશે તારો બાપ; તે માટે હું જાઉ ઘેર, આજ્ઞા દે તું રૂડી પેર. ૪ ત્યારે કહેછે દઉ નહી જાવા. થનાર હશે તે દેશું થાવા, તમે રહો સ્વામીજી મુજ પાસ; મુને કરશો નહી નીરાશ. ૫ પુરવછાયા—માંડયા પાસા સોગટાં, જે છે નરને નાર; રમત લાગી રંગશું, તેને પાડ્યા પોબાર. ૧ પ્રભાવતી જીતી સહી, હારયો ત્યાં કામદાર; બીજીવાર પછી નાંખીયા, વળી પાડયા પોબાર, રમત ઝટ મચી રહી , ટોકા થયા અપાર; રખવાળો બેઠા સહી, ઢળીતો તે સો ચાર. ૩ ઠોકા કાને સાંભળ્યાં, રખવાળ પોકારે છે જેહ; સાંભળતાં અચરત થયા, જોતાં મનમાં તેહ. ૪ ચોપાઇ—સુનો એ સુનો એ તુમ યાર, ઠોકા હોતા હે મહેલ મોજાર; ઉસ ખાતર કહેતે હે તુમકુ, રાજા રીસ કરેંગે હમકુ,

૧ સાવચેત બેઠા થઇ જાણુ, તવ સુંદર બોલ્યો વાણુ; જાવા દોને મુજને નાર, હું તો માનું તમારો ઉપકાર. ૨ પુરવછાયા-નારી વળતું એમ કહે, ખરી કહુ છું વાત; તમને જાવા નહી દઉ, કરશો નહી ઉતપાત. ૧ કાલાવાલા કીધા ઘણા માને નહી લગાર; રીસ ચડી મન અતી ઘણી, ધોલ મારી બે ચાર. ૨ નાર પડી પૃથ્વી ઉપર, મારો બીજી લાત; તમને જાવા નહી દઉ, કહુંછું સાચી વાત ૩ ચોપાઇ—જાવા નહી દેઉ તમને કંથ, શાને કરો છો કલપાંત; માટે રીસ ઉતારો સ્વામ, પુરો તે મારા મનની હામ. ૧ સોએ ચરીત્ર કીધાં અપાર, રોસ ઉતારી ભરથાર; પછી રંગભોગ ત્યાં કીધ, પ્રભાવતીને બહુ સુખ દીધ. ૨ સુંદર કરે છે મન વીચાર, જેમ તેમ સુઇ રહે નાર; એટલે સુતી પ્રભાવતી જાણુ ભર નીંદ્રા આવી તેને જાણુ. ૩ પછી વિચારે ત્યાં કામદાર, ખરો લાગ આવ્યો નીરધાર; સુતી મુકુ આણે ઠાર, બારી એથી ઉતરૂ આણીવાર. ૪ પુરવછાયા—એમ જાણીને ઉઠીયો, બારીયે આવ્યા સોય; રાંઢવું એકજ બાંધીયું, જેમ ન જાણે કોય. ૧ હળવે હેઠે ઉતરયો, જોતાં તેણીવાર; બીક ઘણી મનડા વિશે, ધરૂજે બહુ કામદાર. ૨ ચોકીવાળા જાગીયા, જોતાં તેણે ઠામ; ભુસકો જ્યારે થયો, બોલ્યા મુખથી આમ. ૩ ચોપાઈ—કોન બે કોન બે દેખો યારો, સબ રહો તુમ હુશીયારો; કોઈ ચાકર પડીયા ચોકમાં, દેખો રસી બાંધી હે ગોખમાં. ૧ આપણુ ચોકીવાલો હે ભાઈ,

અપને રૌટી રાજાકી ખાઇ; લેનાં બરછી ઢાલ તરવાર, કમરમે બાંધો કટાર. ૨ ચોર ભાગ્યો ઊભી બજાર, કેડે ઢ- ળીત થયા હોશીઆર; ચારસે ઢળીત જે કહેવાય, તેતો સુંદર કેડે થાય. ૩ રાત બે પહોર ગયા છે જાણુ, દીઠો નગરશેઠ પ્રમાણુ; નામું કરેછે પુત્રને બાપ, દીપક બળે ને બેઠા છે આપ. ૪ મોતીચંદ એનું નામ, સુંદર આવ્યો તેણે ઠામ; ત્યાંતો આવીને ઊભો રહ્યો, શેઠને સમાચાર મુખથી કહ્યો. ૫ પુરવછાયા–રાખ રાખ શેઠ મુજને, જીવ દયા પ્રતીપાળ; ચોર છું રાજા તણો, તું મુજને ઊગાર. ૧ પુત્ર પીતા બે જોઇ રહ્યા. હવે કેમ કરશું આજ; શરણાંગત ઉગારવો, લજયા રાખે મહારાજ. ૨ એમ કહીને ઉઠીયા, આવ્યા ઘર મોઝાર; અસ્ત્રીને કહે સાંભળો, શો કરવો વિચાર. ૩ ચોરને લઇ સંતાડવો જુવે તપાશી જાગ; ઉગારૂ તુજને ખરો; પછી ખરૂં તુજ ભાગ્ય. ૪ ચોપાઇ—વિચાર કરે છે નરને નાર, એટલે ઢળીત આવ્યા સો ચાર. ખોલો બે ખોલોબે તુમ શાહુકાર, ચોર આવ્યો તોરે દ્વાર. ૧ ભાગો ભાગો ઉસકા કમાડ, એસા કામ કરે શાહુકાર; ઢળીત બોલ્યા તે- ણીવાર, થરથર કાંપે તે ઘર મોઝાર. ૨ શેઠ કહે કરવું એવું કાજ. જેમ આપણી રહે વળી લાજ; પરપંચ કરીને ઉગારૂં. માટે પુત્રી ભેગો સુવારૂં. ૩ પછી ચોરને તે સાહ. કીધો, પુત્રી ખાટલા પાસે લીધો. ત્યારે સુંદર બોલ્યા વાણ, હું તો છું ઢેડ પ્રમાણ. ત્યારે શેઠે વીચાર્યું આપ, જીવ

ઉગારૂં તો બેસે ન પાપ; ત્યારે પુત્રીએ કર્યો વીચાર. દીધો ઢેડ મુને ભરથાર, ૫ પીતા કહે તે ચઢાવું શીશ, નહી તો દુભાય શ્રી જુગદીશ; જેમ નશીબે લખ્યું તેમ હોય, તેમાં દોશ ન દેવે કોઇ, ૬ પછી પુત્રીને આવ્યું જ્ઞાન, ભલું કરશે શ્રી ભગવાન. મારા શીરનો છે છત્રજ એહ, એને અરપુ હું મારી દેહ. ૭ પુરવછાયા—પોઢાડયો ત્યાં ચોરને, પુત્રી સય્યા માંહે. શેઠે બાર ઉઘાટીયું, ઢળીત આવ્યા માંહે. ૧ મોતીચંદ મુખથી કહે, ચોર નથી આ ઠામ. શક આવે મનમાં કદી, જુઓ ફરી મુજ ધામ. ૨

ચોપાઇ—સુણ બે સુણ તું શાહુકાર, જુઠું બોલે તો ખાયગા માર. ઇસ ગલીમે આયા હે ચોર, જુઠા કયા કરતા હો સોર. ૧ તું તો હે બનીએકી જાત, હમ કહેતા હે સચી બાત; મોતીચંદ બોલ્યો તેણીવાર. એક પુત્રી વહુને નાર. ૨ વળી હુંને પુત્ર જમાઈ, ચોર આવ્યો નહી અહી ભાઈ. તેઓ પેઠા ઘર મોઝાર, જોયા પેટી પટારા સાર. ૩ જોયાં મેડી મહોલને માળી, ચોર દીઠો નહી તેણીવાર. સુંદર પોઢયો પલંગ મોજાર, ઉપર ગોદડાં નાખ્યાં ચાર. ૪ ઢળીત આવ્યા તેને અવાસ, સાકરબાઈ ઉભી છે પાસ; કામની કહે ખોટી કાં થાઓ, સુખીયા હોય તેને ઘેર જાઓ. ૫ તાવ આવે છે કંથને સોય, ગોદડાં ઓઢયાં છે આવી જોય. અહીં ચોર નથીરે લગાર, મારા પતીને નથી કરાર. ૬ પુરવછાયા—નારી વળતી એમ કહે. ઇહાં નથીરે કોઈ; વ-

ચન એવાં સાંભળી, પાછા વળીયા સોય. ૧

ચોપાઇ- ચલો બે ચલો બે અપને ચાર, એ તો જુઠા ન બોલે શાહુકાર. ચોર ભાગ ગયા ઇસ ઠામ, અબતો જાનાં પીછા મુકામ. ૧ એમ કહીને નીકળ્યા બહાર, શેઠે ભીડયાં પોતાનાં દ્વાર: સાકરબાઇ બોલી તેણીવાર, તમે ઉઠો મારા ભરથાર. ૨ સુંદર બોલ્યો મુખથી વચન, તું તો ઘેલી દીસે કામન; અમે ઢેડ તમે શાહુકાર, મુને કહે છે કેમ ભરથાર. ૪ પુરવછાયા--નારી વળતી એમ કહે, સુણો તમે દીલદાર, ઢેડ અમારો શીર સમો, ફેરા ફરીએ ચાર.

ચોપાઈ--ફરીએ ફરીએ તે ફેરા ચાર, સુંદર બોલ્યો મુખથી વિચાર; નહી આવે ઉત્તમ અવતાર, હઠ મુકી ઘો આ વાર. ૧ ચતુર નારી થઈ કેમ ચુકે, મને બહાર કાઢીને મુકે, દુર્લભ ગનખો ઉત્તમ અવતાર; નહી આવે વારોવાર. ૨ તું તો આવડી શું થઇ આતુર, કાંઇ સમજણ રાખને ઉર; નીચ સાથે ન કીજે પ્રીત, નહી ઉત્તમ જાતની રીત. ૩ ત્યારે નારી બોલી વચન, તમે સાંભળો મારા સ્વામીન; મારા પ્રાણ તણા આધાર, શું તરછોડો વારમવાર. ૪ ગુરવછાયા--માબાપે દીધી સહી, તેમાં કાંઈ નહી દોષ; શાસ્ત્ર શાખ એવી વદે, જોશીનો એ જોશ. ૧ ત્યારે સુંદર બોલીયો, સાંભળરે તું ભામ; પુછી જો તુજ માતને, કહે તેમ કર તું કામ. ૨ ચોપાઈ--એવું સુણતાં ગઈ માતની પાસ, મુખે નાંખે અતી નીશ્વાસ; સુણ માતા તું મારી વાત,

તેં તો કીધો મહા ઉતપાત ૧ મને ઢેડને તેં તો દીધ, અણઘટતી વાત બહુ કીધ; હવે તે કહે તેમજ કરીયે, કહે તો આંટા ચારજ ફરીયે ૨ ગાઝ બેસવાની હતી તે બેડી, તેની ચીંતા મારે મન પેઠી; માતા બોલી તેણી વાર, સુણ પુત્રી મહારો વિચાર. ૩ કેમ ઢેડને આપણ વરીએ, પછી પૃથ્વીમાં કેમ ફરીએ; માટે કાઢોની ઘરમાંથી એહ, શરણે રાખ્યો તો વળી તેહ. ૪ કાલ તારા વિવાહ કરશું, મુખ ઉંચુ કરીને ફરશું; એમાં લાંછન લાગે કુળમાં, પ્રતીષ્ટા જાએ એક પળમાં. ૫ માટે ઢેડને કાઢી મુક, તુતો ચતુર થઇ કેમ ચુક; એવાં માતાએ કહ્યાં વચન, તોયે કુંવરીનું ન માન્યું મન. ૬ પુરવછાયા—કાઢ બહાર આણી ઘડી. નવ કીજે કંઇ વાર; એવું સુણતાં ઓચરી, રીસ કરી અપાર. ૧ પ્રથમ વિચાર શું નહી રતી, જે અણઘટતી વાત; ચુક મોટી એ તમતણી, સુણો માતને તાત. ૨ થવાનું તે થઇ ગયું, છઠી કેરા લેખ; હવે કહ્યું માનુ નહી, પાળુ મારી ટેક. ૩

ચોપાઇ—ત્યારે મુખથી બોલી માત, બાઇ સંભળાવ વારો તાત; મોતીચંદ આવ્યો તે ઘડી, ત્યારે બોલ્યાં પુત્રીને માવડી.૧ મોતીચંદ કહે વચન. શું કજીયો કરો કારન: તવ બોલી પુત્રી ની માત, સાકરબાઇ બોલી ઉતપાત. ૨ ચોર રાજાનો આવ્યો તો જેહ, ઢેડ જાતનો હતો તેહ; પુત્રી કહે તેને કરૂં ભરથાર, મારૂં કહ્યું ન માને લગાર. ૩ મોતીચંદ કહે મુખથી વાણ, મારી પુત્રી તું ચતુર સુજાણ; આપણો વણીક તણો અવતાર.

કેમ ઢેડ થાએ ભરથાર, ૪ કુળને લાંછન લાગે બાઈ, કોઈ સાંભળે બેન ને ભાઇ; ત્યારે બોલી સાકર બાઈ વાત, તમે સાંભળો મારા તાત, ૫ પેહેલાં વિચાર મનમાં ન કોધ, મને ઢેડ તે સોંપી દીધ; તે માટે એ મારો ભરથાર, નવ પરણું તે બીજી વાર, ૬ પુરવછાયા. સ્વામી એ સાચો સહી, નહીતર પાડુ કાય; હવે સત જો ચુકીએ, તો કોપે જદુરાય. ૧ એમ કહી તે સંચરી, આવી મોહોલ મોઝાર; દ્વાર બંધ કીધાં સહી, બોલાવ્યો ભરથાર. ૨ ચોપાઇ—આવો આવે મારા ભરથાર; તમે બીક માં ધરશો લગાર; માત પીતાને પુછી વાત, કેમ મુજને કરે છે નાથ. ૧ નારી કહે તમારે શું કામ, બાઝી વાત ન કીજીએ શામ; ત્યારે સુંદર કહે તેણીવાર, તારે ગમે તે કર તું નાર, ૨ પુરવછાયા—ચાર કળસ તે માંડીયા, હોમી ઘીની ધાર; ચરભક્ષ કરીને ઉઠીયા, મંગળ વરત્યાં ચાર, ત્યાં કણુસાર આરોગીયા; પરણી ઊઠયાં રૂડી રીત, માંહો માંહે વાધી ઘણી પ્રીત. ૧ ઉબ્ઞોદકે કીધાં પછી સ્નાન. અંગે પેહેરયાં વસ્ત્ર નીધાન ભોજન પંચામૃત પકવાન, બીડી કરી ખવરાવ્યાં પાન. ૩ ઉપામા બહુ સ્વામીને દીધ, પછે મંગળ આવતી દીધ. રૂડી પુષ્પની સજ્જા તઇયાર, આવો પોઢો મારા ભરથાર. ૩ ભોગ વીલાસ કરયો છે નાર, હરખ પામી ઘણું મન નાર; પાન સોપારી એલચી સાર, દેછે સ્વામીને નીરધાર. ૪ પુરવછાયા—તે રજની એમ વહી ગઈ, થયો પ્રાતઃકાળ; મુખ મંજન

કીધું રુડી, સેવા કરતી નાર. ૧ ચંદન રૂડુ ચરચી-યું, પુષ્પ સમરપ્યા હાર. હરખ અતી હડા વિશે, રૂપ તણો અવતાર. ૨ ચોપાઇ--એવી પુજા તે કીધી નાર, મોહોલથી ઉતરી તેણી વાર, માતા પાસે પુત્રી આવી જ્યાહરે, રીસ કરીને બોલી એમ ત્યાહરે ૧ મારા ઘરમાં તું માં આવીશ, મારૂં ઘર તું અભડાવીશ. તેં તો ઢેડ કરયો ભરથાર, તું તો છેટી ઉભી રહે બહાર. ૨ માત પુત્રી કરે છે વાત, એટલે ઘરમાં આવ્યો તાત, મોતીચંદ કહે સુણુ બાઇ, તેં તો ઢેડશું કરી સગાઇ. ૩ એ વાત કઈ પેર સંતાડું, લોકને મુખ શું દેખાડું; મારૂ મૃત્યુ આવ્યુ આણી વાર. નહીતર મારૂ પેટ કટાર. ૪ એમ કળકળે શાહુકાર, તવ બોલી મોતીચંદની નાર; સ્વામી ચડી જુવો અવાસ, વેગે જાઓની ઢેડની પાસ. ૫ કપટીરૂપ વશીકરણ હોય, તેણે પુત્રી લોભવી કોય; એવો પુરૂષ ન દીઠો કોઈ, કાંઇ કારણ એમાં હોય. ૬

પુરવછાયા--શેઠ તતક્ષણ ઉઠીયો, આવ્યો તેણે ઠામ; સુંદર દીઠો મલપતો, જોતાં પહોતી હામ, મેં તો કંઈ જાણ્યું નહી. આ સુંદર પ્રધાન; ભાવ કરી ભેટીયા સહી, દીધાં આદરમાન. ૨ ચોપાઇ—ભલે આવ્યા તમે કામદાર, તમે કીધી અમારી સાર; મોતીચંદ પામ્યો ઉલ્લાસ, મારા મનડાની પોતી આશ. ૧ ભોજન કરાવ્યાં તેણીવાર, વળી બોલી મુખથી નાર; સુણો વાત મારી તમે સ્વામ, માહારી પોતી મનની હામ. ૨ મોતીચંદ ઉઠયો તેણીવાર, સમજાવી પો-

તાની કુમાર; ખબર સખજો રૂડી પેર, પ્રભુજીએ કરી ઘણી મહેર. ૩ તેડી પાસે પોતાની નાર, આપણુને તુઠયા વીશ્વાધાર; એતો છે સુંદર કામદાર, તાબેદાર થઇ રહે કુમાર. ૪ હવે ઉગશે રાજન, જેને બરદ લીધું અનુદનઃ તે દીવસ એમ પુરો થાએ, તોએ ખબર થઈ નહી શાએ. ૫ પ બે દીવસ રહ્યા નીરધાર, રાજા મરવા થયો તઈયાર; સુંદર કેમ ન આવ્યા ઘેર, કળકળે ત્યાંહાં આખુ શેહેર. ૬ પુરવછાયા—બે દીવસ નીશ્ચે રહ્યાં, સુંદર ન મળ્યો સાર; મરણુ આવ્યું ઢુંકડું, રાજા કરે વિચાર. ૧ સુંદર બેઠા મોહોલમાં, ચોપાટ રમે અપાર; જડ લાગી પાસા તણી, ત્યાં નાંખતા પોબાર. ૨ ચોપાઈ—રમત રમે છે નરને નાર, અડુ વીધી એ નાખે પોબાર; રજની ગઈ અડધી જયારે, સુંદર પોઢયો પલંગપર ત્યારે. ૧ પ્રાતઃકાળ થયો નીરધાર, મુખ મંજન કીધું કામદાર; પછી તેડી પોતાની નાર, તું તો સાંભળ મારો વિચાર. ૨ રાજાએ પણ લીધું છે સોએ, ખટ દીવસ ત્યાં પુરા હોએ, સાતમો દીવસ થયો સાર, મને આજ્ઞા દેને તું નાર. ૩ પુરવછાયા–તે દીવસ એમ વહી ગયો થયો પ્રાતઃકાળ; આજ્ઞા દે તું મુજને, રાજા આણે કાળ. ૧ ઘેર જવા દે મુજને, વાટ જુવે રાજન; વચન એવું સાંભળી, બોલી ત્યાં કામન. ચોપાઈ—મુખથી બોલી ત્યાં કામન, તમે સાંભળો મુજ સ્વામીન; થનાર હશે તે દેશુ થવા, પણુ નહી દઉં તમને જવા. ૧ તમ વીના તો નવ

રહેવાએ. ઘડી એક વરસની થાએ; માટે જવા દેને કામન, જેમ જીવે રૂડા રાજન. ૨ કાલાવાલા કરે તે અપાર, તોએ નવ માને નાર; જે કહો તે ખોટી વાત, જાઓ તો કરૂ મહા ઉતપાત ૩ સુંદર કહે તું થઇશ ખુવાર, એમ કહીને ઉઠયાં તેણીવાર; ત્યારે છેડે વળગી નાર, તેને વાર ન લાગી લગાર. ૪ ત્યારે પાટુ મારી કામદાર, પણ નવ મુકે નીરધાર; તને બીજી મારો સ્વામ, પણ જાવાનું નવ લેશો નામ. ૫ ત્યારે ધોલ મારી કામદાર, મોહોલમાંથી આવ્યો બાહાર, પરસાલે આવી બેઠો સોએ, જતાં આવતાં માણુસ જોએ. ૬ પુરવછાયા—માણુસ સઘળાં જોઈ રહ્યાં, આ સુંદર કામદાર, તતક્ષણ તેતો દોડીયો, આવ્યા રાજદુવાર. ૧ વધામણી છે અમતણી, દેખાડું કામદાર; વચન એવાં સાંભળી, હરખ પામ્યો અપાર. ૨ તે ઘડી રાજા ઉઠીયા તેડવા પોતે જાય: મહાજન શરવે ભેળુ થયું, ઉલટ અંગ ન માય. ચોપાઇ-તેને ઉલટ અંગ ન માય, આવ્યા મોતીચંદને ત્યાંય; આવ્યા આવ્યા ત્યાં રાજન, મોતીચંદનું માન્યું મન રાજા મુખથી બોલ્યો સોએ, મુજને સુંદર દેખાડો કોય; મોતીચંદ ગયો ઘરમાંય, સુંદર ઉભો છે વળી ત્યાંય. ૨ છેડે વળગી છે કામન, જાવા નહી દએ સામીન; સુંદર ઘણો કરે છે ઉપાય, કાનની કહે નાની નાએ. ૩ મોતીચંદ આવ્યો તે વાર, દીઠી છેડે વળગી નાર; સુંદર ચાલો તેડે રાજન, ત્યારે મુખથી બોલી કામન. ૪ મારા સ્વામી જો બ-

હારે જાય, અહીં પાછો ન મુકે રાય; ત્યારે શોરે અમારો તોલ, જાતો રહે પછી બોલ્યા બોલ. ૫ મોતીચંદ સમજાવે બાગ, પણ ફાવે નહી કાંઈ તાલ; વીચારીને મનમાં રહ્યો, રાજા પ્રત્યે બોલજ કહ્યો; તમને તેડે છે કામદાર, રાજાને મેલો તેણે ઠાર; તોયે પણ ન મુકે નાર, મુખે કહેતી તે નકાર. ૬ પુરવછાયા—તતક્ષણ રાજા ઉઠીયા, આવ્યા મોહોલ મોઝાર; સુંદર દીઠો જેટલે, છુટી આંસુ ધાર. ૧ ભુજ ભીડીને ભેટીયા, ભલો ભલો કામદાર; દરબાર આવ્યો આપણે, તવ મુખથી બોલી નાર. ૨ ચોપાઈ—ત્યારે મુખથી બોલી નાર, તમે મારા પીતા કેરે ઠાર, એને હુ પરણી રાજન, એતો મારો છે સ્વામીન. ૧ અહીં થકી જો અળગો જાએ, પાછો એ નવ આવે રાયે; કાંઈ જોર ન ચાલે લગાર, અમે રાંક વરણુથી અઢાર. ૩ ત્યારે રાજા બોલ્યા વાણુ, મારી પુત્રી તું પ્રમાણુ; તુ તો મોકલ રૂડી પેર, એતો આવશે તારે ઘેર. ૪ નારી કહે તમે પાળો બોલ રાજ વચનનો આપોને કોલ, તો મુજને આવે વિશ્વાસ; ત્યારે મુકુ તમારી પાસ. ૫ તવ રાજા બોલ્યા મુખે બોલ, આલે મારા બાપનો કોલ; તમે ધીરજ ધરો લગાર, એવી હઠ ન કીજે નાર. ૬ પુરવછાયા—કોલ દઈ પાછા વળ્યા, સુંદર ભેલો જાય; બારણે આવી ઉભા રહ્યા, ગુણીજન ગુણ બહુ ગાય. ૧ ભાટ ચારણ ગુણી આંધર્વ, બોલે જય જયકાર; વખાણુ કરતા તે સહી, ભલો સુંદર કામદાર. ૨

ચોપાપ—જોવા મળી ત્યાં વરણું અદાર, ગનમાં સઉને હ-રખ અપાર; ભલે ભલે આવ્યો પરધાન, ઘણુ હરખ પા-મ્યા રાજન. ૨ પુરવછાયા—હરખ રાજા પામીયો, વરત્યો જય જયકાર; ખબર થઈ પછી ત્યાં કને, જ્યાં બેઠી કુળ-વંતી નાર. ૧ તતક્ષણુ વહેલજ જોતરી, ભેગી છે રતુકાર; વેગે વહીને આવીયા, મોતીચંદને દ્વાર. ૨ ચોપાઈ—આ-વી આવી કુળવંતી નાર, સાથે દાસી છે રતુકાર; દોડી ઘાંચી કેરી બાળ, તે પણુ આવી ત્યાં તતકાળ. ૧ પ્રભાવ-તીને ખબરજ હોય; વહેલ બેશીને આવી ત્યાંય; સરવે આવી મોતીચંદને ઘેર, હવે નીપજે કેવી પેર. ૨ પછી ફોડી મોતીચંદની તન, આવી જ્યાં પોતાનો સ્વામીન; પાસે આવીને ઉભી નાર, બીજી ત્રણુ નારી તેણે ઠાર. ૩ ત્રણુ દીઠી જ્યારે કામની, રીસ ચડી ઘણી ભામની; સાકર-બાઈ બોલી વચન, તમે ઘરમાં ચાલો સ્વામીન. ૪ ચાલો ચાલો સ્વામી ઘર માંહે, તમે શુરે બેઠા છો આંહે; એવાં વચન સાકરબાઈએ ટહ્યાં, કુળવંતીથી નવ જાયે સહ્યાં. ૫ એતો કેમ કહે ભરથાર, એમ કહી કાંડુ ઝાલ્યુ નાર; ચાલો ચાલો મારા સ્વામીન, આતો કોણુ ઘેલી દીસે છે કામીન. ૬ ત્યારે પ્રભાવતી બોલી સોય, આતો કોણુજ નારી હોય. આવી છેડે વળગી નાર; છાનોમાનો બેઠા કા-મદાર. ૭ ઘાંચી કેરી પુત્રી જેહ, આવી છેડે વળગી તેહ. ચારે નારી દીએ બહુ માન, જેમ ઘણી ગોપીમાં કાહાન.

૮ પુરવછાય—સુંદર શરમ પામ્યો ઘણુ, ચારી વળગી કામન. ત્યારે વળતો બોલીયો, ભદ્રસેન રાજન. ૧ ચાતો કઉતક છે ખરૂં, દીઠી નીજ કુમાર. હળવે રહીને પુછ્યું કહો આ શું કામદાર. ૨ ચોપાઈ—બોલ્યા ભદ્રસેન રાજન; પાસે દીઠી પોતાની તન, આ વાત નીપની કામદાર, અમને સમજાવો આણે ઠાર. ૧ સુંદર બોલ્યો મુખથી વચન, ચારેને પુછો તમે રાજન; ત્યારે પુછે ઘાંચણને કાર, તારો કેમ થયો ભરથાર. ૨ ત્યારે મુખથી બોલી નાર, જીવતદાન દીધુ કામદાર; તે માટે અમારા ભરથાર; સાચુ કહ્યું વચન, મે આણીવાર. ૩ કુળવંતીને કહ્યું વચન, એને હાથે કીધુ ભોજન; પછી પુછયું પોતાની કુમાર, તારો કેમ થયો ભરથાર. ૪ ત્યારે બોલી પ્રભાવતી નાર, પોપટ થઈ આવ્યો કામદાર, તે માટે મારો એ ભરથાર, એમાં જુઠું નહીરે લગાર. ૫ પછી પુછયુ વણીકની કુમાર, તારે કેમ થયો ભરથાર સાકરબાઈ બોલી વચન, સાંભળો પીતાજી મારૂ વચન. ૬ ચોર થઈને આવ્યો પ્રધાન, તેને આપ્યું મેં જીવતદાન; સીપાઈ મારતા હતા એને ઠાર, રાત ગઈતી બે પહોર. ૭ એને ઉગાર્યો તેની વાર, પીતાએ સોંપ્યો એ ભરથાર; તે માટે મારો એ સ્વામ, તમે કરોને મારૂ કામ. ૮ પુરવછાયા—વચન એવાં સાંભળી વીસ્મે પામ્યો રાય; ભલા નસીબ સુંદર તણું, એ વાત સત્ય કહેવાય. ૧ વઈતાળ કહે રાય સાંભળો, રાજા વીર સુજાણ; પેહલી કન્યા કઇ વરે, તે સંભ-

ળાવો રાજન. ૨ કુળવંતી વરે નહી, એહું પીરસ્યુ અન્ન; સુખ એતો પામે નહી, દુઃખ પામ્યો રાજન. ૩ ઘાંચી કેરી દીકરી, તે કેમ વરે નીરધાર; પોપટ એને કીધી સહી, પાંજરે ઘાલ્યો કામદાર, ૪ પ્રભાવતી પરણે નહી, કંડીઆમાં ઘાલ્યો જેહ; કહ્યું તેને માન્યુ નહી, ઉઠી ભાગ્યો તેહ. ૫ ચોપાઇ—પરણે પરણે વણીકની કુમાર, જેણે ઢેડ કરયો ભરથાર; એવું વઇતાલે કહ્યું વચન, વીર ઝંખો થયો તે મન. ૧ પછી વઇતાલ કહે સુણો રાય, મોતીચંદ કીધો વીવાય; મંડપ લીપ્યો કનકની ગાર, શોભે કામ તે મીનાકાર. ૨ પુરવછાયા—માઝન આવ્યુ મલપતું. મોતીચંદને દ્વાર; આનંદ સઉને અતી ઘણો, મંગળ ગાએ નાર. ૧ વઇશાક શુદ એકાદશી, ઉત્તમ મંગળવાર; શુભ મહુરતમાં આવીયા, પોતે ત્યાં કામદાર. ૨ ચોપાઇ—સુંદર પરણુવા આવ્યો ત્યાં સાર, હરખ પામ્યા છે નરને નાર; પછી તોરણ પાસે આવ્યો, સાસુએ મોતી લઇને વધાવ્યો. ૧ સાસુ પોંખવા આવી જ્યાર, હાથમાં લીધો સુવરણનો થાળ; પછી પોંખવા માંડયુ કામન, હરખ વાધ્યો પોતાને મન. ૨ ધુસળ મુસળ રવાઇ ને ત્રાક પોંખી તારયુ જીઆવરનુ નામ; ગડે ઘાટ ઘાલીને તાણ્યો, પછી હાથેવાળો મેળવ્યો. ૩ પછી માનુની મંગળ ગાય, ત્યાં નાટારંગ બહુ થાય; મોતીચંદે આપ્યાં કન્યાદાન, હરખ પામ્યો પોતે રાજન ૪ ત્યાંતો મંગલ વરત્યાં ચાર, હેત પ્રિતે જમ્યા કંસાર; પરણી ઉઠયા રૂડી રીત, માંહો

માંહે બંધાણી છે પ્રીત. ૫ મોતી ચંદે જમાડી જાંન, પછે આપ્યાં ફોફળ પાન; પછી પેરામણી આપી સાર, હરખ પા· મ્યા ભદ્રસેન રાય. મોતીચંદે આપ્યાં પસાએ, તેને ઉલટ અંગ ન માય. ૭ પુરવછાયા–રાજા વાણી બોલીઆ, સાંભળ તું કામદાર; હવે વેહેલા થાઓ સહી, પરણાવું મુજ બાળ. ૧ પછે વીવા કીધો સહી, પરણાવ્યો પ્રધાન રાજપાટ સોં· પ્યું સહી, દીધાં ઝાઝાં માન. ૨ પછે ઘાંચીની પરણ્યો સહી પરણ્યો કુળવંતી નાર. સુંદર તો સુખ પામીઓ, ભાગ્ય તણો નહી પાર. ૪ કવીજન તો વળી એમ કહે; કરમજ મોટાં હોએ. માન પામે પરદેશમાં, ગાંજી ન શકે કોએ. ૫ કરમજ જેનાં પાધરાં, તેને વશ સઉ લોક. કવીતા વાણી એમ કહે, કરમ વીના સઉ ફોક. કરમ વીના નર જ્યાં ફરે ત્યાં ન પામે માન. જે નર છે અભાગીયો, તેને શુધ બુધ નહી સાન. ૬ ચોપાઇ સુંદર પરણ્યો તે રૂડી પેર, સુખ ભો· ગવે સ્વર્ગની પેર. કામકાજ પુછી સૌ કરે, દેશો આણ સું· દરની ફરે. ૧ એક દીવસ થયો સંધ્યાકાળ, મોહોલમાં બેઠી ચારે નાર; મોહોલ મધ્યે પ્રધાન, રાણીએ ઘણાં દીધા માન. ૨ પ્રભાવતી બોલી વચન, વાત કહુ સાંભળો રાજન તમો છોજી ચતુર સુજાણ; તમ આગળ અમે અજાણ. ૩ તમો ચતુર શીરોમણી માહારાજ, એક અમારૂં કરોને કા· જ; તમ આગળ વાત કીજીએ, તેનો ઉત્તર અમને દીજીએ. ૪ અમને દીજીએ તે કેણુ સાર, એમ બોલી પ્રભાવતી

નાર; ચારે પાસે બેઠી છે કામન, હેતે વાત કરે ભામન. ૫
ચોપાઇ—ચતુરાઈથી વાતો કીજીએ, આપો ઉત્તર તે સાંભ·
ળીએ; પછે રાણીએ શમશા કહી, તેતો રાજા સાંભળે સહી,
૧ પુરવછાયા—નારી બોલી મુખ થકી, સાંભળો ચતુર સુજા·
ણ; પાંચ પપા વાહાલા પુરૂષને, તે બતાવો નીરવાણ. ૧
પાન પાઘ ને પદમની. પ્રેમલ ને પોશાક; કાંઈક પુછો અવ·
નવું, જે કહો તે વાચાએ. ૨ ધન ધન નારી તુજને,
ધન ધન રાજકુમાર; પાંચ કકા વાહાલા પદમની
તે કહો ને અવીધાર. લકાજવ કુંકમ ને કંચુકી, કુ·
સુંબો ને કંથ; એ પાંચે વાલાં કામની, વળી મુજને તું પુ·
છંત. ૪ સુંદર વાણી બોલીયો, સાંભળરે તું નાર; તમમાં
ખોડજ પાંચ છે, અમને તે દેખાડ. ૫ કુડ કરૂપ કુલક્ષણી.
કુડી નાર કરનાર. એ પાંચ નથી મારી કને, સુણો તમે
અવીધાર. ૬ તમે કહોછો કે અમે એકલા. પણ તમ સાથે
છે સાત; તે પ્રતક્ષ દેખુ સહી, બતાવોને નાથ. ૭ તીર ત્ર·
કસ તરવારને, ભાલો ને તોખાર; ખેડુ દુજો ચાબખો, એ
સાત મુજ કને સાર ૮ ચોપાઇ—પ્રભાવતીએ વચન કહ્યું,
તેતો સુંદર સર્વ લહ્યું; વળી કુળવંતી બોલી નાર, સાંભળો·
ને મારા ભરથાર. ૧ મેંતો દુખ દીધુ તમને કંથ. તેથી જી·
વ ઉપદતી નથી; તમો છોજી ચતુર સુજાણ, પુછુ તેનુ કહો
પ્રમાણ ૨ પુરવછાંયા—જે મધ્યે ગંગાજલ વસે, જટા બીરા·
જે શીશ; નેત્ર ત્રણ કહો મુને, નહી ઉમીયાપત ઈશ. ૧

ત્યારે સુંદર વાણી બોલીઓ, સાંભળરે તું નાર. શીફળ ના-
મ છે તેહનુ, સાંભળ તુ વીર. ૨ એક નરે નરને
ગળ્યો, તેને દીસે સોભાવંન; તે હમણાં છે તમકને, તે
તે બતાવો રાજન. ૩ સુંદર વળતુ બોલીયો, સાંભળ તુ
કામન; જામો નામ છે તેહનુ. કહુ હુ તુજને વચન. ૪
એક પંખી ઉડે જીવવીણુ, બેસે જેણે ઠામ; મૃત્યુ પામે
દેખતાં, તે કહો મુજને સ્વામ. ૫ ત્યાં સુંદર વળતો બોલ્યો
મનમાં રાખી ધીર, તે પુછ્યું જે કામની, તેનુ નામજ તીર.
૬ બે રાણીને સુંદર કહે, તમો છો ચતુર સુજાણ; અમને
ઉત્તર આપીએ, હુ બોલું તે પ્રમાણ. ૭ ચોઇાઇ—વું તો
સાંભળ કુળવંતી નાર, વળી રતનસેનની બાળ; મુરખો
હતો મારૂ નામ. હુ શું જાણુ ચતુરાઈના કામ. ૧ એક
વાતનો અર્થ કીજીએ, પછે અમને ઉતર દીજીએ; શમશા-
માં રહુછું માર. તમે સાંભળજો તે નાર ૨ પુરવછાયા—નર-
બે ગળ્યા નારીએ, જગત જીવાડણ જેહ; તે વાહાલી નારી
નર; ને મુજને બતાવો તેહ. ૧ કુળવંતી એમ ઓચરી, સાં-
ભળો મારા સ્વામ; તમો અમને જે પુછીયું, તેના કચુકીમાં
છે ઠામ. ૨ નર બે રૂપે આબલા, અસીને વાહાલા અપાર;
ગલસ્થલ ચુંબન કરે, તે બતાવો નીરધાર. ૩ નેત્ર નીહાલે
સરવને, સામુ ન જોવાએ; તેમાં તે બે નર રહે, અષ્ટ
સત નર બાંધ. ૪ શમશા કહી તે સાંભળો, બધો બંધન
એક; તે નરતો પાસેજ છે વાહો તુજ વીવેક ૫ તારી

જનુનીએ વર્યો, તે થાસે તારો કંથ; તે બતાવો સુંદરી, વાત એમ પુછંત. ૬ કુળવંતી વળતુ એમ કહે, સાંભળો બાવન વીરઃ ચાંદશો નામ છે તેહનુ, મન રાખો તમે ધીર. ૭ ચોપાઇ—બોલી વણીકની બાળ, અમે રાંક વરણથી અઢાર. તેલ વેચીને પેટજ ભરીએ, તેની વાત ઝાઝી શું કરીએ. ૧ અમે ગરીબ માણુસ જેહ, એતો રાજપુત્ર કહીએ તેહ; એક વાત કહુ છું તમને, તમો રીસમાં કરશો અમને. ૨ એક અમે પુછું વાત, તમે સાંભળો મારા નાથ; શમશામે કહીએ જાણુ, તમે સાચુ બોલો પરમાણુ. ૪ પુરવછાયા—સાચુ બોલજો મુખથકી, રીસમાં કરશો લગાર; વાતનો અર્થ કીજીએ, સાચુ કહુ નીવીધાર. ૧ પીળો પણ પોપટ નહી, કાળો પણ નહી નાગ; પાંખો પણ પંખી નહી ઉડે પણ નહી કાગ ૨ કુશુમ પ્રેમલ વાહાલો ઘણો, દમ ઉપર રહે જેહ; પુછયુ તમે પ્રેમદા ભમરો નામજ તેહ, નારી પણ નીરબળ નહી, કાળી પણ નહી કોલ; દરે રહે પણ નાગણુ નહી, રાજા સાચુ બોલ. ૩ જે બાંધે બલ બહુ ચડે, શોભે સૂરને નાર; મૃત્યુ પામે બેસતાં તેનું નામ તરવાર. ૪ ચોપાઈ—શામકુવર ઘાંચીની બાળ, તેતો વચન બોલી રસાળ; એતો નારી ચતુરા સોએ, તે પર મન તમારૂ મોહે ૧ એમ કહીને બોલી નાર, મારી વાત સુણોને લગાર; સાચુ કહો તમે મારા સ્યામ, મનની તે પુરો હામ, ૨ એક વાતનો અરથ કીજીએ, હીંમતે તેનો ઉતર દીજીએ; હુ તો

સમશા કહુછુ સાર, તમે સુણો મારા ભરથાર. ૩ પુરવ-
છાયા—નર એક નામાંકીત સદા, સુત છે તેના બારઃ ચાલે
એક પછી બીજો સ્થીર નહી લગાર. ૧ ત્યારે સુંદર બોલી-
યો, સુણ તું ચતુરા નાર; પુરૂષ સંવત્સર ભલો, સુત તે
માસજ બાર. ૨ ચાર કટકે નર નીપજે, બે નાર નર ચાર;
બે માંહે વંઢલ વસે, તે બતાવો ભરથાર, ૩ ત્યારે સુંદર
એમ કહે, સાંભળી તું કામન; પલંગ નામ છે તેહનું, જે પર
કીજીયે સયન. ૪ સુંખનું માંહણુ સર્વનું, જેને વાધે કામ;
વાહાલુ ઘણુ તમ કને બતાવો તે શામ, ૫ અમુલખ જે
કામની, વણુ તોલો વેચાએ જેમ જેમ આધે સંચરે, મુલ
મોઘેરા થાય. ૬ સુંદર કહે નારી સુણો, સમશા પુછુ નામ
જુગતેથી તે જાણીએ, પ્રેમદા તે તો પાન ૭ સોળ સાહેલી-
માં રમે, ખેલે ત્રણ કુમારઃ તમ ઘર તે અમ દેખતાં, તે
બતલાવો ભરથાર. ૮ રાજા લે તોરી દેખતાં, દેખતામાં તો
દેહે; હારે જીતે હોડજ કરે, સામા સોગટાં તેહ ૯ ચોપા-
ઈ—એમ માંહો માંહો અર્થજ કહ્યા, તે સમજીને રાજી
થયા; એળ કરતાં થયો પ્રભાત, આનંદમાં તે વીતી રાત.
૧ મુખમંજન કીધુ પ્રધાન પછી સમરયા શ્રી ભગવાન;
ઉનાં પાણી થયાં તૈયાર, સુંદર નાહો તેણીવાર, ૨ ભો-
જન કીધુ રૂડી પેર, સુખ પામ્યો પોતાને ઘેર; સુંદર ઘોડે
થયો સ્વાર, વેગે આવ્યા રાજદુવાર. ૩ સુંદર આવ્યો સભા
મોઝાર, આવી રાજાને કીધા જુહાર; રાજાએ ઘણા દીધા

માન, આવો આવો દેશ દીવાન, ૪ સુંદર વીના નવ ચાલે ઘડી, ઘણી પ્રીત જીવ સાથે જડી; સુંદર જે કરે તે થાએ, સુંદર વીના ઘડી ન રહેવાએ. ૫ સુંદર પ્રાણ તણો આધાર. સુંદર આખો કરે ઠાર, ભેળાં બેસી કરે. ભોજન ઘણું સું‑દરનું બાંધ્યું મન. ૬ રાજાની રાણી છે પચાસ, ઘણું કરતાં સુંદરશુ હાસ્ય, સુંદર આવો કરીએ પંથ, ચાર રાણી કેરા કંથ. બેસે કચેરી મોજાર, આવો આવો સુંદરનો દરબાર; સુંદર આપે તે રાજા ખાએ; ભેળા મરગીયા રમવાને જાએ. ૭ સુંદર કહે રાજા બોલ, આજ નહી કોઈ તારે તોલ; લાડકો રાજાજીનો કહેવાએ, સુંદર જે કરે તે થાએ. ૮ પુર‑વછાયા—ઘણા દીવસ એમ કહી ગયા, સુખમાં અપરમપાર; સુંદર સુતો મોહોલમાં, પાસે કુળવંતી નાર. ૧ ઘર પોતાનું સાંભળ્યું, માત તાતને ને ભ્રાત. મલીએ વેચે તેહને સુખ દુઃખ દહીએ વાત. ૨ ચોપાઈ—એમ સાંભળે માતને તાત. બીજા સાંભરે છે નીજ ભરાત; તેથી સુદર કરે આંશુપાત, વારંવાર સંભારે છે માત, ૧ જેણે દીધી મુજ આશીશ, જીવો પુત્ર કરોડ વરીસ અંતરમાં વીમાશણ કરે, હઈડામાં માતા સાંભળે. ૩ મારી સ્ત્રી રૂડી હતી સાર, તેનો વીજોગ છે અપાર; કીરપા કરે જો દેવ મોરાર, જઈને મળુ આણી‑વાર. ૪ પુરછાયા—એમ જાણી રૂવે સહી, ચીતા કરી અપાર; વળતી બોલી ત્યાં સહી, જે કુળવંતી નાર. ૧ ખમા ખમા ખમા કંથજી, શું ઉપજ્યું દુખ; વાત કરો

મુજ આગળે જેમ તમને થાય સુખ' ૨ કોણે તમને દુભી-
યા, શું પ્રભાવતી નાર; શું બોલી વણીકની દીકરી, દુહ્યા
કાંઈ ભરથાર. ૩ ડાકણુ કેરી દીકરી, બોલો છે કોક વાણુ;
સાચુ બોલો કંથજી, કહો મને નીરવાણુ. ૪ રાજાએ કંઈ
દુભીયો, કેમ નયણે આવ્યા નીર; તે માટે મુજને કહો, કે
સુખ નથી શરીર. ૫ ચોપાઇ—સાચુ કહોને મારા સ્વામ,
શું નથી તમને આરામ; હું જાઉ તમ ઉપર બલીહારી
તમને ખમા ખમા ભરથાર. ૧ સુંદર બોલ્યો મુખથી વચન,
સાંભળ વાત મારી કામન; મુને વરસ થયાં છે બાર, દેશ
મુકયો ને આવ્યો આહાર. ૨ હુવે જાવું મારે ત્યાંહાં, પ્રભા-
વતીને તું સમજાવ; તારી ઉપર રાખે છે ભાવ. ૩ ત્યારે
બોલી કુળવંતી નાર, તમે સાંભળો મારા ભરથાર; મને પણ
સાંભરે મારી માએ, દશ વરસ વહીને જાય. ૪ પછી રજ-
ની વીતી તતકાલ, એટલે થયો પ્રાતશકાળ; ત્યાં આવી પ્ર-
ભાવતી નાર, બીજી આવીની ઘાંચીની કુમાર. ૫ કુળવંતી
બોલીરે વચન, સાંભળો પ્રભાવતી કામન; સાંભળ તું ઘાંચી-
ની કુમાર, એક ઉપજ્યો છે મન વિચાર. ૬ આપણે કહીયે
જે હાસ્ય વચન, દુઃખ ઉપજ્યું તેનું મન, સ્વામી ચીંતા
કરે છે અપાર, આંખે ઝરે છે આંસુની ધાર. ૭ તેને સાં-
ભરે છે માતને તાત, પછી સરવે માની વાત; પ્રભાવતી
બાળ તું વચન, તુતો શુણુ ભદ્રસેનની તન. ૮ સમજાવો
તમારો બાપ, સુખ થાયે ને ટળે સંતાપ; આપણુ આવું

સાસૂરે જાણુ, ત્યારે પ્રભાવતી બોલી વાણુ. ૯ સાસરે જાય છે સઉ નાર, એમ ચાહ્યો જાશ છે સંસાર; સમજાવું પીતાને સોએ, તેનો નકાર ન કરે કોએ. ૧૦ પુરવછાયા—તે દીવસ એમ વહી ગયો, સંધ્યાસમે નીરધાર; દરબારેથી આવીયા સુંદર જે કામદાર. ૧ આવીને ભો ’ન કરયાં, સુવા ગયો કામદાર. પ્રભાવતીના મહેલમાં, આવ્યો તેને ઠાર. ૨ પુષ્પે સજા પાથરી ઉપર પોઢયા જાણુ. મુખ ઝાંખુ ત્યાં દેખીને, બોલી મુખથી વાણુ. ૩ શા માટે તમે અણુમણા, કહો તે મુજને વાત; જેમ કહો તેમ હું કરૂ, ચીંતા ટાળો નાથ. ૪ ત્યારે સુંદર બોલીયો, તું સાંભળ રાજ કુમાર; દેશ મને બહુ સાંભરે, વરસ થયા બાર. ૫ તે માટે જાશુ સહી, પીતા દેશ મોઝાર; મન ગમે તો આવજો ચારે ભેલાં નાર. ૬ ચોપાઈ—તમે ચાર છો કામન, વાત આવે તમારે મન, અમે જાશુ અમારે ઘેર, દીવસ થયા ઘણા બહુ પેર. ૧ તવ બોલી પ્રભાવતી હાર, તમે સાંભળો મારા ભરથાર; જેમ કહો તેમ અમે કરીએ, વાત તમારી ચીતે ધરીએ; એક વાતનો કહીએ વિચાર, તમે સાંભળો માંરાા ભરથાર; કયો દેશને કયુ ગામ, કોણુ માત તાત લીયો નામ. ૩ કેમ નીસરયા છો પરદેશ, હજી છો તમે બાળે વેશ, તેતો વાત કહોને ખરી; અમે સાંભળીયે ચીત ધરી. ૪ પુરવછાયા—તવ સુંદર વળતો બોલીયો, સાભળરે તુ નાર, વાત માંડી કહુ તુજને, તેહ તણી વીચાર. ૧ કનકાવતી નગરી સહી, ત્યાં કનકકેતુ રા·

જન ચાર ભાઈ અમો ખરા, માનો સત્ય વચન. ૨ ચોપાઈ—પીતાએ કહ્યું ચારને વચન, કેને નશીબે જમોછો અન્ન તેતો કહોને સત્ય વચન, તમારે નશીબે જમીએ અન્ન ૫-છે મુજને પુછ્યુ રાજન, કેને નશીબે જમે તુ અન્ન, ત્યારે મન કરયો વીચાર, જુઠુ નવ બોલું લગાર. ૨ ત્યારે બોલ્યો વચન સાક્ષાત નશીબ કરે તે સાચી વાત. એમ બોલ્યો હું નીરધાર, જેણે જન્મ દીધો સંસાર, ૨ ઇશ્વર પુરે સર્વને અન્ન, પીતા માનોને મુજ વચન. ૩ પુરવછાયા—વાત એવી સાંભળી. રાજાને ચઢી રીસ; કાહાડો એને વન વીખે, નહી-તર છેદીશ શીશ ૧ માટે ત્યાંથી નીસરયા આવ્યો રતન નગરી માંહે. રાજા ખરો. પીતા કુળવંતીના ત્યાંય. ૨ ઘણા દીવસ ત્યાં રહ્યા, આવ્યા આણે ઠામ તે પછે વજીર થયો કરયુ રાજાનુ કામ ૩ બીજી વાત જે નીપજી, તે સર્વે જાણો નાર. જાશુ અમારા દેશડે; સત્ય કહુ નીરધાર. ૪ ચોપાઇ—એમ વાત કહી કામન, મુખથી બોલ્યો છે બામન. તમે સાંભળો મારી વાત, જઈ સમજાવો મારા તાત. ૧ હાસ્ય વીનોદ કરે કામદાર, આવ્યા કુળવંતીને દ્વાર કુળવંતી બોલી મુખ સાર તમે ભલે આવ્યા ભરથાર. ૨ તવ બોલી છે રતુકાર, વીચાર શું કીધો નર નાર એમ આગળ કહો તે વાત, તમે સાંભળો મારા ભ્રાત, ૩ પુરવછાયા—સુંદર વળતો બોલીયો, સાંભળ તું રતુકાર; દેશ આપણે કીયો, થયાં વરશજ બાર. ૧ હવે ત્યાં જાવુ સહી, કીધો એ વીચાર

વચન એવાં સાંભળી રાજી થઈ રતુકાર. ૨ કુંગીતંતી વાતુ કહે, સાંભળો મારા સ્યામ વહેલા થઈને પરવરો, કરવું વહેલું કામ. ૩ પછે ભોજન કરી નીસરયા, આવ્યા રાજ દુવાર. ભદ્રસેન એમ બોલીયા ભલે આવ્યા કામદાર. ૪ બે ઘડી બેઠા સહુ, તવ દીઠું ચંચલ મન; ઝાંખું મુખ દેખી કરી; તવ બોલ્યા રાજન. ૫ ચોપાઇ—ત્યારે મુખથી બોલ્યો રાજન, ઝાંખુ મુખ દેખી પ્રધાન. જે વાત હોય તમ રૂદે, તેતો સાચુ તુ અમને વદે. ૧ ત્યારે સુંદર બોલીયો તેણીવાર, સાંભળો રાએ કહુ વીચાર, અમારે જવું છે ભોજન, હવે જવાનુ થયું છે મન, ૨ બાર વરસ અમને વહી ગયાં, માટે હવે નવ જાએ રહ્યાં, સાચુ તમને કહુ છુ રાય; હવે અમને કરો વીદાએ, ૩ ત્યારે રાજા બોલ્યા સુખ ઘણુ, સાંભળ સુંદર ચતુર સુજાણ; તમ વીના અમને નવ રેહેવાએ, ઘડી એક વરસ સોની થાય. ૪ અહી તમે ભોગવો રાજ, ત્યાં ગયાનુ શુ છે કાજ થનાર હશે તે દેશુ થવા, પણ નહી દઉં તમને જવા, ૫ ત્યારે સુંદર બોલ્યો સાર, અમને વરસ થયા છે બાર. હવે સીખ દીઓ રાજન, તમને છેલુ કહુ વચન. ૬ પુરવછાયા—રાજા હશીને બોલીયો. જોર તણુ નહી કામ; ચાર દીવસ ર રહો તમો, આ પણ તમારૂં ગામ. ૧ તવ જુહાર કરીને ઉઠીયો, સુંદર તેણીવાર; વેગે ચાલી આવીયા, પોતા કેરે ઠાર. ૨ ચોપાઇ—સુંદર આવ્યો પોતાને ઠાર, ત્યારે બોલી રતુકાર; કહો શું

બોલ્યા રાજન, તેતો કહો અમને વચન. ૧ પછી બેડી ચારે કામન, બોલી સાકરબાઈ ભામન; તમે સાંભળો મારા કંથ, કેમ જાવાનુ કોછો પંથ. ૨ ચારેનુ જ્યારે માન્યુમન, આપણા દેશ જઇએ કામ; તવ બોલી વણીકની બાળ, તમે ગમે તે કરો તતકાળ. ૩ તઈયારી કીધી કામદાર, ચારે નારી થઈ તઈઆર; તેડુ આવ્યું રાજનુ સાર; મેહેલ પધારો તમે કામદાર. ૪ તમ વીના ન સુજે લગાર, છેતો માનો સાચુ નીરધાર; કટક સજાઇ કરોને ઘણી, ખરચી લ્યો રૂપઇઆ ગણી; પહેરામણી ઘણી કીધી રાએ, સુંદર ચાલવા તતપર થાએ; સાથે સેન તણો નહી પાર, રથ તઈયાર કરાવ્યા સો ચાર. ૬

પુરવછાયા—દુદુંભી વાજાં ગડગડાં, નકી પોકારે લલકાર; સેનચડી તઈયાર થયું, રાય આવ્યો તેણીવાર. ૧ સુંદર ઉડયો તરાણુ, રાજાને દેતો માન: હલ હલ કરીને ઉડીયો, અસ્વાર થયો પ્રધાન. ૨ સેન સરવે નીસર. નગર બહાર તે વાર; પાછળથી વળી આવીયાં, રાજા ને વળી કામદાર. ૩ હળીમળી પાછા વળ્યા, વળ્યા માંજન ને રાયે; બધાય ત્યાંથી પરવર્યા, [illegible] મજલે જાખે. ૪

ચોપાઈ—દીન સાત થયા તેણીવાર, આવ્યા રતનપુરીમાં સાર; કુળવંતીનો તાત છે જીડાં, આવી તંબુ દીધો તાંહાં. ૧ ત્યારે જાણુ કુળવંતી નાર, મારે પીયેર આવ્યા કામદાર; રતનસેને સાંભળી વાત, કોઈ આવ્યો પૃથ્વીનો નાથ. ૨ એના કટકતણો નહીં પાર, હવે શું કરવું કામદાર; રાજપુત્ર બોલ્યા વચન, મોટા ભુપ નમા-

આ રાજન. ૩ આપણે પણ નમીએ રાજન, તેજપાલે કહ્યું વચન; એક અશ્વ કરો તંઇયાર, તેને શણગાર્યો તેવાર. ૪ સુવરણ થાળ તે લીધો જ્હાંહી, ભરયા હીરા રતન તે માંહે રાજા પાલો થયો તેણીવાર, ધન લઈને ચાલ્યો કામદાર. ૫ આવ્યા સામા ચાલી રાજન, ત્યારે વીચારયુ મન; એને મળુ આનંદ ભેર, પછી જાણશે સઘળી પેર. ૬ પુરવછાયા– એ પીતા કુળવંતી તણા, તેને દઇએ માન; એટલે આવી ને મળ્યા, રતનસેન રાજન. ૧ રતનસેન જાણે નહી, સુંદરછે કામદાર; ત્યારે બાર નીસરી, પોતે તે રતુકાર. ૨ પીતાજી આવો અહી, તેડ તમારી બાળ; રતુકારને દીઠા સહી, વીસ્મય થયો ભુપાળ. ૩ બાપ દીકરી બંને મળ્યાં, હઇયાં ફાટે તે રોય; ચોપટ સઘળી જોઈ રહી, ટગમગ ઊસી જોએ. ૪ ચોપાઈ–પછી કુળવંતી બોલી વચન, તે માત્રને મળો રાજન; પછી મળ્યા સસરો જામાત્ર, એમ કુશળની પુછી વાત, શહેરમાં આવ્યા રાય, સસરો જમાઈ આગળ થાય; તેજપાલ ચાલ્યો પ્રધાન, તેણે તો ઘણાં દીધાં માન. ૨ આવ્યા આવ્યા નગર મોઝાર; હરખ પામ્યા સઉ નરને નાર; પછી ભોજન કરાવ્યાં રાજન, દીધાં લશ્કરને ભોજન. ૩ પ્રધાન ફરે નોતરે, નગર આખુ ત્યાં ભોજન કરે; પછી થયો ત્યાં સંધ્યાકાળ, જમી રહ્યા બાળગોપાળ. ૪ પછી દરબાર કચેરી મળે, પાસે ચોશટ દીવા બળે; બંદીજન ત્યાં કરે વખાણ, ભલો ભલો તું સુંદર રાજન. રત્નસેન સહુ

રાજી થાય, ભલે આવ્યા તમે સુંદર રાય, મારા ભાગ્ય તણા નહી પાર, આજ સફળ થયો અવતાર. ૬ કુળવંતી સુતી હીડાળે, તેને દાશીઓ વાયુ ઢાળે, પ્રભાવતી સુતીરે પલંગ, વણીક પુત્રી ભેળી સંગ. ૭ સુતી ધાંચા કેરી બાળ એમ સુતી સ્રી ચાર, પછી સુતો સુંદર પાસ, સર્વેને ઘણા ઉલ્હાસ. ૮ પછી રાજા કેનની પેર, તમને પ્રભુએ કીધી મેહેર; કેમ પરણ્યા ચાર કન્યાય, તેતો વાત કરોને રાય. ૯ સુંદર બોલ્યો ધરતો લાજ, જાણુતાં પ્રભુએ કીધું કાજ; ઝાઝી વાતમાં પુછો રાય, એમાં થનાર હોય તે થાય. ૧૦ ત્યારે રાજા સમજ્યો મન, પછી બોલ્યા નહી વચન; રાજા મુખથી એમજ બોલે, સુંદરને કોઈ ના આવે તોલે. ૧૧ પુરવછાયા—તે રજની એમ વહી ગઈ, થયો પ્રાતઃકાળ; મુખ મંજન કીધું રાયજી, સમરયા શ્રી ગોપાળ. ૧ પછી સભામાં આવીયા, સુંદર રાજા જાણ; બંદીજન ત્યાં આવીયા તે કરતાં બહુ વખાણ. ૨ ભાટ ચારણ ગુણ ગાંધરવ, બોલે જય જય કાર; સઉને દાનજ આપીયાં, તે હરખ અપરમપાર. ૩ ચોપાઈ—બહુ હરખ પામ્યો ત્યાં રાય, આશોગી મન રાજી થાય. ૧ દીધાં મુખવાસ એલચી પાન, પાશે બેઠા રાજા પ્રધાન; પછી પંડયાને તેડયા જાણ. સુંદરે ઉઠી કરયો પ્રણામ. ૩ આગતા સ્વાગતા કીધી જાણ, સુંદર બોલ્યો ત્યાં આપો મોહોર તે એક હજાર; પડયો હરખ પામ્યો અપાર. ૪ પુરવછાયા—આશીશ વચન પંડયે કહ્યું,

ચીરંજીવી તું રાય; એમ કહીને સંચરયો, પોતાને મંદીર જાય. ૧ સુંદર આવ્યો મોહાલમાં, કુળવંતી તેડી સાર; આપણુ હવે ચાલશુ, થાવો તમે તઇયાર. ૨ એમ કહીને પાછો વળ્યો, આવ્યો સભા મોઝાર; રાવત રાવ બેઠા સૌ, તેણુ કરયો જુહાર. ૩ ચોપાઇ—તે દિવસ એમ વહીને જાય; સંધ્યાકાળની વેળા થાય; રાય બોલ્યો મુખથી વાણુ, ચાલો મંદીરમાં નીરવાણુ. ૧ પછી આવ્યા પોતાને દ્વાર, ભોજન કીધાં તેણીવાર; મળી બેઠા રાજન, ત્યારે સુંદર બોલ્યો વચન. ૨ અમને શીખ આપો તમે રાય, અમને દિવસ તે ઘણા થાયે; રાય બોલ્યા મુખથી વાણુ, તમે સાંભળો ચતુરસુજાણુ. ૩ ચાર દીદસ તમે રહો રાય, ધન ઘડી ધન વેળા કહેવાય; ત્યારે સુંદર બોલ્યો વચન, સેન ઘણુ ભેલું છે રાજન. ૪ નહી રહેશુ અમે અધ ઘડી, ત્યારે રાજા બોલ્યો વળી; એમાં જોર તણુ નહી કામ, સુખે પધારો તમે રાજન. ૫ તે પણ રજની વહીને જાય, સવારે સામગ્રી થાય; પરો કદ મંગાવ્યા સાર, ત્યાંતો દાસી તેડયા અપાર. ૬ ઘાટ બંગાલી સાયટા જેહ, પેરામણી કીધી તેહ, કરયા રાજી તે અપરમપાર. થઇ રહયો ત્યાં જય જયકાર. ૬ પુરવછાયા—પેરામણી કીધી બહુ વીધની, પાંચ શત આપ્યા તો ખરા; ગજરથ આપી પાલખી, આપ્યા ગરથ ભંડાર. ૧ સોલ શણગાર આપ્યા પુત્રીને, હીરા રતન જડાવ; વસ્ત્ર અનુપમ આપીયાં, આપ્યા નવસેર

હાર. ૨ પુત્રી ચાલી પ્રેમશું, સુંદર થયો અશ્વાર; સેન અન્ન ધન ચાલીયું, તેહ તણો નહી પાર. ૩ રતુકાર બેલી સંચરી, બીજી દાસી અનેક; સુંદર વળતો બોલીયો, રજા કરોને વક.

૩ ચોપાઈ—હુવે રાજા વળાવવા જાય; નીશાન વાળો આગળ થાય; તેજપાલ બેલો કામદાર, વળાવા જાએ નરને નાર. ૧ સૌ આવ્યા એક જોજન, પડી રાત ત્યાં કીધુ ભોજન; તંબુ ઉભા કીધા તે સાર, રાતે સુખીયાં થયાં નરને નાર. ૨ વીતી રજનીને ઉગ્યો દન, શીખ માગી ત્યારે રાજન; પછી વળાવ્યા કુટુંબ પરીવાર, સર્વ સુંદરને કરે જુહાર. ૩ શીખ માગીને વળીયા જેહ, હરખ પામે સુંદર તેહ; વજડાવીયાં તે ઢોલ નીશાન, માગણ જન કરે બહુ વખાણ. ૪ જેટલા આવે આડા દેશ, ધન આપી નમે નરેશ; ખટ માસ એમ વહીને જાય, કનકાવતીએ પહોત્યા રાય. ૫ ત્યાં છે કનકસેન નરેશ, તે તો ખોઈ બેઠા છે દેશ; ગામ એક રહ્યું છે સાર, તેમાં રહે છે બાળગોપાળ ૬ બીજા પોતાના જે છે દેશ, ઝુંટી લીધા અન્ય નરેશ; જેના ભાગ્યમાં હતુ રાજ, સુંદર કહાડી મુકયો માહારાજ. ૭ દુરબુધી આવીરે રાજન, તેને કીધો ઘણો અભીમાન; જે પ્રાણી કરે, તે તો નીશ્ચે ભુખે મરે. ૮ અભીમાન રાવણે કીધ, રામે મારીને લંકા લીધ; ગરવ કીધો તે દુરજોધન, તે તો પામ્યો ઘણો વીઘન. ૯ સત ભાઇ તેને કહેવાય, તેતો મુળ સમુળાં જાય; અરજુને કીધો અભીમાન, તેને દુભ્યા શ્રી ભગવાન.

૧૦ રાજપાટ તે ખોયું રાય, બાર વરસ માહા દુખીયા થાય; પછી ઊગારયા ભગવાન, માટે નવ ધરવું અભીમાન. ૧૧ અભીમાન સમુદરે કીધ, અગસ્તે આચમન કરી લીધ; એમ જે કરશે અભીમાન, તેમાં ડુભાએ શ્રી ભગવાન. ૧૨ પુરવછાયા—અભીમાન કીધુ રાયજી, તો ગયુ નીજનુ રાજ; સુંદર જો આવી સહી, તો રૂડુ થાયે કાજ. ૧ સુંદર આવ્યો સીમમાં, તવ રાજા કંપ્યો મન; એક ગામ છે માહરે, તે જાશે જગજીવન. ૨ હવે હુ તો શું કરૂ, કરૂ કોણુ ઉપાય; ધન મુજને મળે નહી, શું આપુ લાગુ પાય. ૩ સુંદર પુત્ર મેં કાઢીયો, કરમી હુતો જેહ; ત્રણે પુત્ર અભાગીયા, દુખ બહુ પામ્યો તેહ. ૪ ચોપાઇ—સુંદર પુત્ર હતો હાંશીયાર, તેને કાઢતો વન મોઝાર; એ હોય તો લીએ કોણ નામ, પુરે મનડા કેરી હામ ૧ ત્રોટક—રાજા કરે છે બહુ રૂદન, લાઠકવાયો મારો તન; તે તો વળી મેં કાઢીયો વન, પુત્ર ખોયો મેં હાથથીરે. ૧ સુંદર પુત્ર જો માહરો હોય, તો મુને ગાંજી શકે ન કોય, એમ કહી રૂવે રાજન પુત્ર, ખો-યો મે હાથથીરે. ૨ સુંદર મારો પ્રાણ આધાર, હવે હું જીવું નહી લગાર; નીશ્ચે મારૂ પેટ કટાર, પુત્ર ખોયો મે હાથ-થીરે. ૩ રાજા મુખથી બોલ્યો વાણ. હવે હું કાઢુ મારા પ્રાણ બીજુ આવે ઓશાણ, પુત્ર ખોયો મે હાથથીરે. ૪ કટક આવ્યું મારે ગામ, તેતો મારૂં લેશે નામ, તે માટે મરૂં આ ઠામ, પુત્ર ખોયો મે હાથથીરે, ૫ એમ કહી કાઢયો કટાર, હવે મરૂં આણે

દાર; હાથે જઇ વળગ્યો કામદાર, ધીરજ ધરો મન લગાર. પુરવછાયા—પ્રધાન વાણી બોલીયો, સાંભળરે રાજન; કરો ઉપાય તમને કહું, ધીરજ રાખી મન. ચોપાઇ–તમે ધીરજ રાખો મન, એક અશ્વ લીયો રાજન; તેને શણગારો રૂડી પેર, પુજા સામગરી લીયો ઘેર. ૧ પાળા થઇને નીશરો બાહાર, સાથે બાંધવા નહી હથીઆર; કાચે સુતરે બાંધો હાથ, નહી બોલે પૃથ્વીના નાથ. ૨ પછી તે કરરો ઉપાય, એમ રાજા મળવા જાય; ભેગા ચાલ્યા રાજા પ્રધાન, આવ્યા લસકરને મુકામ. ૩ આડા ઉભા છે છડીદાર, તેણે ઉભા રાખ્યા તેણે ઠાર. ખડે રહે ભાઈ અહીં; હુકમ નહી ખાવિંદકા તહી. ૪ સુંદર પાસે ગયો છડીદાર, કોઇ આયા હે તંબુ બાહાર; તેણે કહી મુખથી વાત, કંઇ હે પૃથ્વીના નાથ ૫ ભેલા બનીયા હે અપાર, સુખે ખડા હે તંબુ બાહાર; જેસા હુકમ કરો તમ રાય, ત્યારે સુંદર વીસ્મે થાય ૬ સુંદર ઉઠીઓ તેણીવાર, હાથ જોડ્ય છોડયાં હથીયાર. પીતા પાસે આવ્યો તન, નીર વહેને કરે છે રૂદન. ૭ રાજા આવ્યો તંબુ મોઝાર, આવી સુંદરને કીધો જુહાર; સુંદર સામો આવ્યો તાંહ, રાજા વીસ્મે પામ્યો મન માંહે ૮ પુરવછાયા–રાજા ત્યાં વીસ્મે થયો, જે આતો સુંદર તન; જોતાં આંસું આવીયાં, ભલો તું જગજીવન. ૧ સુંદર વળતો બોલીયો, ઓળખોછો મારા તાત; હું તો પુત્રજ તમ તણો, સાંભળો મારી વાત.

૨ ચોપાઈ—રાજા મન થયો રળીયાત, થઇ બેઠો પુત્રની સાથ; હરખે આંસુ આવે જેહ, ભાવે કરીને ભેટયો તેહ, ૧ પછી આવ્યા તે નગર મોઝાર, સરવે ઘોડે થયા અસ્વાર; ત્યાંથી ચાલી આવ્યા ગામ માંહે, માણુસ મળીયાં જોવા ત્યાય. ૨ નગર તણી નારી શોએ, તેતો ઉભી સુંદરને જોય ભલે આવ્યા તે રાજકુમાર, એમ કહે સઉ નર નાર. ૩ સુંદર આવ્યો રાજદુવાર, આવી માતાને કીધો જુહાર, ભાઇ ભોજાઈ ભેટયાં જાણુ, ભેટી રૂદન કરે પરમાણુ. ૪ માતા રૂદન કરે છે અપાર, નઇણે આંસુ વહે ચોધાર; સુંદર તેને દીયે છે ધીર, આપણે સાહ્ય થયા જદુવીર. ૬ ચારે વહુઅર લાગે પાય, સાસુને મન હરખ ન માય; મધ્યાન કાળ થયો જેટલે, ભોજન વેળા થઈ તેટલે. ૭ લશ્કર આખુ ભોજન કરે. રાજા હરખ તે મનમાં ધરે; ભોજન કીધુ સુંદર રાય આનંદ ઓછવ ત્યાં બહુ થાય.

પુરવછાયા—ઘણા દીવસ એમ વહી ગયા, સુંદર બોલ્યા વચન; આપણાં નગર જે હતાં, તે કોણે લીધાં રાજન. ૧ ત્યાં રાજા વળતો બોલીયો, તું સાંભળ મારી વાત; કેટલાક ઘરાણે મુકયા સહી, વરસ થયાં છે સાત. ૨ કેટલાક લુંટી લઈ ગયા, બળીયા હતા જેહ: હવે તમે તો આવીયા, રૂડુ થાશે તેહ. ૩ સુંદર વળતો બોલીયો, ઘરણે મુકયાં સાર; ધન આપીને તેહને, પાછાં લ્યો નીરધાર. ૩ જેની પાસે મુકીયાં, તેને તેડાવ્યા જાણુ: આવીને ઉભા રહ્યા, બોલ્યા મુખથી વાણુ. ૪ લેખુ હોય તે કીજીએ

હયોની તમારાં ગાય; ધન અમારૂં આપીએ, એમાં નહી ઘણું કામ. ૫ લેખાં કિધાં ત્યાં સહી, ધન આપ્યું અપાર; જેના જેટલા દોકડા, દીધા રાજકુમાર. ચોપાઇ—દોકડા આપીયા તે પ્રધાન, ધન ધન સુંદર રાજન; સુંદરને આ· નંદ મન માંહે, ધન આપીને લીધાં ત્યાંહ. ૧ બીજા ગામ ગયા ત્યાં સાર, જુધ કરીને લીધાં તેણીવાર; આ સુંદર જેવો ન કોઇ, સઉ રાજી હોય. ૩ એમ વઇતાલ કહે સુણો રાય, એતો હરી પુજાના ફળ થાય; જેણે વીપ્રને આપ્યાં અન્ન. જેણે નાતને કરાવ્યાં ભોજન. ૪ રૂડાં તીર· થ કરે નર કોઇ, એતો હરી પુજાનાં ફળ હોય; ઘોડા હસ્તી બાંધ્યા દ્વાર, મોટા પુત્ર કરે વહેવાર. ૫ પરીવાર રાજાનો સરવ, તેનો ઉતારયો મનનો ગરવ; પછે સોંપ્યું સુંદરને રાજ, કનકસેન સમરે જગરાજ.

૬ પુરવછાયા—રાજ સોંપ્યું અતી રીજશું, સુંદરને તે વાર, સજન સહોદર હરખીયાં મનમાં અપરમપાર. ૧ સુંદર કથા રળીઆમણી, શુણજો રાખી ભાવ. મન ઇછીત ફળ પામશો, આ જગમાં શુભ લાભ; ૨ શ્રોતા વકતા સાંભળો, કહે કવી કર જોડ; રાત દીવસ મુખથી વદો, જય જય શ્રી રણછોડ. ૨ ધીરજ ધારે મન વીષે, તેનો બેલી રામ; મુખ થકી નવ મુકવું, ઉત્તમ હરીનું નામ. ૪ સુંદર જે પામીયો સુખ, પરમેશ્વર પ્રતાપ; સજન સર્વે સમજો, મુક્તી થશે સો પાપ. ૪

સમાપ્ત.

મનોહર નવીન નવલકથાઓ.

રા. નારાયણ વિસનજી ઠકકરકૃત રસિક નવલકથાઓ.

આજકાલનું હિંદુસ્તાન અથવા પ્રાણહાકર મૃગજળ–ભાગ ૧–૨

ચાલુ સમયમાં ચાળતા નિંદ્ય સુધારા. ગાડીવાડીના વૈભવ ખાતર ગમે એવા શ્રીમંત પતિ મેળવવાની લાલસા, શ્રીમંતોનાં મૃત્યુ સમયે થતાં દીલના કલ્પનામાં પણ ન આવે એવા બનાવોથી ભરપૂર નવલકથા. પ્રણયકશન, વિકાર અને વિવેક, સુધામાં હલાહલ, શરીફ બદમાશોની ટોળી સત્યનિષ્ટ, સાહસ, ભયંકર પ્રપંચજાળ નિસાચરોનો, ગૃહપ્રવેશ, ગુલાબની પ્રેમપત્રિકા, વગેરે પ્રકરણો વાંચતાં તમે જુની આંખોએ નવીન તમાશો જ જોઈ શકશો. પૃષ્ટ સંખ્યા લગભગ ૩૨૦, [હરેક ભાગમાં ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો બન્ને ભાગનું પાકું રૂપેરી પૂઠું. છતાં કિંમત હરેકની ૧–૮–૦ કુલ રૂ. ૩)

ભયંકર ભદ્ર અથવા કેવળ ૨૪ વર્ષના ક્ષણભંગુર સંસાર માટે—આ સંસારના ક્ષણભંગુર ભોગવિલાસની લાલસાથી મહત્વકાંક્ષાના પ્રવાહમાં તણાઈને ક્ષુદ્ર માનવી પિશાચના દાસત્વને સ્વીકારીને આ જગતમાં કેવાં કમકમાટી ઉપજાવનારાં કુકૃત્યો કરે છે. અને જ્યારે પિશાચની નરકકર્ત્તામાં પડવાનો પ્રસંગ તેમનાં

નેત્રો સમક્ષ આવીને ઉભો રહે છે તે સમયે તેમની કેવી દયાજનક દુર્દશા થઈ જાય છે એનું જો તાદૃશ્ય શાબ્દિક ચિત્ર જોવું હોય તો તે કેવળ આ અદ્ભુત નવલકથામાં જ દેખાશે મ્હોટી સાઈઝનાં પૃષ્ટ ૩૭૦, રૂહેરી નામ તથા પાંચ સુંદર ફોટોગ્રાફિક ચિત્રો વાળી આ નવલકથાની કિં. માત્ર રૂ. ૨) છે. પો. માફ.

નાદિરનો દોરદમામ અથવા બાહુબળનું પરિણામ--સ્વર્ગવાસી અમૃત કેશવ નાયક તથા વિદ્યમાન ઠક્કુર નારાયણ વિસનજી કૃત એક સાધરણ સિપહી તરીકે ઈરાનના સૈન્યમા દાખલ થઈ ધીમે ધીમે આગળ વધી અંતે છળપ્રપંચ તથા અદ્વિતીય બાહુબળથી ઈરાનના બાદશાહ બની બેઠેલા અને ત્યાર પછી હિન્દુસ્તાનમાં આવી દિલ્હીમાં 'કત્લેઆમ' ચલાવી દિલ્હીની મૂગલિયાત 'શહેનશાહના' પાયાને હમ્મેશને માટે ઢીલો કરી જનાર. નાદિરશાહનું જીવનચરિત્ર આ ગ્રંથમાં એટલું અને એવું ઉત્તમતાથી વર્ણવાયું છે કે જાણે એક ઉત્કૃષ્ટ નવલકથા વાંચતા હોઈએ તેવો જ ભાસ થાય છે. કિંમત રૂ. ૨-૮-૦

મારી ભયંકર સંસારયાત્રા અથવા એક નિરાધાર અબળાનો આર્ત નાદ! આ સામાજિક નવલકથામાં સંસાર વ્યવહારમાં પ્રચલિત થઈ પડેલા કેટલાક વિષયોનું એવી શાસ્ત્રીય

દ્દષ્ટિથી અવલોકન કરવામાં આવ્યું છે. કે, જેમાંથી ઘણું શીખવાનું મળી શકે તેમ છે. બાળવિધવાની હિન્દુ સમાજમાં કેવી શોચનીય સ્થિતિ છે, લગ્ન કોને કહેવાય છે. પુનર્લગ્નની ઉત્પતિ કેવી રીતે થઈ છે, જ્ઞાતિ હિત કેવી રીતે શાધી શકાય તથા જ્ઞાતિના શેઠીઆઓને કેવી રીતે થઈ દૂર કરી શકાય આદિ અનેક ઉપયોગી વિષયોની ચર્ચા આ નવલકથામાં ઘણી રસિકતાથી કરેલી છે, પૃષ્ઠ સંખ્યા લગભગ ૪૫૦ પાકું રૂપેરી પુઠું. છતાં મૂલ્ય માત્ર રૂ. ૨–૮–૦

૨૧. ચુનીલાલ વર્ધમાન શાહકૃત રસિક નવલકથાઓ.

લતા અને લલિતા ભાગ ૧–૨–૩–૪ લતા અને લલિતા એબ્હેનો હોવા છતાં જુદા જુદા રંગઢંગમાં અને જુદા જુદા સ્વભાવની માતાઓના સહવાસમાં ઉછરવાથી તેમનામાં જે ફરક જોવામાં આવે છે તેનું દિગ્દર્શન આ નવલકથામાં કરી શકાય છે. અંગ્રેજી કુમારિકાના પ્રેમદર્શનથી હિંદુ છોકરી ઉપર કેવી અસર થાય વ કેળવાયેલા પુત્રને ચોક્કસ કુમારિકા સાથે પરણવાની ફરજ પાડનાર પિતા તેનું કેવું માઠું પરિણામ મેળવે છે અને રાજવંશીઓમાં કેવી કેવી ભિન્ન ભિન્ન પ્રકૃતિઓ જોવામાં આવે છે એનો ઉત્તમ ચિતાર આપેલો છે વાર્તાનાં દરેક ભાગ અત્યંત રસિક છે અને ચારે ભાગોમાં સુંદર ફોટોગ્રાફિક ચિત્રો આપવામાં આવ્યાં છે. સુંદર છપાઈ, ઊંચા કાગળ, પાકું સોનેરી સુશોભિત પુઠું, દરેક ભા·

ગનાં પૃષ્ઠ ૨૦૯ કિંમત દરેક ભાગની ૧--૦ મુજબ ૪-૮-૦

કશ્મીર અને કેસરી (બીજી આવૃત્તિ)-રણજીતસિંહને અફગાનો સાથે ઘણીવાર ઝપાઝપી થઇ હતી અને કાશ્મીર પ્રાન્તને માટે તો ચાર સવારીઓ લઇ જવી પડી હતી. જેમાં છેલ્લી સવારીમાં વિજય પ્રાપ્ત થયો હતો, અને તે વિજય એટલો તો દઢ હતો કે પુનઃ અફઘાનો રણજીતસિંહના જીવનકાળ પર્યંત કાશ્મીર સામે ઉંચું માથું કરીને જોઇ શકયા નહોતા. આ વાર્તાનું એક પ્રકરણ વાંચવાને વાંચકની મનોવૃત્તિ ઉશ્કેરાતી જાય તેમ છે. પૃષ્ઠ ૨૫૦ પાકુ પુઠું કીં. રૂ. ૧-૦-૦

નોકરીનો ઉમેદવાર સચિત્ર સાંસારિક નવલકથા-અંગ્રેજી ભણેલો એક ગરીબ યુવક નોકરીની શોધમાં ફાંફાં મારતાં જે અથડામણમાં પડે છે અને જુદા જુદા સ્વભાવમાં શેઠ શેઠાણીઓના સહવાસમાં આવીને અનેક લાલસા, ધર્મભ્રષ્ટતા વગેરેની વચ્ચે આવી પડવાથી અટવાયા કરે છે તેનું આ ચિત્ર અત્યંત બોધક અને રસીક છે. મુલ્ય રૂ. ૧।

પિશાચ મંદિર ભાગ ૧-૨-આ નવલકથા એટલી તો હૃદયગ્રાહી અને ચમત્કારી છે કે પૃષ્ઠે પૃષ્ઠે જીજ્ઞાસારસની જાણુ કે સરિતાજ વહેતી હોય એવો સહજ ભાશ થયો છે વળી ગુજરાતી વાંચકોને વાંચવામાં વિશેષ સરળતા પડે એ માટે પ્રયોકે મુળ

અંગરેજી વસ્તુસંકલનાને ઘણી કુશળતાથી ગુજરાતીમાં ઉતારી છે; આમ હોવાથી વાંચતાં બિલકુલ કંટાળો ઉપજવાનો ભય છેજ નહિ. અરણ્યમાં અત્યાર, કિલ્લાનો ગુપ્ત ભેદ, ભયાનક યંત્ર, કેદમાં સપડાયેલી કુમારીકા, શ્વેત આકૃતિ, ચક્રયંત્રવાળું ભોંયરૂં, પ્રેમમંદિર કે પિશાચમંદિર ? વગેરે પ્રકરણો વાંચતાં ખાહાર નિદ્રાનું સર્વથા વિસ્મરણ થઈ જાય તેમ છે. આ નવલકથાના દરેક ભાગમાં ફોટો બ્લોકોનાં પાંચ પાંચ મનોહર ચિત્રો આપેલાં છે. બન્ને ભાગ જુદા બાંધેલા છે. પાકુ પુઠું, બન્ને ભાગ પૃષ્ઠ ૬૦૦ છતાં કિમ્મત દરેક ભાગની રૂ. ૨) મુજબ કુલ રૂ. ૪

ભાગ્યચક્રનો મહામંત્ર આ સચિત્ર નવલ કથામાં એક કેળવાયેલી બાળા પ્રભાવતી અને તેનાં અવિવાહિત પતિ સુમિત્રનો કૌમાર અવસ્થામાં પરસ્પર પ્રેમ છે; પરંતુ ભાગ્યચક્ર વિલક્ષણ હોવાથી એ બાળાના પિતાનું એકા એક ખુન થાય છે. એ સંબંધમાં અનેક ઘટનાઓ આ નવલકથામાં દર્શાવેલી છે પૃષ્ટ ૪૦૦ મુલ્ય રૂ. ૧—૭—૦

મધુર મધુરી અથવા **મુંબઈની મોહીની**—

અલબેલી, મુંબાઇની આકર્ષણીય મોહિનીનું દિગ્ગદર્શન કરી તેમનાં કામબાણની વિલાસી યુવકો ઉપર કેવી રામબાણ અસર થાય છે, અને પરનારીના પ્યારથી તેમની કેવી

પાયમાલી તેમજ ખાનાખરાબી થાય છે, એક આદર્શ આર્ય અબળાનું શું કર્તવ્ય છે, વફાદાર મનુષ્ય આત્મત્યાગનું ઉત્તમ દ્રષ્ટાન્ત કેવી રીતે દર્શાવે છે વગેરે રસમય અને ચમત્કારિક બનાવો ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો, સહિત કિંમત રૂ. ૧—૮—૦

૨૧. વ્રજલાલ જાદવજી ઠક્કર કૃત રસિક નવલકથાઓ

કંગાલ કેદી અથવા સ્નેહ—બંધન—ભાગ ૧—૨ આ નવલ કથામાં સુખદુઃખના પડછાયા સ્વામી સ્નેહ જ્યોતિનું આદર્શ સાધુજીવન અને દૈવી પરોપકાર, હતભાગ્ય રંગનાથની સ્થિતિનું અને જીવનનું કલ્પના પણ ન કરી શકાય એવું અસંભવિત પરિવર્તન, પોલિસ અમલદારોની નિષ્ઠુરતા, સંપત્તિનો સદુપયોગ નિરાધાર સ્નેહલતાના જીવનનો અકાળે આવેલો શોચનીય અંત, શાન્તિલતાના કષ્ટની પરિસીમા, અપુર્વ વાત્સલ્ય સ્નેહ, કૃષ્ણલાલનાં કુટિલ કારસ્થાન, શ્રીમંતોની શઠતા અને વિલાસપ્રિયતા, આદિ અનેક વિધ આકર્ષણીય ઘટનાઓથી પરિપુર્ણ. હરેક ભાગમાં ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો, ચીકણા સફેદ કાગળ, બન્ને ભાગનું પાકું રૂપેરી પુઠું; કીંમત ભાગ ૧ લો રૂ. ૧—૧૨—૦ ભાગ ૨ જો ૨—૦—૦

દગાબાજ દુનિયા આ નવલકથાની વસ્તુસંકલના એવી તો અદ્દભુત, પરંતુ સંભવિત છે કે, પ્રત્યેક પૃષ્ઠે વાંચકની જીજ્ઞાસા વૃદ્ધિંગત થાય તેમ છે પત્નીનું ગુમ મવું, રેલવે ટ્રેનમાં સંન્યાસીના મૃતદેહનું તણાઈ આવવું, સાધ્વી સતી નીર્મળાનો દર્દી અને આદર્શ સ્વામીસ્નેહ, સંન્યાસીના જીવનું ગુપ્ત રહસ્ય પાપનો પશ્ચાતાપ, સંતાનસ્નેહ. લોકચર્ચા અથવા ગામડાનું ગેઝેટ, ત્રચંડ નિહુાશા. ચોરને પોટલે ધુળની ધુળ આદિ અનેક રસિક, ચમત્કારિક અને બોધક વિષયોથી ભરપુર ચાર સુંદર ફોટોગ્રાફીક ચિત્રો, પાકું પુઠું રૂ. ૨-૮-૦

ભાગ્યદેવીની ભયંકરતા અથવા આદર્શ વિધવા નવલ કથા એક સર્વોતમ બંગાળી નવલકથાઓના અનુવાદ છે. આ નવલકથા સમસ્ત હિન્દુસ્તાનમાં એટલી બધી લોકપ્રિય થઈ પડી છે, કે તેનું અંગ્રેજી, હિન્દુસ્તાની વગેરે ભાષણમાં પણ ભાષાંતર થયું છે. ભાગ્યદેવીની ભયંકરતાથી એક કંગાલ દીનદરિદ્ર કુટુંબને કેટલું બધું દુઃખ વેઠવું પડે છે તેનો આ નવલકથામાં ઘણો જ કરૂણાજનક ચિતાર આપવામાં આવ્યો છે, ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો, કિંમત રૂ. ૧-૧૨-૦